જૂન, ૨૦૧૬

પાવન હૃદય

# દૂત

મૂળ સામયિકની સ્થાપના: ૧૯૧૧

વાર્ષિક લવાજમ રૂા.૧૫૦/-



"આવનારી પેઢી માટે પૃથ્વીને બચાવવી અને તેના ફળદાયિત્વને જાળવવું એ પ્રત્યેક માનવસમુદાયની ફરજ છે."

- વડાધર્મગુરુ ફ્રાન્સિસ

Knowledge Group

# KNOWLEDGE INSTITUTE OF TECHNOLOGY & ENGINEERING



Mr. Rajesh Chauhan - Chairman




## B.E. DEGREE IN

- COMPUTER ENGINEERING
- MECHANICAL ENGINEERING
- IT ENGINEERING
- AUTOMOBILES ENGINEERING
- CIVIL ENGINEERING

## FEATURES

- Reputed professional disciplined work culture for quality education.
- Complete syllabus coverage, contents beyond syllabus and for learning latest technological trends Renowned National Academician on academic Advisory boards of institutes.
- Experienced, qualified, competent and devoted faculties and skilled technical, non-technical staff.
- Effective teaching learning process and modern infrastructure.
- Continuous Assessment of student, teacher-guardian scheme and career counselling. Digital library, journals and periodicals, e-learning materials.
- Motivational and rewards to meritorious students, Special attention toward weak students and Industry Institute interaction cell, Training and Placement cell & Personality development cell.
- Wi-Fi, EPBEX, LAN and internet connectivity throughout the campus. Bus, canteen, sports facility for student and staff.
- Co-curricular and extra-curricular activities for technical and personnel development of students.
- Professional society activities and Entrepreneurship development cell for students.
- Expert guest lectures, industrial training tours, seminar, workshop for right aptitude development of students.

### KNOWLEDGE CAMPUS

Near S. P. University Sport Complex, Bakrol-Vadtal Road, Bakrol - 388 315, Ta. & Dist. Anand, Gujarat.
Phone No. : (02692) 239246, Fax No. : (02692) 239248, Mobile : 80000 50444
Website: www.kitetech.in Email Id : principal@kitetech.in

# પરિણયનાં પ્રેમભર્યા પચ્ચીસ વર્ષ



**લગ્ન તારીખઃ ૦૬-૦૬-૧૯૯૧**



**વ્હાલા મમ્મી-પપ્પા...**

પરિણયની રજતજયંતીએ લાખો શુભેચ્છાઓ... અમને સાચવવા બદલ... સુવિધાથી ભરપૂર જીવન આપવા બદલ... અમારે માટે સંઘર્ષ કરવા બદલ... પરમેશ્વર પિતા આપને અખંડ રાખે એજ પ્રાર્થના.

**આપનાં બાળકો**

**પ્રિન્સી, રોલ્ફી** (USA)





વ્હાલાં **જોસેફ** તથા **સરોજ** લગ્નજીવનના પચ્ચીસ વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન. પરમેશ્વર પિતા આપને સ્વસ્થ અને આનંદમય દીર્ઘાયુ બક્ષે એજ પ્રાર્થના અને આશીર્વાદ.

In 25 years together you our loving perents, have shared so many things that's why this very special anniversary brings to us, a wish that love, laughter, joy, commitment too will be in our family to share throughout the years ahead of us...

**જોન આલોઈસ પરિવા**

**બી/૬, શ્રેયસ સોસાયટી, પાઘ**

# પ્રથમ પુણ્યતિથિએ

## પ્રભુના સાનિધ્યમાં **સ્વ. લુસિયાબેનને સ્મરણાંજલિ**



અવની પર આગમન : ૧૦-૧૨-૧૯૪૦

પરલોકે પ્રસ્થાન : ૧૭-૦૬-૨૦૧૫

આપના હૃદયભેદક દેહવિલયને એક વર્ષ વિત્યું છતાં આપના “કેમ છો?” વિના બાપુજી બેચેન છે. સ્નેહભર પાલવની છાંય વિના પુત્ર, પુત્રીઓ, પુત્રવધૂઓ, પૌત્રો, પૌત્રીઓ શોકાતુર છે.

પોતાની જીવન સંધ્યા સુધી, મૃત્યુ આપને પહોંચી ગયું ત્યાં સુધી, જેણે બીમારોની સુશ્રુષા કરી છે, ભૂખ્યાને તૃપ્ત કર્યા છે. જરૂરિયાતમંદને સહાય કરી છે. પરિવારની સેવામાં જ પોતાની જાત સમર્પિત કરી છે, એવા દિવ્ય આત્માને મરણ આવે તોયે સ્મરણમાં જીવે છે.

કરુણાસાગર પ્રભુ તથા ભગવાન ઈસુખ્રિસ્ત, પરમાનંદની કૃપા અને શાંતિ બક્ષે એવી અરજ અને પ્રાર્થના.

## પુનરુત્થાનની સુપ્રભાતે ફરી મળીશું

લિ. આપનો જોસેફભાઈ જી. પરમાર

વહાલી પરીસહ સમગ્ર પરિવાર

ક્રિસમસપાર્ક, પેરીસપાર્કની બાજુમાં, ઈન્દીરાગાંધી માર્ગ, નડીઆદ

ફોન : ૦૨૬૮-૨૫૫૮૪૫૮

**Publisher's Name**

**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**

Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**

**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**

**Anand Press**
P.B. No. 95,
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**

**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રી:**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રી:**
જસવંત મેકવાન (મો: ૯૪૨૭૩ ૮૨૯૯૭)

**સહતંત્રી:**
શૈલેષ ક્રિસ્ટી (મો: ૯૪૨૭૦ ૦૪૦૦૨)

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
સ્નેહલતા ભાટિયા

**લવાજમ, જાહેરાત અને પ્રસાર**
ઈલોમીના એ. મહિડા

**ટાઈપ સેટિંગ:** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈન:** વિજય મેકવાન


અંક: ૬ વર્ષ: ૨૦૧૬

પાવન હૃદય
# દૂત

## અનુક્રમણિકા


**આમંત્રિત તંત્રીલેખ**

સુખ ✧ શૈલેષ ક્રિસ્ટી ૦૭

**કાવ્યધારા (સંપાદક: ડો. સિલાસ પટેલિયા)** ૦૯

અનિકેત ડાભી ✧ જોસેફ વાય. મેકવાન ✧ રમેશ મેકવાન ✧ જયંત સુતરિયા ✧ સવિતા પરમાર

**તમારો પત્ર** ૧૦

સી. મનિષા મેકવાન ✧ સતીષ ટેઈલર ✧ મકન એલ. ખ્રિસ્તી ✧ ડો. સિલાસ પટેલિયા

**લેખો**

શુભસંદેશની ઉમંગભેર ઘોષણા કરવા ✧ બ્રધર સુધીર બેક ૧૨
'હૃદયભક્તિ' ✧ સંકલન: તંત્રીશ્રી ૧૪
સ્વચ્છતાનું મહત્ત્વ ✧ રાજેશ ક્રિશ્ચિયન ૧૬
ઈશ્વરની દયાનો વરસાદ ✧ રાજુભાઈ ગોપાલભાઈ મેકવાન ૧૮
દયાનું મૂર્ત સ્વરૂપ ✧ સિરિલ એ. દાવલા ૧૯
વિશ્વ પર્યાવરણ દિવસ ✧ ડો. દીપકભાઈ જી. પરમાર ૨૦
ઈસુ, ઈશ્વરનો કરુણામય ચહેરો ✧ સંકલન: ફાધર અનિલ સેવરીન ૨૨
મોબાઈલના જમાનામાં ✧ પ્રા. ડો. રોમાન ભાટિયા ૨૫


**કિશોરમિત્ર (સંપાદક: રાજેશ ક્રિશ્ચિયન)** ૨૭-૩૦

પિતૃદિન ✧ બકુલ મેકવાન ૩૨
તોરા મન દર્પન કહલાયે ✧ પોલ મેકવાન ૩૪
દમ મારો દમ...! ✧ સ્મિતા બકુલ મેકવાન ૩૬
સ્પર્ધાત્મક પરીક્ષાઓ એક પડકાર ✧ જયંતીભાઈ એ. મેકવાન ૩૮
કિરણ એક ફૂટ્યું... અંધાર ✧ ફાધર રેમન્ડ એ. ચૌહાણ એસ.જે. ૪૦
કૃતજ્ઞી બનીએ... ✧ અંકિત વી. પરમાર ૪૨
ચોપડવાવથી દિલ્હી યાત્રા ✧ રવિકાન્ત ભાટિયા ૪૩
સાદ મને દીધો... ✧ ગાબ્રિએલ ખ્રિસ્તી ૪૪

**પંખીની પાંખે (સંપાદક: શૈલેષ ક્રિસ્ટી )** ૫૦



**આવરણ:** સૂકાં ખેતર, ખાલી જળાશય, હિજરત કરતું પશુધન અને કુદરત આગળ ખોળો પાંથરતો ખેડૂત! આડેધડ કપાતાં વૃક્ષો અને ઔદ્યોગિક એકમોથી પ્રદૂષિત પાણી-ધરા! શું આ છે આપણા વિકાસની તાસીર!

સૌજન્ય: આ અંકમાં લીધેલ કલર ફોટોગ્રાફ્સ ગુગલ




જરૂરિયાતમંદનું રૂદન અને ધરતીની હૈયાવરાળ સાંભળનાર, પર્યાવરણ તથા ન્યાયધર્મના અંગરક્ષક બનનાર જ પરિસ્થિતિ વિજ્ઞાન પ્રત્યેનું વાજબી વલણ જાણે છે, અપનાવે છે.

## ગુજરાતના
## કેથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.

## લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું


'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

**કાર્યાલયનો સમયઃ**
૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.
**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847**
**http://www.gspbooks.in/periodicals.php**
**e-mail : phdoot@gmail.com**


### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૫૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૭૦૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

### એપ્રિલ, ૨૦૧૫ 'દૂત' અંકથી જાહેરખબરના નવા દર

| | |
|---|---|
| છેલ્લું કવરપેજ | : રૂા. ૧૨,૫૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : રૂા. ૧૧,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૭,૨૦૦ |
| અર્ધુ પેજ | : | રૂા. ૩,૬૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૧,૮૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૬૦૦ |

**જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.**

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash Society
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.


'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧
**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847 e-mail : phdoot@gmail.com**

# આમંત્રિત તંત્રીલેખ...



## સુખ

દરેક વ્યક્તિ સુખ ઈચ્છે છે. એટલું જ નહી દરેકની સુખની વ્યાખ્યા પોતીકી હોય છે. વળી જે બાબતો એક વ્યક્તિ માટે સુખનું કારણ ગણાય છે. તે જ બાબતો બીજી વ્યક્તિ માટે સુખનું કારણ ન પણ હોય તેવું જોવા મળે છે, એટલું જ નહી સમયાંતરે આ કારણો બદલાતા જતાં હોય છે. આવા સંજોગોમાં મનમાં પ્રશ્ન ઊઠે સુખની વ્યાખ્યા શું ?

એક સર્વ સામાન્ય વ્યાખ્યા કરીએ તો સુખ એ એક સંતોષની લાગણી છે. જ્યારે આપણા મનમાં ભૂતકાળની કોઈ ચિંતા હોતી નથી. કે ભવિષ્યનો કોઈ તનાવ હોતો નથી, મનમાં એક નિરાંત હોય છે અને આ નિરાંતની પળોમાં મન ગમતી પ્રવૃત્તિ કરી શકીએ, બસ આ સ્થિતિને જ સુખ કહેવામાં આવે છે. મોટા ભાગના લોકો સુખી થવાનો રસ્તો શોધતા હોય છે પણ સુખી થવાનો કોઈ રસ્તો જ હોતો નથી. સુખ એ જ એક રસ્તો છે જેના ઉપર ચાલીને સુખી થઈ શકાય છે.

જીવનની અનેક ઘટનાઓ અને પ્રસંગો ઉપર આપણો કોઈ કાબૂ હોતો નથી. આ ઘટનાઓ પૈકી કેટલીક ઘટનાઓ ગમતી હોય છે, કેટલીક અણગમતી, જે ગમે છે તે ઘટનાઓને આપણે ગળે વળગાડીએ છીએ અને નથી ગમતી તેમાંથી છટકવા પ્રયત્ન કરીએ છીએ પણ તેની અસરમાંથી છટકી શકતા નથી. કારણ દરેક સારી કે નરસી ઘટના તેની અસર છોડીને જ જાય છે. આપણા જીવનમાં જે ઘટનાઓ બને છે તેની ઉપર આપણો કોઈ કાબૂ હોતો નથી પરંતુ ઘટનાનો કેવો જવાબ આપવો તે આપણા હાથમાં હોય છે.

જીવનમાં આકસ્મિક ઘટનાઓ તો બન્યા કરવાની. આ બધી જ ઘટનાઓ કે પ્રસંગો સ્વાભાવિક છે આપણને ગમતા જ હોય તેવું બને નહી અને જે આપણને ગમે છે તેવું જ આપણા જીવનમાં બને તેવી શક્યતા કેટલી ? વળી ઈશ્વરથી ડરીને ચાલતા લોકો વધારે હેરાન થતા જોવા મળે છે. એમના જીવનમાં તો ડગલે ને પગલે મુશ્કેલીઓ અને વિટંબણાઓ આવે છે. બાઈબલમાં લખેલ છે તે મુજબ તો ધાર્મિક વ્યક્તિની સતામણી તો થવાની જ. આમ સતામણી થાય ત્યારે મારી સાથે જ આમ કેમ બને છે તેવા રોદણાં રડીને ભોગ બન્યાની માનસિકતામાંથી બહાર આવીને સમય સંજોગોનો સામનો કરવો જોઈએ. ઘટનાથી ઉદાસ, દુઃખી કે નાસીપાસ થયા વિના દરેક ઘટનામાં આનંદી કાગડાની જેમ આનંદી રહેવું તે આપણાં હાથમાં છે.

આપણે અન્ય સાથે નાહકની સરખામણી કરીને 'આ બેલ મુઝે માર' એમ કહીને આપણે દુઃખને નોતરીએ છીએ. સુખી થવું આપણાં હાથમાં છે એટલું જ નહી એ સહેલું અને સરળ છે પણ આપણે સરખામણી કરીને સુખને દુઃખમાં ફેરવી નાંખીએ છીએ. સુખની ચાવી બીજાને સોંપી દઈએ છીએ. આપણી પાસે નથી અને અન્ય પાસે છે એટલે આપણે દુઃખી થઈ જઈએ છીએ. આપણાં સુખદુઃખનો આધાર અન્યો બની જાય છે. 'તેરી સાડી મેરી સાડી સે ઈતની સફેદ ક્યું હૈ !' આમ બોલી સરખામણી કરીને આપણે દુઃખી થઈએ છીએ. ખરેખર તો આપણી પાસે જે છે તેનો ઉપયોગ કરવાને બદલે આપણી પાસે પૂરતું નથી અથવા તો અદ્યતન કે બ્રાન્ડેડ નથી. એવું વિચારીને આપણે દુઃખી થઈએ છીએ. મને જ મળે અને સૌથી વધુ મળે તે વૃતિમાંથી જેમ બને તેમ આપણે બહાર આવી જવાની જરૂર છે. કારણ જીવનમાં બધાને બધું ક્યારેક મળતું નથી. કહેવાય છે કે જો પોતાની અંદરથી સંતોષ ન મળે તો બીજે ક્યાંય તેને શોધવાનો અર્થ નથી. કારણ એક અપેક્ષા પૂર્ણ ના થાય ત્યાં તો બીજી મોં ફાડીને ઊભી જ હોય છે. અપેક્ષાઓનો ક્યારેય અંત આવતો નથી. સંતોષથી જ સુખનો અનુભવ થાય છે.

મોટાભાગે આપણે સુખી થતા નથી પણ સુખી થવાનું આયોજન કરતા હોઈએ છીએ. આપણે સુખી થવાનું વિચારીએ છીએ પણ સુખી થતા નથી. જીવનની દરેક ક્ષણમાં સુખ હોય છે એ સુખને માણવાને બદલે ભૂતકાળના જંગલમાં અને ભવિષ્યના સ્વપ્નોમાં વર્તમાનની સુખદ ક્ષણોને આપણે ગુમાવીએ છીએ પણ આપણે જ્યાં છે ત્યાં સુખી ના થઈ શકીએ. કાલે સુખી થઈશું તેની દોડમાં આજના સુખને આપણે ભૂલી ચૂકી જઈએ છીએ. સુખ એ કોઈ જગ્યાનું નામ નથી કે ત્યાં પહોંચ્યા બાદ તમે સુખી થઈ શકશો ! વળી અમુક સંજોગો થશે ત્યારે તમે સુખી થશો એવું માની લેવું ભૂલ ભરેલું છે. આથી જે પળ છે, જે વર્તમાન છે, તેમાં જીવવામાં જ સાચું સુખ છે. જો આજે આપણે સુખી ન થઈ શકતા હોઈએ તો આવતી કાલે આપણે ક્યારેય સુખી થઈ શકવાના નથી. આવતી કાલની ચિંતા આવતી કાલ ઉપર રાખીને આજે જે છે તેમાં સુખી થવાની ટેવ પાડવી જોઈએ.

આપણે ભૌતિક સાધનોમાં સુખ શોધીએ છીએ. આ ભૌતિક સાધનોમાંથી શારીરિક સગવડ મળે છે, આરામ મળે છે, પણ માનસિક શાંતિ મળતી નથી. આરામ આપે તેવી ખુરશી હોય પણ નિરાંતે બેસવાનો સમય જ ન હોય તો ખુરશીનો કોઈ અર્થ ખરો?

મોંઘા પલંગ અને ગાદલાં ગાઢ નિદ્રાની બાંહેધરી આપતાં નથી. આજે ઉપભોગતાવાદનાં સમયમાં પ્રત્યેક સાધનોમાં રોજ નવા નવા સુધાર અને શોધખોળ થઈ રહી છે ત્યારે દરેક સાધનો ખરીદી શકાય તે શક્ય નથી. કેટલાક લોકો આવા સાધનો ભેગા કરવામાં, એટલું જ નહીં તેનું પ્રદર્શન કરવામાં પોતાનું સુખ સમજે છે. કેટલાંક આખીય જિંદગી ભૌતિક સાધનો ભેગાં કરવા મુઠ્ઠીઓ વાળીને દોડે છે. પોતાની તંદુરસ્તીના ભોગે તે મેળવે છે અને લાંબા સમય પછી બધાં જ સાધનો મળી જાય છે ત્યારે તે ભોગવવા તંદુરસ્તી હાથમાં રહેતી નથી અને તંદુરસ્તી મેળવવા માટે જે કમાયા હોય છે તે પાછું ગુમાવવું પડે છે.

સુખ એ તો ભીતરની અનુભૂતિ છે જો માણસ પોતે સુખી થવા ઈચ્છતો ન હોય તો કોઈ તેને ક્યારેય સુખી કરી શકે નહી. કેમ કે સુખી થવા માટે સુખી માણસનું પહેરણ શોધતા આપણે એક વાત સમજી લેવાની જરૂર છે કે સુખી માણસને પહેરણ જ નથી હોતું.

સામાન્ય રીતે આપણા પર જે છે જે ઉપકારો છે તે માટે આપણે ક્યારેય ઈશ્વરનો આભાર માનતા નથી અને જે નથી તેના માટે ફરિયાદો કરીએ છીએ. તેમાંથી દુઃખ જન્મે છે. જીવનમાં નાના મોટી બક્ષિસો માટે ઈશ્વરનો આભાર માનવો જોઈએ. આભાર માનવાથી ઈશ્વર અનેક ગણું પરત આપે છે. એક માણસ પોતાને સારા બુટ મળે તે માટે ઈશ્વરને ફરિયાદ કરતો હતો કે હે ઈશ્વર તું મને એક સારા બુટ આપી શકતો નથી પણ એક વખત આ માણસે એક પગ વગરનો માણસ જોયો જેને પોતાની પરિસ્થિતિ માટે કોઈ દુઃખ કે વસવસો નહતો. આ વાર્તામાંથી પ્રેરણા લઈને ક્ષુલ્લક બાબતો માટે ઈશ્વરને ફરિયાદ કરવાનું છોડી દેવું જોઈએ બલ્કે જે છે તે માટે ઈશ્વરનો આભાર માનવાની ટેવ વિકસાવવી જોઈએ. પ્રત્યેક વાતે જ્યારે આપણે ઈશ્વરનો આભાર માનીએ છીએ ત્યારે આપણે ભીતરથી સુખી થઈએ છીએ. એટલું જ નહીં ઈશ્વર અનેકગણું કરીને આપણને આપે છે. જેમની પાસે છે તેમને આપવામાં આવશે. ઈશ્વરના આ શબ્દો ક્યારેય ભૂલવા જેવા નથી. આભાર માનવાથી ઈશ્વર અનેક ગણું આપે છે.

આપણે એકલાં જ સુખી થવા પ્રયત્ન કરીએ છીએ, સુખ મળે ત્યારે એકલાં જ ભોગવવા તત્પર બનીએ છીએ. સુખને એકલા જ ભોગવીએ છીએ અને દુઃખને વહેંચીએ છીએ. પણ દુઃખને વહેંચવાથી દુઃખ વધે પણ વહેચવાથી સુખ ક્યારેય ઓછું થતું નથી. આપણી આજુબાજુ એવાં કેટલાક લોકો હોય છે જેમનો ચહેરો જોઈને જ ખ્યાલ આવી જાય છે કે તેઓ પોતાની ભીતર કેટલુંય દુઃખ દબાવીને બેઠા છે. પહેલી નજરે કદાચ ખ્યાલ ન આવે કારણ મોટા ભાગના લોકો સુખી હોવાનો દેખાવ કરતા હોય છે અથવા પોતાની મુશ્કેલીઓ કે દુઃખ કોઈ જાણી ન જાય તેની કાળજી રાખતાં હોય છે પણ મોટા ભાગના હાસ્યની પાછળ કોઈને કોઈ દર્દ છુપાયેલું હોય છે. આવા લોકોને શોધીને તેમના ખબર અંતર પૂછીએ તો તે વ્યક્તિ ભીતર દબાવી રાખેલ બધી જ લાગણીઓ જણાવી દેવા તત્પર હોય છે. આવી વ્યક્તિઓને શોધીને તેમને મદદરૂપ બનવાથી આપણને સુખનો અનેરો અનુભવ થાય છે. સુખનો આ અનુભવ, અનુભવથી

## પરમસુખનો માર્ગ

**"અંતરના દીન પરમસુખી છે,**
**ઈશ્વરનું રાજ્ય તેમનું છે.**

**શોકમાં ડૂબેલાઓ પરમસુખી છે,**
**તેમને સાંત્વન મળશે.**

**નમ્ર પરમસુખી છે,**
**તેઓ ધરતીના ધણી થશે.**

**ધર્મની જેમને ભૂખતરસ છે**
**તેઓ પરમસુખી છે, તેઓ તૃપ્તિ પામશે.**

**દયાળુ પરમસુખી છે,**
**તેઓ દયા પામશે.**

**ચોખ્ખા દિલના પરમસુખી છે,**
**તેમને ઈશ્વરનાં દર્શન થશે.**

**શાન્તિના સ્થાપકો પરમસુખી છે,**
**તેઓ ઈશ્વરનાં સંતાન કહેવાશે.**

**ધર્મને ખાતર જુલમ વેઠનારા**
**પરમસુખી છે, ઈશ્વરનું રાજ્ય તેમનું છે."**

**(માથ્થી ૫ઃ૩-૧૦)**

જ સમજાય. આમ જ્યારે આપણે કોઈને કોઈ કારણ વગર સુખી કરીએ છીએ ત્યારે આપણે આપોઆપ સુખી થઈએ છીએ.

કીર્તનસાગરનું એક ભજન મનમાં સ્ફૂર્તિ જગાડે છે.

'ગમતું મળે તો, ભાઈ, ભેળું ના કરીએ
ને ગમતાંની કરીએ રે લ્હાણ.
શાંતિ-સંતોષ ને અદકા આનંદની લ્હેર ઊઠે ઉરને ઊંડાણ.'

આમ જે સુખ છે તે સુખનો ગુલાલ આપણે ઉડાડવાનો છે. જેમ (બાઈબલમાં યોહાન ૧૫ઃ૧૩)મા લખવામાં આવેલ છે કે, 'માણસ પોતાના મિત્રો ખાતર પ્રાણ પાથરે એનાં કરતાં મોટો પ્રેમ કોઈ છે જે નહિ.' આપણે પ્રાણ ન આપી શકીએ પણ મદદરૂપ તો બની શકીએ છીએ ને સુખી થવા માટે આ બાબત ભૂલવા જેવી નથી કે અન્યને મદદરૂપ બનવામાં જ સાચું સુખ રહેલુ છે. એટલે કવિએ કહ્યું છે કે 'બસ એટલી જ સમજ પરવર દિગાર દે મને, સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બીજાનો વિચાર દે. અને એને જ કહેવામાં આવે છે, 'જીના ઈસીકા નામ હૈ !'

સુખની પ્રાપ્તિ બાદ 'પરમસુખ'નો માર્ગ જાણવો હોય તો ઈસુએ ગિરિપ્રવચનમાં કંડાર્યો છે, તેનાથી સર્વોત્તમ બીજો કોઈ હોઈ શકે? ●

— શૈલેષ ક્રિસ્ટી

# કાવ્યધારા



### તારા વગર

હવા વહે સૂનસામ ! મા તારા વગર,
શ્વાસ આમ રુંધાય ! મા તારા વગર.

સહેજ શરીરે અમસ્તો પડ્યો જો ઉઝરડો,
ઉરે ઘા વરતાય, મા તારા વગર.

મારી બચપણની ઢીંગલીને વ્હાલ તારું કાલું,
યાદ તારી જ કોતરાય, મા તારા વગર.

પ્રકાશયું જ તારી છબીમાં જોઈ તલસું
ઘરના બારણા અથડાય, મારા તારા વગર.

*— અનિકેત ડાભી*

### સામૈયું

સામૈયું કરવા આવજો રે લોલ....

પરમપિતાને લાવજો રે લોલ,
સાથે દૂતોની ફોજ સુહાય...સામૈયું !

ઈસુને તેડાવજો રે લોલ,
સાથે વ્હાલી મા મારિયા માત...સામૈયું !

પવિત્ર આત્મા આવજો રે લોલ,
મારું આંગણું પાવન થાય....સામૈયું !

માતાપિતાને લાવજો રે લોલ,
માડીજાયાનો હરખ ન માય...સામૈયું !

સંગ સ્નેહી તેડાવજો રે લોલ,
મીઠા મીઠા સંબંધો જળવાય.....સામૈયું !

*— જોસેફ વાય. મેકવાન*

### તારી મહેંક

મહેંક તારી વસંતના ફૂલો સમાન છે,
તું વસે તો ઘર છે, નહિ તો મકાન છે !

ભૂલી જવું તને સંભવ નથી, એ દોસ્ત,
જ્યાં નજર પડે ત્યાં, તારાં નિશાન છે !

તારી અજાયબીને પામી શક્યું ના કોઈ,
સાચે જ એ ખુદા, તું કેવો મહાન છે !

એવું જીવો કે મોત પછી લોકો કહી શકે,
એ ગયો ચાલી, ને સઘળું વિરાન છે !

*— રમેશ મેકવાન*

### તું આપજે

શ્વાસ મારા અકબંધ તું રાખજે,
હૈયાને હામ થોડી આપજે !

જાત માટે જીવી લીધું આજ લગી,
અન્ય માટે બે ચાર ક્ષણ તું આપજે !

જોવાને દૃષ્ટિ અમી તું આપજે,
કટુતાનું નિકંદન તું કાઢજે !

મેઘધનુષ્યના રંગો ભરવા જિંદગીમાં,
કલમને પીંછી તું આપજે !

*— જયંત સુતરિયા*

### ભૂખનાં રૂપ

ભૂખ
કાળમુખી ભૂખ -
'ખાઉં ખાઉં ' કરતી ભૂખ !
વાયુ મંડળમાં ઘુમરાતી,
ધરા આખીને વીંટળાતી,
દેહ આત્માને દાગી દેતી,
આ અજર અમર ભૂખ......

અંધારભરી સૂની રાતે,
ભૂખ્યાજનોનો ઉપહાસ કરતી,
અમીરોના ઉર ઠારતી,
જગ આખે વિસ્તરતી ભૂખ !
રાય રંકનો ભેદ છેદવા,
ખેલાયા કંઈક વિનાશ યુદ્ધ,
ન્યાયનો ઝળહળ ધ્વજ ધારી,
વિદ્રોહની આગે જલી ભૂખ !
લોભ લાલચ.....
એ સૌ ભૂખનાં જ રૂપ વરવાં,
વિધિની અદ્‌ભૂત કમાલ,
ભૂખવૃત્તિનો આવે ના અંત !

*— સવિતા પરમાર*

*સરનામું:*




To,
**ડો. સિલાસ પટેલિયા**
**૨૦૧-સેફ્રોન ક્લાસિક**
SBS Colony, **ડિલક્ષ ચાર રસ્તા**
**નિઝામપુરા વડોદરા - ૩૯૦૦૦૨**
**મો: ૯૩૭૭૨૬૬૮૨૮**




# તમારો પત્ર



## (૧)

માર્ચ ૨૦૧૬ 'દૂત'માં આમંત્રિત તંત્રી લેખ 'સાથી હાથ બઢાના'માં આગ્નેશબેન વાઘેલાએ અમુક ઈતિહાસકારો અને આધ્યાત્મિક ચિંતકો એમ લખ્યું છે, તેના કરતાં Concrete Particular નામ આપો તો સારું. આપણા સર્વનું લખાણ સમાજને કેવી રીતે આંખ ઉઘાડીને ગતિમાન કરશે તે કોઈ નથી જાણતું ! કાલનું ભવિષ્ય જે ભૂતકાળમાં જીવીને મરી ગયા તેઓ પણ આવું જ કહીને ચાલી ગયા. It's unending battle and trail still it goes on, only spirit of the Lord will light to our society. Our prayers, good will and individual hard work can make difference I feel.

એક પત્ર : તપઋતુને લેખકને અભિનંદન. વિચારો સારા છે. Keep up  અને હજી વધારે ઊંડાણમાં જઈને સુંદર ઉમદા, અસરકારક વિચારો લઈને  આવો એવી શુભેચ્છાઓ.

'પરીક્ષાના પાંચ સંકલ્પો' ડો. રોમાન ભાટિયા લેખિત વાતાવરણને અનુરૂપ પરીક્ષાલક્ષી લેખ મહત્ત્વનો અને ઉપયોગી છે. ખાસ વિદ્યાર્થીવર્ગ માટે. ડો. રોમાન ભાટિયાએ વિદ્યાર્થીવર્ગ પ્રત્યેનો Concern સદ્‌ભાવના દાખવી છે અને લેખમાં વર્ણવેલી રજેરજ વાત હંમેશા હકીકત છે અને જ્યારે માર્ચ મહિનાનો 'દૂત' માત્ર 'નારીદિન' માટેના લેખોથી ભરેલો હોય છે ત્યારે આ લેખ દ્વારા મેં કંઈક નવીનતા અનુભવી.

'સ્ત્રી અધિકાર - કાયદા-કાનૂન' લેખ બદલ ઈન્દુ રાવને અભિનંદન. સરસ લેખ છે. તેમના લેખના દરેક શબ્દમાં પોતાના સમાજની સ્ત્રી કઈ રીતે જાગૃત થાય અને પોતાના જીવનની દરેક સવાર નવી આશા સાથે જીવે તેવી ભાવના- લાગણી જણાય છે. 'જબરી ભૂલ થઈ ગઈ' શ્રી અનિલબાઈ વાઘેલાને આ લેખ માટે અભિનંદન. ભાષામાં લય છે. તમે સારા અનુભવનું લેખન કર્યું છે જે જીવનમાં સંદેશ રૂપ છે.

'ગુજરાતી સાહિત્યક પત્રકારત્વ : પ્રવાહો અને પ્રયોગો'માં શ્રી વિષ્ણુ પંડ્યાએ પુસ્તક પરિચય વિભાગમાં ડો. ફાધર વિનાયક જાદવ વિશે ઘણી જ ઉચ્ચ ભાષામાં સુંદર ઉપમાઓ આપીને નવા જ. શબ્દોથી તેમને નવાજ્યા છે. જેમ કે આ મહાનિબંધની વિશેષતા એ છે કે તે ચીલા ચાલુ નથી, કટિંગ એન્ડ પેસ્ટિંગ નથી, અધૂરી સમજને શબ્દોનાં વસ્ત્રાલંકાર પહેરાવતી પ્રયુક્તિ નથી અને સાહિત્યિક પત્રકારત્વની આગામી દિવસોમાં ક્યાંય, કોઈક ચર્ચા થાય ત્યાં તેની ઉપેક્ષા થઈ શકે તેમ નથી. "આ લેખક તો કોદાળી-પાવડો લઈને સાહિત્યિક પત્રકારત્વના" સ્વરૂપ અને વિભાવનાના અવ્યાખ્યેય ખેતરને ખેડવા નિકળેલો યાત્રિક છે. ઘણું બધું લખવા લાયક છે પણ અંતે તો પુસ્તક પરિચય આપનાર શ્રી વિષ્ણુ પંડ્યાને મારા અભિનંદન ઓછા અને નાનાં પડે. છતાંય આભાર સાથે અભિનંદન. વિશેષ તો ડો. ફાધર વિનાયક જાદવને જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછાં અને પ્રશંસા કરવા જાણે શબ્દો પણ ખૂટે  તેવું પાવરધું અને અતિ સાહસિક તેમનું આ સર્જન છે. તમે અમારા બધા માટે ગૌરવ સમાન છે.  અભિનંદન.

*— સી. મનીષા મેકવાન (રાજસ્થાન)*

## (૨)

'દૂત'નું હું  નિયમિત અને રસપૂર્વક વાંચન કરું છું. છપાતા લેખો અને કાવ્યો માટે આપશ્રીનો, લેખકોનો અને કવિઓનો ખૂબ જ આભાર માનતાં અભિનંદન પાઠવું છું.

હવે જે ગીતો છપાય છે તે સુંદર છે. કાવ્ય રચનાઓ ઉત્કૃષ્ઠ છે, અર્થપૂર્ણ છે. ગીતોની નીચે ફક્ત કવિશ્રીનાં નામ સાથે તેમનો મોબાઈલ નંબર છાપો તેવી નમ્ર વિનંતી કરું છું. જેથી ફોન કરી રાગ હોય તો શીખી શકાય. આભાર.

*— સતીષ ટેઈલર (મણિનગર, અમદાવાદ)*

## (૩)

મે 'દૂત' અંકમાં સુજ્ઞશ્રી અમ્રિતા જીતેન્દ્ર મેકવાનનો 'મોતનું બીજું નામ : વ્યસન' લેખ એક જ બેઠકે બેત્રણ વખત વાંચી ગયો. મને લાગ્યું કે મારે જે કહેવું હતું એ જ, બેને પોતાના લેખમાં વ્યક્ત કર્યું છે. અમ્રિતાબેન આપનો આભાર અને અભિનંદન.

સમાજમાં હરતાં ફરતાં કે મુલાકાત કરતાં વ્યસનને કારણે બરબાદ થઈ ગયેલાં પરિવારની દાસ્તાન કોઈની પણ આંખ ભીંજવી જાય તેવી છે, અહીં તો 'પાડાના વાંકે પખાલીને ડામ' જેવો ઘાટ જોવા મળે છે ! વ્યસની બાપ, ઘરમાં પત્ની-બાળકોને બરબાદ કરી નાખે છે ! વ્યસનને કારણે જ કેટલા જુવાનોને અકાળે મોતને ભરખી ગયું છે અને આપણે તેના મૂક સાક્ષી બની રહ્યા છીએ !

હવે સમય પાકી ગયો છે, સમાજને વ્યસનમુક્ત કરવાનો ! પ્રત્યેક ધર્મવિભાગમાં જો કોઈ સ્વૈચ્છિક જવાબદારી સ્વીકારે તો સમાજને વ્યસનમુક્ત કરવાનું પ્રથમ કદમ હશે. અમ્રિતાબેને પોતાના લેખ દ્વારા, સમાજને આંગળી ચીંધી છે, હવે એ દિશામાં આપણે પ્રયાણ કરવાનું છે. આવો, આપણે એકમેકને ટેકો આપીએ અને સમાજને - દેશને વ્યસનમુક્ત કરી સમૃદ્ધ કરીએ. મારો વિશ્વાસ છે કે, એક દિવસ સમાજ વ્યસન મુક્ત થશે જ.

*— મકનભાઈ એલ. ખ્રિસ્તી (આણંદ)*

**(૪)**

એપ્રિલ- ૧૬નો 'દૂત'ના અંકનો તંત્રીલેખ આજે ફરીથી વાંચ્યો - માણ્યો. 'પરાવર્તક' અંતર્ગત લખાયેલ આ લેખમાં જુદી જુદી ઘટનાઓથી જુદી જુદી વ્યક્તિઓના જીવનમાં આવેલા પરિવર્તનની વાત હૈયા સોંસરવી છે. એ વ્યક્તિઓ પણ આમ સામાન્ય. સામાન્ય માનવમાં રહેલી અસામાન્યતાના મૂળમાં દયાભરી દૃષ્ટિ તથા કરુણાદ્ર હૈયું જ છે. એના વિના યાતનાભર્યા દુઃખી માનવભણી, ભૂખ્યાજન ભણી નજર જાય જ ક્યાંથી ! ઘટના ખરી પણ એ ઘટના હૈયે ઉતરી જાય એય જરૂરી. જેમણે જેમણે માણસાઈનો મહિમા પ્રગટ કર્યો એનું મિતાક્ષરી વર્ણન દિલ દિમાગને અડી જાય છે.

વડાધર્મગુરુની વાણી તથા તપઋતુના સંદર્ભ સાથે આ બધી જ ઘટનાઓને તમે પરોક્ષપણે ઈસુ વાણીને કઈ રીતે જીવનમાં ચરિતાર્થ કરી શકાય એ બાબતે નિર્દેશ કર્યો છે. મૂલ્યવાન લેખ છે. અભિનંદન.

મે નો 'દૂત' અંક મળી ગયો છે. ફાધર વિનાયકનો આમંત્રિત તંત્રીલેખ સરસ અને વિચારોત્તેજકતા જગવનારો છે. અન્ય લેખો પણ સાચે જ માતબર છે. બ્રધર સુમિતના લેખનો અનુવાદ પણ સરસ થયો છે. મૂળ ગુજરાતી વાંચતા હોઈએ એવો અહેસાસ થાય છે. આવો અહેસાસ જ અનુવાદની સિદ્ધિ છે. અન્ય લેખો, વિષય અને અભિવ્યક્તિના સંદર્ભમાં સરસ થયા છે. વળી નવી કલમે જોવા મળી રહી છે. એક રીતે, જોઈએ તો આ ગુજરાત અને ગુજરાત બહારના કેથલિક વર્ગનું મુખપત્ર જ છે ને ! ઈસુ વાણીનો પરોક્ષ રીતે લેખો કે વાર્તાઓ આદિમાં પડઘો પડે એ જરૂરી. એના માટે 'દૂત' રૂપી મંચ મળે છે. માધ્યમ મળે છે. એય મોટી બાબત છે.

સરસ, પ્રભાવક એવું મુખપૃષ્ઠ છે. સર્વથા આ અંક સુંદર બન્યો છે. અલબત્ત આગળના અંકોય સરસ જ બન્યા છે.

સૌને ખૂબ ખૂબ ખૂબ અભિનંદન. અટકું જ.

*— ડો. સિલાસ પટેલિયા (વડોદરા)*

## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

| | | |
|---|---|---|
| સ્વ. શાંતાબેન જેકબપરમાર | આણંદ | ૧,૦૦૦ |
| સ્વ. પુષ્પાબેન પીટર ક્રિશ્ચિયન | અમદાવાદ | ૫૦૦ |
| અનામી દાતા | મણિનગર | ૪૬૦ |
| સ્વ. કલ્પેશ છોટુભાઈ વસાવા | ગામડી-આણંદ | ૨૫૦ |
| અનામી દાતા | આણંદ | ૧૫૦ |
| રજનીકાન્ત મનુભાઈ | નરસંડા | ૧૦૧ |
| ચંદ્રિકાબેન રમણભાઈ ડાભી | મહેમદાવાદ | ૧૦૧ |
| મનુભાઈ મકવાણા | આણંદ | ૧૦૧ |
| શીલુ એમ. રાઠોડ | અમદાવાદ | ૧૦૦ |
| નિલેષ જોન ક્રિશ્ચિયન | અડાસ | ૧૦૦ |
| સ્વ. સવિતા મનુ પરમાર | નડિયાદ | ૧૦૦ |
| સ્વ. વિલ્યમ એફ. રાઠોડ | મણિનગર(પૂર્વ) | ૧૦૦ |
| સ્વ. અરવિંદ દિનકર પરમાર | સુંદરણા | ૧૦૦ |
| દિપક થોમાસ પરમાર | આણંદ | ૧૦૦ |
| સંગીતા દિપક પરમાર | આણંદ | ૧૦૦ |
| સ્વ. મણીબેન કેશવભાઈ | પેટલાદ | ૧૦૦ |

## ઓગસ્ટ - ૨૦૧૬

**મહત્ત્વના દિવસ :**

૦૭ ઓગસ્ટ : ફ્રેન્ડશીપ ડે
(ઓગસ્ટનો પ્રથમ રવિવાર)
૦૮ ઓગસ્ટ : 'ભારત છોડો આંદોલન'
૦૯ ઓગસ્ટ : વિશ્વ આદિવાસી દિન
૧૨ ઓગસ્ટ : વિજ્ઞાન ઉત્સવ દિન
૧૯ ઓગસ્ટ : વિશ્વ ફોટોગ્રાફી દિન, ગ્રંથપાલ દિન
૨૦ ઓગસ્ટ : સદ્ભાવના દિન
૨૬ ઓગસ્ટ : વિશ્વ હોસ્ટેલ દિન
૨૯ ઓગસ્ટ : રાષ્ટ્રીય રમત ગમત દિન
૩૧ ઓગસ્ટ : સ્થાનિક સ્વશાસન દિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસ :**

૦૫ ઓગસ્ટ : માતા મરિયમના
મહામંદિરનું પ્રતિષ્ઠાપન
૦૬ ઓગસ્ટ : ઈસુનું દિવ્યરૂપ દર્શન
૧૪ ઓગસ્ટ : પ્રિઝન મિનિસ્ટ્રી સન્ડે
(કારાવાસ રવિવાર)
૧૫ ઓગસ્ટ : માતા મરિયમનું ઉદ્ગ્રહણ
૨૨ ઓગસ્ટ : વિશ્વરાજ્ઞી માતા મરિયમ
૨૪ ઓગસ્ટ : સંત બાર્થોલોમી
૨૯ ઓગસ્ટ : સ્નાનસંસ્કારક યોહાનની શહાદત

**૫ જુલાઈ, ૨૦૧૬ સુધી લેખ 'દૂત' કાર્યાલયને તેમજ કાવ્ય, કાવ્યધારાના સંપાદકને મોકલવા વિનંતી.**

# શુભ સંદેશની ઉમંગભેર ઘોષણા કરવા
## (જૂન મહિનાનો પ્રાર્થનાનો હેતુ)

✍ બ્રધર સુધીર બેક

*ગુજરાત વિદ્યાદીપ - સેવાસી, વડોદરા*

**માનવ ઐક્ય :** વૃદ્ધો, શોષિતો અને નિરાધારોને સર્વત્ર આવકાર અને ઐક્ય સાધવા માટે તક મળે.
**સેમિનરી અને સંન્યસ્ત જીવનના ઉમેદવારો :** સેમિનરી અને સન્યસ્ત જીવનના ઉમેદવારોને શુભસંદેશની ઉમંગથી ઘોષણા કરનાર તાલીમ આપનારા મળે તે માટે.

ઈસુના રાજ્યમાં આવકાર તથા સત્કાર બધાંને મળે છે. ઈસુ માનવજાતના પ્રેમાળ ગોવાળ છે. ઈસુ કોઈને ધિક્કારતા નથી કે નથી છોડી દેતા. ઈસુ ખ્રિસ્તની નજરમાં સમસ્ત માનવજાત એકસમાન છે, પણ શું આપણા મનમાં ઈસુ જેવો પ્રેમ છે? આજે કેટલાક માણસો વૃદ્ધજનોમાં અને શોષિતોમાં ઈસુ ખ્રિસ્તને ઓળખી શકતા નથી. તેમના પ્રત્યે ઘૃણા દાખવે છે અને અપશબ્દો બોલતા હોય છે. દુનિયાના ઘણા દેશોમાં વૃદ્ધો, શોષિતો અને નિરાધારોને યોગ્ય માન સન્માન આપવામાં આવતું નથી, એ ખૂબ જ દુઃખની વાત છે. આપણા વડા ધર્મગુરુ આપણને અનુરોધ કરે છે કે આપણે આવા લોકોને માન આપીએ અને ઐક્ય સાધવા માટે તક આપીએ.

### ધર્મસંઘ એ શોષિતો અને નિરાધારોના આશ્રયસ્થાન

ધર્મસંઘ એ અંધકારમાં ભટકતા વ્યક્તિઓ માટે દીવારૂપ છે. શોષિતો અને નિરાધારો માટે આધારનો સ્ત્રોત છે. ઈસુ આપણા મુક્તિદાતા છે. તેઓ સર્વ પ્રકારની ગુલામગીરીમાંથી આપણને મુક્તિ આપવા આ દુનિયામાં અવતર્યા હતા. લૂકના ગ્રંથમાં ઈસુ કહે છેઃ "મારામા પ્રભુનો આત્મા ઊતરી આવ્યો છે,... તેણે મને એટલા માટે મોકલ્યો છે કે હું દીનજનોને શુભસંદેશ સંભળાવું, બંદીવાનોને મુક્તિદાન અને અંધજનોને દૃષ્ટિદાન જાહેર કરું, દલિતોને મુક્ત કરું..." (૪ : ૧૮-૧૯) તેમના આ શબ્દો અનુસાર તેમણે પાપીઓને પાપની ગુલામીમાંથી મુક્તિદાન, કોઢિયાઓને સાજાપણું અને અંધજનોને દ્રષ્ટીદાન આપ્યું અને નિરાધારો માટે તેઓ આધાર બન્યા હતા. તેમનું અનુકરણ કરવા આપણને આવકારે છે. " આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે જ કંઈ કર્યું છે તે મારે માટે જ કર્યું છે" (માથ્થી ૨૫ : ૪૦).

**મધર ટેરેસા શોષિતો અને નિરાધારોની મા :** આપણે જાણીએ છીએ કે મધર ટેરેસા વૃદ્ધાઓને તથા લાચાર વ્યક્તિઓને આવકારતાં હતાં. તેમને આશ્રય આપી તેઓની સેવાચાકરી કરતાં હતાં. આમ મધર ટેરેસા સાચા અર્થમાં ઈસુ ખ્રિસ્તના દાસી અને પીડિત માનવીનાં સેવિકા બન્યાં હતાં. તેમણે ઈસુ ખ્રિસ્તને શોષિત અને નિરાધારોની વચ્ચે શોધીને જગતની આંખો ખોલી નાખી. આજે એમનું નામ સકલ વિશ્વમાં પ્રસિધ્ધ છે.

આપણી આજુબાજુ ઘણી એવી વ્યક્તિઓ છે જેઓ ઘણાં દુઃખોથી પીડાતી હોય છે. આજે એવી વ્યક્તિઓ માટે, આપણને જ્યારે પણ તક મળે ત્યારે મન અને તનથી તેમના પ્રત્યે પ્રેમ બતાવી તેમને સહાયરૂપ બનીએ.

**સેમિનરી અને સંન્યસ્ત જીવનના ઉમેદવારો :** ઈસુના કાર્યોમાં સહભાગી થવું અને પોતાના જીવનને ઈસુ ખ્રિસ્તના રાજ્યની ઘોષણા કરવામાં ખર્ચી નાખવું તે ઈસુના દરેક શિષ્યનું કર્તવ્ય છે. તેમનું જીવન સમર્પિત જીવન છે. ખ્રિસ્તના પ્રેમ, પ્રાર્થના અને સેવાના મૂલ્યોને તેમના જીવનમાં અપનાવી અન્ય લોકોના જીવનમાં તેઓ નવીનતા તથા પવિત્રતાની સરિતા વહાવ્યા કરે. સંન્યસ્ત જીવન એ વ્યક્તિને ઈશ્વર તરફથી મળેલી અમૂલ્ય ભેટ છે. તેઓ ઈસુ દ્વારા પસંદ કરાયેલી વ્યક્તિઓ છે. તેઓ પોતાનાં ઘર, માતાપિતા, ભાઈ બહેનો અને સગાંવહાલાંઓને ત્યજીને ઈશ્વર અને લોકોની સેવા અર્થે પોતાનું જીવન સમર્પી દે છે, જેમ અબ્રાહમ પોતાનું સર્વસ્વ છોડીને ઈશ્વરના પગલે ચાલી નીકળ્યા હતા અને ઈશ્વરની પ્રજાના શ્રદ્ધાના પિતા બન્યા હતા.

ઈસુના શુભસંદેશની ઘોષણા કરનારા ઈશ્વરનો અનુભવ કરે અને યોગ્ય જ્ઞાન પ્રાપ્ત કરે તે માટે કેથોલિક ધર્મસભાએ સેમિનરી અથવા તાલીમકેન્દ્રોની સ્થાપના કરી છે. અલગ-અલગ ધર્મપ્રાંતમાં અલગ-અલગ તાલીમકેન્દ્રો હોય છે. આ તાલીમ કેન્દ્રોમાં પ્રવેશતા ભાઈબહેનોના ઘડતરની જવાબદારી કેથલિક ધર્મગુરુઓ અને ધર્મભગિનીઓની હોય છે. તાલીમ કેન્દ્રોમાં રહેતા ભાઈબહેનોના અભ્યાસ અને આધ્યાત્મિક જીવન વધારે મજબૂત બને અને તેઓ ઈશ્વરમય જીવન ગુજારે તે અતિ મહત્ત્વનું છે. તેથી તેમનો આધ્યાત્મિક પાયો વધુ મજબૂત બને.

**ખ્રિસ્તી સમુદાયનું યોગદાન :** પ્રત્યેક વ્યક્તિની આ એક જવાબદારી છે કે તાલીમ કેન્દ્રોમાં પ્રવેશતા ભાઈબહેનોને ઈશ્વરના કાર્યો માટે પ્રોત્સાહન આપે. ઈશ્વરના રાજ્યની ઘોષણા કરનારાને ધર્મશિક્ષણ અને બાઈબલ વિશેની વધુ જાણકારી જરૂરી છે. એથી ધર્મસંઘના દરેક સભ્યની એ જવાબદારી છે કે તેઓ પ્રત્યેક ઉમેદવારને પ્રોત્સાહન આપે. ધર્મસભાના યુવાવર્ગની એ જવાબદારી

છે કે જો તેમને ઈશ્વરનું તેડું મળે તો તેની અવગણના કર્યા વગર સહજતાથી તેનો સ્વીકાર કરી પોતાની જાતને ઈશ્વરના કાર્ય માટે સમર્પિત કરે.

**માતાપિતાનું યોગદાન :** કહેવામાં આવે છે કે, “માતાપિતા પોતાના બાળકોનાં પહેલાં શિક્ષક છે.” શિક્ષકનું કામ એ છે કે તેઓ બાળકના માનસિક અને શારીરિક વિકાસમાં મદદરૂપ બને. માતા-પિતા પ્રેરણા અને પ્રોત્સાહનનું ઝરણું કહેવાય છે. તેઓ પોતાના જુવાન સંતાનોને ઈશ્વરના કાર્ય માટે પ્રોત્સાહિત કરવામાં વધારે જવાબદાર થઈ શકે છે. એટલે આપણે કહી શકીએ કે તેઓ જ આ ઈશ્વરનાં તેડાંનું બી રોપનાર માલિક અને માર્ગદર્શક છે.

**તાલીમ કેન્દ્રોના ઉપરીનું કર્તવ્ય :** તાલીમ કેન્દ્રના ઉપરી જ ઉમેદવારના હાકલના બીને પાણી આપનાર અને તેની કાળજી રાખનાર માળી હોય છે. તેઓ જ ઉમેદવારના આંતરિક અને બાહ્ય ઘડતર અને વિકાસમાં ખૂબ જ ફાળો આપે છે. તેઓ જ તેમના જીવનમાં ઈશ્વરની વાણીને વધારે સ્પષ્ટ કરનાર લેખક છે. તે જ તેઓના ગુરુ છે. તેઓ ઉમેદવારને મનનચિંતન, પ્રાર્થના અને બાઈબલ વિશે પાઠ શીખવે છે. બધી જાતની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ઉમેદવારની કાળજી લે છે. જેથી તેઓ ઈશ્વરના સક્ષમ અને સફળ સેવકો અને સેવિકાઓ બની શકે. આમ તેઓ ઈશ્વરના કાર્યમાં અને લોકોની સેવામાં સહાયક બની શકે.

તાલીમ કેન્દ્રોમાં રહેનાર અન્ય તાલીમ આપનારાઓ, પ્રભુ ઈસુ, જેમ પોતાના શિષ્યોને પ્રેરણારૂપ હતા,તેમ પોતાના નમૂનેદાર જીવનથી ઉમેદવારને યોગ્ય પ્રેરણા પૂરી પાડે. ખાસ કરીને તેઓ ઉમંગભેર શુભસંદેશની ઘોષણા કરનારા હોવા જોઈએ. પ્રભુ ઈસુ ઉમંગ અને ઉલ્લાસથી ભરપૂર ગુરુ હતા. લૂકના ગ્રંથમાં વાંચીએ છીએ કે, “એ જ ક્ષણે પવિત્ર આત્માથી પ્રેરાઈને ઉલ્લાસમાં આવીને ઈસુ બોલી ઉઠ્યા, “હે પિતા, સકલ સૃષ્ટિના માલિક આ બધી વાતો તેં ડાહ્યા અને ચતુર માણસોથી ગુપ્ત રાખી બાળકો આગળ પ્રગટ કરી એ માટે હું તારી સ્તુતિ કરું છું ” (લૂક ૧૦ : ૨૧).

પ્રાર્થના કરીએ કે શુભસંદેશની ઘોષણા કરનારાઓને તાલીમ આપનારા, ઈસુની જેમ ઉમંગથી શુભસંદેશની ઘોષણા કરનાર બની શકે. ●


**પરેશ એ. વાઘેલા** — **૯૭૨૩૧ ૬૦૭૭૩**

**દિપક એ. વાઘેલા** — **૮૪૬૦૦ ૮૨૬૬૫**

**અગ્નેલ એર કંડિશનિંગ**

ફ્રીઝ, એ.સી., વોટરકૂલર રીપેરિંગ,
સર્વિસીંગ કરનાર


## સભાસદ જોગ

મુદ્દત વિતી બાકીદારોને જણાવવાનું કે પોતાનું બાકી પડતું મંડળીનું લેણું વેળાસર વ્યાજ સાથે ભરપાઈ કરી દેવું અન્યથા કોર્ટ રાહે દેવું વસુલ કરવામાં આવશે તથા સતત છ મહિનાથી હપ્તો બાકી હશે તેઓને પણ ભેટ વહેંચવામાં આવશે તો તે નહિ મળે જેની નોંધ લેશો. ભેટ મેળવવા ચઢેલા હપ્તા વ્યાજ સાથે ભરવાના રહેશે.

જે સભાસદો છેલ્લા ૧૦ (દસ) વર્ષથી કોઈપણ પ્રકારની લેવડદેવડ કરતા નથી તેમને લેવડદેવડ કરવા જાણ કરવામાં આવે છે અન્યથા તેઓને પણ ભેટ નહિ મળે જેની નોંધ લેશો. મંડળી જે નફો કરે છે તેમાંથી ભેટ વહેંચવામાં આવે છે. આ નફો નિયમિત લોન ભરનારા તથા થાપણદારોના કારણે થાય છે. દરેક સભાસદને વધુમાં વધુ ૧૫% શેરનું ડિવિડન્ડ ચુકવી આપવામાં આવે છે.

**મંડળી માટે એક પટાવાળા જરૂર છે લાયકાત નીચે મુજબ રહેશે.**
**અભ્યાસ :** ધોરણ ૧૦ પાસ/નાપાસ. **ઉંમર :** ૩૦ વર્ષથી વધુ નહિ.
તા.૩૦-૦૬-૨૦૧૬ સુધીમાં નીચે જણાવેલ સરનામે મંડળીને અરજી મોકલી આપવાની રહેશે.

**ખાસ નોંધઃ જે સભાસદોએ KYCના ફોર્મ ના ભર્યાં હોય તેમણે વેળાસર મંડળીનો સંપર્ક કરવો.**
**ફોર્મ ભરવા માટે** (૧) પાસપોર્ટ સાઈઝનો ફોટો (૨) લાઈટ બીલ (૩) પાન કાર્ડ (હોય તો) (૩) ચૂંટણી કાર્ડ (૪) મંડળીનું ઓળખપત્ર (૫) રેશન કાર્ડ વગેરેની ઝેરોક્ષ આપવી.

**આણંદ કેથોલિક કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ.**
સૂર્યનગર સોસાયટી, સેંટ ઝેવિયર્સ રોડ, પાધરિયા, આણંદ
ફોન નંબરઃ ૦૨૬૯૨-૨૫૫૨૮૫ ● મો. ૯૪૦ ૯૩૦ ૩૦૭૨

સેક્રેટરી
**શ્રી અશોકભાઈ જે. મેકવાન**

ચેરમેન
**શ્રી કાન્તીલાલ આર. મેકવાન**



# 'હૃદયભક્તિ'

✍ **સંકલન: તંત્રીશ્રી**

બે હૃદયોની વાત છે : ઈસુનું અને આપણું.

ઈસુ તો પ્રેમનો અવતાર છે અને હૃદય એ પ્રેમનું પ્રતીક છે, માટે ઈસુનું સાચું વ્યક્તિત્વ, લાક્ષણિક ગુણ અને મૂળ સ્વભાવ એમના પૂજ્ય હૃદય દ્વારા પ્રગટ થાય. એ ભલા ગોવાળ છે, પતિતોના બંધુ છે, ઉડાઉ દીકરાના પિતા છે. ઈસુનું જીવન - અને વિશેષ તો ઈસુનું મરણ અને અદ્‌ભૂત બલિદાન સમજવા માટે એમના હૃદય તરફ જોવાનું રહે છે. આપણા માટે એમને પ્રેમ છે એટલે જ એ આવે છે, બોધ આપે છે, માંદાઓને સાજા કરે છે. દુઃખીઓને આશ્વાસન આપે છે, પ્રતીસંસ્કાર સ્થાપીને આપણી વચ્ચે કાયમ રહે છે. ક્રૂસ ઉપર ચડીને આપણા દોષ માથે લે છે. ઈસુના અવતારનું રહસ્ય પ્રેમ જ છે. અને તેથી એનો સંકેત અને નિમિત્ત અને કેન્દ્ર એમનું પરમ પવિત્ર હૃદય છે.

અને પ્રેમ સમજવા માટે પ્રેમ જ જોઈએ. હૃદયને પારખવા માટે હૃદય જોઈએ. એ આપણું હૃદય અને આપણો પ્રેમ અને આપણી ભક્તિ. દિલ લઈને ઈસુની પાસે જઈશું તો દિલ લાગશે અને ભાવ જાગશે અને ધન્યતા થશે. એ હૃદયના સ્વામી છે. ધર્મ સમજવા અને બાઈબલ સમજવા અને ઈસુને સમજવા એ જ રીત છે. મન કરતાં હદય, અભ્યાસ કરતાં ભક્તિ, પાંડિત્ય કરતાં શરણાગતિ. ધર્મનું હાર્દ ભક્તિ છે અને તેથી ઈસુનો સાર પણ એમનું હૃદય જ છે. હૃદય હૃદયને મળે ત્યારે સગાઈ લાગે પ્રેમ જાગે. આપણા પૂર્ણ હૃદયથી ઈસુના અતિ પવિત્ર હૃદયની ભક્તિનો પરિચય કરીએ.

"ઉત્સવને છેલ્લે અને મુખ્ય દિવસે ઈસુએ ઊભા થઈને મોટા અવાજે કહ્યું : જો કોઈને તરસ લાગી હોય તો મારી પાસે આવે, અને જેને મારામાં શ્રદ્ધા હોય તે પીએ. શાસ્ત્રમાં કહ્યું છે તેમ, તેના અંતરમાંથી જીવંત જલની નદીઓ વહેશે. એમનામાં વિશ્વાસ રાખનારને પ્રાપ્ત થનાર પવિત્ર આત્માની તેઓ અહીં વાત કરતા હતા. પવિત્રાત્મા હજી આપવામાં આવ્યો નહોતો. કારણ, ઈસુને હજી મહિમાવસ્થા પ્રાપ્ત થઈ નહોતી." (યોહાન ૭:૩૯)

ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિ એ ઈસુના અવતાર જેટલી જૂની છે. જ્યારથી ઈસુ પર એમના શિષ્યો પ્રેમ કરવા મંડ્યા ત્યારથી જ ઈસુના હૃદયની ભક્તિની શરૂઆત થઈ એમ કહીએ તોયે ચાલે.

સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં ઈશ્વરે માણસોને હૃદયની ભક્તિનું વરદાન બક્ષવાનું નક્કી કર્યું. પાપીઓને અને પાંખડીઓને લીધે ઘણા ઈસુપંથીઓ ઈસુના પ્રેમમાં મંદ પડ્યા હતા. લોકોની કૃતઘ્નતાથી ઈસુના પ્રેમાળ હૃદયને ખોટું લાગ્યું અને પવિત્ર માર્ગરેટ મારીઆના શબ્દોમાં, એમણે જગતનું જાણે નવું તારણ કરવા ઠરાવ્યું. પ્રેમની નવી સુવાર્તા પ્રગટ કરવાને માટે કોઈ પ્રેષિતની પણ જરૂર હતી. પણ ઈશ્વરના માર્ગ કેવા અગમ્ય ! જગતને નવી ભક્તિ શિખાડવા માટે તે એક અબળાને પસંદ કરે છે.

ઈ.સ. ૧૬૭૫ની સાલમાં જૂનની ૧૬મી તારીખે સિસ્ટર માર્ગરેટ મારિયા દેવળમાં પ્રાર્થના કરી રહ્યાં હતાં. ઓચિંતા પ્રભુ ઈસુ એમને દર્શન આપે છે. પ્રેમના ભડકાથી ભડભડતું પોતાનું હૃદય બતાવીને કહે છે : "માણસો ઉપર અત્યંત પ્રેમ કરનાર આ મારું હૃદય નિહાળી લે. માણસોને મારો પ્રેમ સિદ્ધ કરવા હું કશું પણ ચૂક્યો નથી. છતાં માણસો મને પાપથી હેરાન કરતાં રહે છે. માટે આ પાપ બદલ મને મારા વિશ્વાસુ મિત્રો તરફથી ખાસ પ્રેમબદલો આપવામાં આવે એવો તહેવાર ધર્મસભામાં સ્થપાવ. જે લોકો તને આ કામમાં મદદરૂપ બનશે, એમને હું મારા હૃદયની કૃપાથી આશીર્વાદિત કરીશ."

ઈસુના હૃદયની ભક્તિની ખાસ ભલામણ પોપ અગિયારમા પિયુસને હાથે થયેલી. એમણે ઈસુના હૃદયનો તહેવાર ધર્મસભાના મોટામાં મોટા તહેવારોમાં ગણાવ્યો. ઈસુના હૃદયની ભક્તિના મહત્ત્વ વિશે લખતાં તેઓશ્રી કહે છે કે, "ઈસુના હૃદયની ભક્તિ એ આખા ઈસાઈ ધર્મનો જાણે સાર છે. જે કોઈ આ ભક્તિ બરાબર અમલમાં મૂકશે તે પવિત્ર જીવન ગાળશે." ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિનો પરિચય- અનુભવ મેળવવા ત્રણ બાબત આપણને મદદરૂપ બની શકે છે. (૧) પવિત્ર માર્ગરેટ મારિયાના પત્રો તથા અન્ય લખાણો. (૨) મહાશ્રી પોપના આ વિષયને લગતા વિશ્વપત્રો અને (૩) શુભસંદેશ.

ઉપરીઓની આજ્ઞાને વશ થઈ પવિત્ર માગરેટે પોતાની આત્મકથા લખી. તદુપરાંત નવી ભક્તિના સંદર્ભમાં લખેલા પત્ર અને ઉપદેશ અર્થેના લખાણ જે તેમના અવસાન પછી ૭૦૦ પાનાના ગ્રંથમાં પ્રકાશિત કરવામાં આવ્યું. દેવવિદ્યાના નિષ્ણાતોના ભક્તિના તાત્વિક અભ્યાસલક્ષી, તે વધારે સુરેખ બની, જે ક્રમાનુસાર તેરમા લીઓના પવિત્ર વર્ષ, અગિયારમા પિયુષના અતિ દયાળુ તારનાર અને બારમા પિયુષના તારણ જળ ના પરિપત્રમાં પ્રગટ થઈ છે. શુભસંદેશમાં ઈસુના હૃદયની ભક્તિનો ખુલ્લો ઉલ્લેખ નથી, પણ તત્ત્વ જરૂર મળે છે. સંત યોહાન કહે છે, અમે તો ઈશ્વરના પ્રેમ (હૃદય) પર શ્રદ્ધા રાખીએ છીએ. પાપી સ્ત્રીને તેમની આગળ સજા અર્થે ખડી કરવામાં આવે છે ત્યારે તેઓ માફી આપે છે. ઈસુએ દસ સંત પિત્રિયાઓને સાજા કર્યા અને કેવળ એક જ આભાર માનવા પાછો ફરે છે. ત્યારે નવની કૃતઘ્નતા ઈસુને સાલે છે. ઈસુએ ફરિયાદ કરી કે, 'શું દસે જણને શુદ્ધ કરવામાં આવ્યા નહોતા ? બીજા નવ ક્યાં છે ! ઈશ્વરનો મહિમા કરવાને પાછા વળે એવો આ પરદેશી સિવાય કોઈ મળ્યો નહિ શું !'

આપણી કૃતઘ્નતા અંગે ફરિયાદ કરતાં ઈસુ પવિત્ર માગેરેટ પાસે આશ્વાસન માગે છે. 'ઓછામાં ઓછું તું મને આશ્વાસન આપ..... મારા હૃદયના ઘા રુઝાવ.... જો મારા પ્રેમના જવાબમાં માણસો મારા માટે જે મે કર્યું છે તે બધું મને ઓછું લાગશે અને બની શકે તો એથી પણ વધારે કરવાની ઈચ્છા મને થશે.' આ જ પ્રશ્ન પ્રત્યેક શ્રદ્ધાળુ માટે હોઈ શકે !

ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિનો વિચાર કરતાં આપણે 'આત્મનિવેદન' કરીએ, એટલે પોતાની જાતને તથા પોતાનું બધું પ્રભુને સમર્પણ કરીએ. સંત ઈગ્નાસની પ્રાર્થના આત્મસાત કરીએ.

"ઓ પ્રભુ, મારી આખી સ્વતંત્રતા, મારી સ્મરણશક્તિ, મારી અક્કલ, મારી પૂરી ઈચ્છા ને મારું સર્વસ્વ લે અને સ્વીકાર. ઓ પ્રભુ, જે તે મને આપ્યું છે, તે સઘળું હું તને પાછું આપું છું. તે તારું જ છે, તારી મરજી પ્રમાણે જ તું તેની રચના કર. મને તો કેવળ તારો પ્રેમ અને પ્રસાદ આપ, અને એટલું જ મારે બસ છે."

ફાધર દે લા કાલોબિયર (ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિનો આરંભ કરવામાં મદદગાર ઈસુસંઘી) ની આપણે પ્રાર્થના આપણને પ્રેરણા આપે છે.

"મારી શુદ્ધ ને તીવ્ર ઈચ્છા એ છે કે આ જ પળથી હું મારી જાત તથા મારી બધી વસ્તુઓને ભૂલી જાઉં, એ માટે કે બધી અડચણો દૂર કરીને હું તારા પૂજ્ય હૃદયમાં પ્રવેશી શકું. હે પવિત્ર હદય, તું મને સાચો રસ્તો બતાવે એવી તારી વિનંતી કરું છું. એ માટે કે મને પોતાને છેક ભૂલાવી દઈને જેની અભિલાષા મારામાં તેં પેદા કરી છે તે શુદ્ધ, નિર્મળ પ્રેમ અને પ્રાપ્ત થાય."

નિષ્કલંક માતા કુમારી મારિયાના શબ્દો માનજાતને માટે રટણ કરવા આચરણમાં ઉતારવા યોગ્ય છે. 'તારા શબ્દ પ્રમાણે મને થાઓ.' દરેક સંજોગોમાં હે ઈસુના પૂજ્ય હૃદય, તારી ઈચ્છા પ્રમાણે મને થાઓ.'

ખુદ ભગવાન ઈસુનાં વચન સમર્પણ ભાવ માટે આદર્શ છે.
'જો તારી ઈચ્છા પૂરી કરવા હું તત્પર છું.'
'જે મારા પિતાને પસંદ પડે તે જ હું હંમેશા કરું છું.'

'જેમ મને મોકલ્યો છે તેની ઈચ્છા પૂરી કરીને તેનુ કાર્ય પૂર્ણ કરવું, એ મારો આહાર છે." જે કામ કરવાનું પિતાએ મને સોંપ્યું હતું તે મે પૂરું કર્યું છે.

ગાલીલના સમુદ્ર કાંઠે ઈસુનું આમંત્રણ 'મારી પાછળ આવો', 'હું તેઓ માણસોને પકડનારા બનાવીશ,' અને શિષ્યો 'સઘળું મૂકીને તેઓ તેની પાછળ ચાલતા થયા !' ઈસુના આમંત્રણનો આપણે શો પ્રત્યુત્તર હોઈ શકે !

હે ઈસુના પૂજ્ય હૃદય,
હું તારી ભલાઈનો આભારી છું,
મારી ક્ષતિઓની માફી માંગુ છું,
હંમેશા તારો જ રહેવાને ઉત્કંઠિત છું.
પાપ તથા આરોગ્ય કાર્ય બદલ,
મારી કૃતઘ્નતા, મારી શિથિલતા, ને મારી મંદ ભક્તિ બદલ,
પશ્ચાત્તાપરૂપે હું તારા પૂજ્ય હૃદયને મારું હૃદય અર્પું છું.
એને વફાદાર મિત્રનું રહેઠાણ સમજીને
એમાં તું આવ અને રહે.
સતત હું એમ જ માનીશ કે તું હંમેશાં મારી પાસે જ છે.
તારી સાથે કામ કરીશ અને આરામ કરીશ,
તારી સાથે પ્રાર્થના કરીશ અને દુઃખ વેઠીશ.
તારી સાથે આત્માઓનો ઉદ્ધાર કરીશ.
હું માતા મિરિયમની મારફતે વિનંતી કરું છું કે
તું મારું હૃદય એવું બનાવે
કે તે હંમેશા તારી જ ઝંખના સેવે,
અને તું ઈચ્છે ત્યારે તેમાં આરામ લઈ શકે.
તથાસ્તુ.

રોજબરોજના જીવનમાં તપોમય, લાગણીપ્રધાન અને સક્રિય બદલાર્પણ દ્વારા ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિમાં સુદૃઢ બનીએ. કાલવારીની કુરબાનીને ખ્રિસ્તયજ્ઞમાં જીવંત-તાજી કરીને આંતરિક જીવનનું બદલાર્પણ આપણને જોમ આપી શકે છે. સંત લૂકના ગ્રંથ (૭:૩૬-૫૦) માં 'પ્રેમભર્યો પશ્ચાતાપ'માં ઈસુના પૂજ્ય હૃદય પ્રત્યેના બદલાર્પણનો આદર્શ મળે છે.

'હે ઈસુના પૂજ્ય હદ્રય, હું તારા ઉપર ભરોસો રાખું છું', ટૂંકી પ્રાર્થનાએ સમગ્ર જગત સર કર્યું છે. રોજ અવારનવાર આ પ્રાર્થનાનું રટણ કરીએ. સમય સંજોગોમાં તેના વિશે વાત કરીએ, સાક્ષી આપીએ. ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિની જેટલી ઓળખ થશે તેટલો પ્રસાર થશે. ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિ આપણા ધર્મનું મહત્ત્વનું અંગ છે. ધર્મસભામાં નીવડેલા સંતગણ અને સાપ્રંત જમાનાના પવિત્ર શ્રદ્ધાળુના જીવનના અંતરંગમાં ઈસુના પૂજ્ય હૃદય પ્રત્યેનો આદર જ કારણભૂત હશે. પવિત્ર માર્ગરેટ એ જ સત્ય આગળ ધરે છે : પવિત્ર થવાનો આ ઉત્તમ રસ્તો છે.

**મૂળ કૃતિ :** 'હૃદયભક્તિ' ફાધર વાલેસ.

ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિને ઓળખવા, અપનાવવા અને પવિત્ર જીવન ગાળવા વાંચો :

(૧) 'હૃદયભક્તિ' - ફાધર કાર્લોસ વાલેસ એસ.જે.
(૨) સંત માર્ગરેટ મેરીની આત્મકથા
અનુઃ ફાધર થોમસ આલ્ફોન્સ એસ.જે.

**પ્રાપ્તિ સ્થાન :** ગુજરાત સાહિત્ય પ્રકાશ - આણંદ


## મકાન વેચવાનું છે

*ભાવના કોલોની, ગામડીમાં સંપૂર્ણ સુવિધાવાળું બે માળનું રૉ-હાઉસ ટાઈપ મકાન વેચવાનું છે.*

:: સંપર્ક ::

**મો. ૯૧૦૪૩૫૧૯૮૮ / ૯૪૨૭૬ ૧૦૩૪૯**

## લક્ઝુરીયસ બંગલો વેચવાનો છે

***ફિક્સ ફર્નિચર સાથે***

*૨, આલેખ ટ્વીન્સ,* 3 BHK, ૧૭૫૦ બાંધકામ, ૧૩૦૦ sq. ft. પ્લોટ.

સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, ચાવડાપુરા રોડ, આણંદ

**મો. ૯૭૧૪૮ ૬૮૩૬૦**

# સ્વચ્છતાનું મહત્ત્વ

✍ રાજેશ ક્રિશ્ચિયન

વર્ષોથી ભારતમાં ૧ લી જૂનથી શરૂ થતું અઠવાડિયું સ્વચ્છતા સપ્તાહ તરીકે મનાવવામાં આવે છે. રાજકીય સ્તરે દરેક, રાજ્ય સ્વચ્છતા બાબતે કાર્યક્રમોનું આયોજન કરતા રહ્યા છે. પહેલાં નિર્મળ ભારત અભિયાન ચાલતું હતું પરંતુ નરેન્દ્ર મોદીની સરકાર આવ્યા પછી અને નરેન્દ્ર મોદી વડાપ્રધાન પદે આરૂઢ થયા પછી સ્વચ્છ ભારત અભિયાનની ખૂબ જોરશોરથી ઉજવણી થઈ છે. ૨ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ મહાત્મા ગાંધી જન્મજયંતી દિવસે વડાપ્રધાને "સ્વચ્છ ભારત અભિયાન" નો પ્રારંભ કરાવ્યો હતો. નવી દિલ્હીની વાલ્મિકી વસ્તીમાં પ્રધાનમંત્રીએ જાતે હાથમાં ઝાડું લઈ સફાઈ અભિયાનના શ્રીગણેશ કરાવ્યા હતા અને રાષ્ટ્રપિતાની ૧૫૦મી જયંતી ૨ ઓક્ટોબર ૨૦૧૯ સુધીમાં સ્વચ્છ ભારત, બનાવવાની જાહેરાત પણ કરી હતી. સમગ્ર દેશવાસીઓએ દર વર્ષે ૧૦૦ કલાક સ્વચ્છતા માટે આપવા તે માટે અનુરોધ કર્યો હતો.

મોટામોટા નેતાઓ, અભિનેતાઓ, 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્માની' ટીમે વગેરે અભિયાનમાં જોડવા આહ્‌વાન આપ્યું હતું. શરૂઆતમાં તો મોટા ઉપાડે આ ઝૂંબેશ અભિનેતાઓ, રમતવીરો, વગેરેમાં જોડાયા, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક્સ મીડિયા હાથમાં ઝાડું લઈ સફાઈ કરતી સેલિબ્રિટીઓથી ઉભરાવા લાગ્યું પરંતુ જેમ શરૂઆતનો જુવાળ આથમી જાય તેમ આ અભિયાનની પણ હવા નીકળી ગઈ હોય તેમ લાગે છે ! આ ઝૂંબેશ, ફોટો અભિયાન અને પોસ્ટર અભિયાન, થઈને રહી ગયુ હોય તેમ અનુભવાય છે અને સ્વચ્છતા બાબતે કોઈ મોટો ફેરફાર કરાવ્યો હોય તેમ લાગતું નથી.

પરંતુ તટસ્થતાથી વિચારીએ તો એમ લાગે છે કે આ અભિયાન આપણા દેશ માટે એક સુંદર શરૂઆત બની શકે છે. આપણામાં કોઈ વિદેશ પશ્ચિમી દેશોની મુલાકાતે જઈ આવ્યા હોય એ ત્યાંની સ્વચ્છતાની વાતો કરતાં થાકતા નથી. ત્યાં રસ્તા કેવા ચોખ્ખા ચણાક. ધૂળ માટી કે ગંદકી જરાય ન દેખાય ત્યાંની જાહેર મિલકતોમાં સાફ સુથરી પાનની પીચકારી તો ક્યાં નજરે ના પડે અને જાહેર શૌચાલયોની તો શું વાત કરવી... ત્યાં બેસીને ભોજન લઈ શકાય તેટલાં સ્વચ્છ વગેરે વગેરે અને આપણા દેશમાં તો જ્યાં જુઓ ત્યાં કચરાના ઢગ અને ગંદકી, ઉકરડા સરકારી ભવનો અને જાહેર બિલ્ડિંગો એટલી ગંદી હોય કે તેમાં દાખલ થતાં ઉબકો આવી જાય.. દાદરાની બંને તરફ પાનની પીચકારીનું મોર્ડન ચાર્ટ જોવા મળે! આવાં ચિતરામણોથી બચવા ઘણા ભવનોમાં ભગવાનના ફોટાવાળી ટાઈલ્સ લગાડવાનો રીવાજ શરૂ થયો છે. છતાં આવાં પવિત્ર ફોટાની આજુબાજુ દીવાલો પર હજુ પણ ગંદકી જોવા મળે છે. સુંદર મજાના રસ્તે કે ચાર રસ્તે ચાલુ વાહને આગળ જતી કારનો એક તરફનો દરવાજો અડધો ખુલ્યોને તેમાંથી ગુટકાની પિચકારી છૂટે અને એ બેફિકરાઈથી દૂર ભાગી જાય એવાં દૃશ્યોની આપણે ત્યાં નવાઈ નથી. આપણા જાહેર શૌચાલયોની તો વાત જ ન કરાય ! ભૂલમાં પણ તેનો ઉપયોગ કરવાની નોબત આવે તો નાકે રૂમાલ બાંધીને જ જવું પડે. કેટલાક જાહેર શૌચાલયોની હાલત જોતાં એમ લાગે કે બાંધ્યા પછી આજ દિન સુધી સાફ સફાઈ નહિ થઈ હોય. એક મિત્ર મજાકમાં કહે તો અમદાવાદથી મુંબઈ ટ્રેનમાં જતાં હોઈએ ત્યારે તો સવારે મુંબઈ આવી ગયું એ જાણવા બારીની બહાર જોવાની જરૂર જ ના પડે ! દુર્ગંધ આવવાની શરૂ થાય એટલે સમજી જવાનું કે મુંબઈ આવી ગયું અને જો ભૂલથી બારી બહાર નજર નાંખો તો પાટા પર અસંખ્ય લોકો ખુલ્લામાં હાજતે બેઠેલા હોય એવું દૃશ્ય નજરે પડે ! લોકો કરે પણ શું ? શહેર વિસ્તારમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા લાકોને ઓટલો ના મળ્યો હોય ત્યાં શૌચાલયની સગવડ ક્યાંથી હોય ? ભારત વર્ષમાં રોજે રોજ લાખો, કરોડો લોકો ખુલ્લામાં શૌચક્રિયા કરવા મજબૂર છે. સ્ત્રીઓ અને બહેનોની સ્થિતિ તો આનાથી પણ વધુ કફોડી હોય છે. ગામડાં અને શહેરમાં મહિલાઓ કુદરતી હાજતે સાંજ પડે અને અંધારુ થાય ત્યાં સુધી રાહ જોતી હોય છે. આઝાદીના ૬૮ વર્ષ પછી પણ આવી સ્થિતિ છે કે સરકારે ઘેર ઘેર શૌચાલય બનાવવાની ઝૂંબેશ ઉપાડી છે. પરંતુ આદર્શ પરિસ્થિતિથી આપણે હજુ જોજનો દૂર છીએ.

તાજેતરમાં લોકસભામાં જણાવ્યા પ્રમાણે ૨ ઓક્ટોબર ૨૦૧૪ થી માર્ચ ૨૦૧૬ના સમયગાળાના આંકડા તપાસતાં માલુમ પડ્યું કે ૨૫ લાખ ઘર શૌચાલયનાં ટાર્ગેટ સામે લગભગ ૫૪ ટકા એટલે ૧૩.૨૬ લાખ ઘર શૌચાલયોનું નિર્માણ થયું છે અને એમાં ગુજરાતમાં લગભગ ૫ લાખનો છે. જાહેર શૌચાલયોના ૧ લાખના ટાર્ગેટ સામે અંદાજે ૬૮ હજાર શૌચાલયોનું નિર્માણ આ સમયગાળા સુધી પૂર્ણ થયેલ, જેમાં સૌથી શ્રેષ્ઠ કામગીરી ૩૭ હજાર જાહેર શૌચાલયોના નિર્માણ દ્વારા આંધ્ર પ્રદેશ પ્રાપ્ત કરેલ છે. ઉપરોક્ત આંકડાઓ જોતાં શૌચાલયોની જરૂરિયાતની ગંભીરતા સમજી શકાય તેમ છે અને વર્ષો પહેલાં ગુજરાતના ખ્યાતનામ કથાકાર મોરારી બાપુએ કહેલ, આપણા દેશને દેવાલયો કરતાં, શૌચાલયોની વધુ જરૂર છે.' એ કથન યોગ્ય લાગે છે.

પશ્ચિમી દેશોની અને આપણા દેશના લોકોની સરખામણી કરતાં એક વાત ધ્યાન પર આવે છે કે પશ્ચિમી દેશોએ સ્વચ્છતાને ખૂબ મહત્ત્વ આપ્યું છે અને અંગત સ્વચ્છતા પર ખાસ જોર નથી આપ્યું. ત્યાંની પ્રજા રોજે રોજ સ્નાન નહિ કરે શૌચક્રિયા પછી પાણીને બદલે પેપર વાપરતી પણ કદાપી જાહેરમાં કચરો ફેંકશે નહિ કે જાહેર મકાનો પર કોઈ પ્રકારની ગંદકી કરશે નહિ. જ્યારે આપણે અંગત સ્વચ્છતાને ખૂબ મહત્ત્વની ગણી છે. આપણી સંસ્કૃતિમાં મંદિર પૂજાનો ઓરડો અલાયદો હોય, વહેલી સવારે સ્નાન કર્યા વિના રસોડામાં પ્રવેશ ના કરે. માસિકના દિવસોમાં બહેનો મંદિરમાં પ્રવેશવાની પણ મનાઈ, વગેરે પરંતુ રોજ સવારે ઘરમાં ઝાડું વાળ્યા પછી બારીમાંથી આજુબાજુ નજર નાંખી કચરો રસ્તા પર ફેંકતા આપણને કોઈ જ જાતની શરમ નડતી નથી ! ઊંચી ઈમારતોમાં પણ ઉપલા માળેથી નીચે કચરો નાંખવાની આદતે નીચે પસાર થતાં લોકો પર ગંદકી વર્ષતાં આપણે ઘણી વાર જોઈએ કે રસ્તે ગમે તે ઠેકાણે લઘુશંકા કરતા લોકોને જોતાં એમ લાગે કે

"સ્વચ્છતા ત્યાં પ્રભુતા એવું ફક્ત પુસ્તકો કે ઉપદેશો માટે જ હશે." નજરે જોયેલ એક પ્રસંગ ટાંકવા માંગું છું. થોડા વર્ષો પહેલાં ચીનની મુલાકાતે ગયો હતો. ત્યારે બેઈજીંગથી થોડે દૂર 'ટેમ્પલ ઓફ હેવન' નામના એક મહત્ત્વના ઐતિહાસિક બોદ્ધ મંદિરની મુલાકાત લીધી. જ્યારે અમારી ટુરિસ્ટ બસ આ મંદિરની બહાર ઊભી રહી અને હું નીચે ઉતર્યો તો એક અદ્‌ભૂત દૃશ્ય જોવા મળ્યું. રસ્તાની સામેની તરફ એક ઊંચી ઈમારત બંધાઈ રહી હતી. આપણે ત્યાં જો કોઈ મકાન બંધાતું હોય તો ઈંટ, રેતી જેવા બાંધકામનો સામાન રસ્તા ઉપર જ ઊતારી દેવાય, ભલેને તેનાથી લોકોને કે ટ્રાફિકને અડચણ ઊભી થાય ! જ્યારે આ ઈમારતનું સ્થળ ચારે બાજુ કપડાંથી ઢાંકી દીધેલું હતું જેથી ધૂળ માટી રેતી પાણી બહાર રસ્તા પર ઊડે નહિ, આ સ્થળે બાંધકામની સામગ્રી ટ્રકો દ્વારા લવાતી અને અંદર મેદાનમાં ઠલવાતી બાંધકામની જગ્યાએ પોચી ભીની માટી તો હોવાની જ જે ટ્રકના પૈડા પર ચોંટી જાય. અમે જોયું કે જ્યારે આવી ટ્રકો માલ સામાન ખાલી કરી રસ્તા પર પરત ફરે તે પહેલા તો લોક વ્યક્તિ વાયર બ્રશથી ટ્રકના ટાયર સાફ કરતો ટાયરની નક્શીમાં ચોટેલી માટી બ્રશ વડે કાઢી કાઢતો પછી પાણી વડે ટાયર ધોતો ત્યાર પછી જ એ ટ્રક જાહેર રસ્તે આવતી. આમ કરવાનું કારણ પૂછતા જાણવા મળ્યું કે જાહેર માર્ગો ગંદા ન થાય એટલા માટે આવું કરવામાં આવતું હતું. સ્વચ્છતા માટે કેટલી ચોક્સાઈ ! આપણે બધા પ્રકારની ગંદકીથી ટેવાઈ ગયાં છીએ. જળ, વાયુ પ્રદૂષણ આને જ આભારી છે. આપણી લોકસંસ્કૃતિ એવી નદીઓની હાલત પણ અતિશય ખરાબ છે. ભારતમાં બહુમતિ પ્રજાની ધાર્મિક માન્યતા સાથે જોડાયેલ હોવાથી 'સ્વચ્છ ગંગા અભિયાન' ચાલી રહ્યું છે. કરોડો રૂપિયા ખર્ચાવા પછી પણ કોઈ ખાસ પરિણામ કે ફરક જોવા મળતો નથી અને દેશની લોકમાતાઓની પરિસ્થિતિની તો શી વાત કરવી ! ફેક્ટરીઓના કેમિકલયુક્ત પાણી બેરોકટોક નાળા, સરોવરો અને સમુદ્રમાં વહેવડાવવામાં આવે છે. આપણા ગુજરાતનાં ઔદ્યોગિક વિસ્તારની આજુબાજુ આવાં જલસ્ત્રોતો હવે તો વાપરી ન શકાય એ હદે હવે પ્રદૂષિત થઈ ચૂક્યાં છે. ઉદાહરણ તરીકે થોડા દાયકા પહેલાં વહેતી ખારી નદી વટવા અને ઓઢવ જેવાં ઔદ્યોગિક વિસ્તારની ફેક્ટરીઓને કેમિકલ યુક્ત પાણીથી એટલી બધી પ્રદૂષિત થઈ ગઈ છે કે તે પાણીનાં સંપર્કમાં તેણે નદીની આજુબાજુ રહેતી વસ્તી ચામડીના ગંભીર રોગોથી પરેશાન છે અને નજીકનાં ગામડાંનું પાણી પણ લાલ રંગનું થઈ ગયું છે. આજ પરિસ્થિતિ બીજે બધે ઠેકાણે જોવા મળે છે.

તો આ બધાનો ઉકેલ શું ? જ્યારે આપણે સહુ સ્વચ્છતાનું મહત્ત્વ સમજીશું અને તે માટે પ્રયત્નશીલ થઈશું તો જ કોઈ ફેરફાર આવશે. બાળકોને નાનપણથી જ સ્વચ્છતાના પાઠ શીખવવા પડશે. મોટેરાઓએ પણ પોતાની આદતો બદલવી પડશે. સ્વચ્છતાની જવાબદારી ફક્ત સરકારની નથી પરંતુ બધાં દેશવાસીઓને ભાગીદાર બનવું પડશે અને સમગ્ર દેશવાસીઓએ ખાસ તો રાજકારણીઓએ પ્રમાણિકપણે પ્રયત્ન કરવો પડશે અને જો આપણાં દિલ અને દિમાગ, સ્વચ્છ હશે તો "ભારત ઉદય" નક્કી છે એમ માનવું રહ્યું. ●


## ડોટર્સ ઓફ દ હાર્ટ ઓફ મેરી (D.H.M.)ના સિસ્ટરો દ્વારા સંચાલિત

### નિર્મળા સમાજ કેન્દ્ર ટ્રસ્ટ

*છેલ્લાં ૧૭ વર્ષથી ૧ વર્ષનો નર્સિંગ આસિસ્ટન્ટ કોર્સ બહેનો અને ભાઈઓ માટે ચલાવે છે.*



**ટ્રેનિંગની વિગતઃ** થીયરી, હોસ્પિટલ પ્રેક્ટિકલ, સ્ટડી ટીપ્સ

**શૈક્ષણિક લાયકાતઃ** ધોરણ ૧૦ પાસ કે તેથી વધુ

**કોર્સ ફીઃ** રૂા. ૭,૦૦૦/-

**પ્રમાણપત્રોઃ** (૧) ૩ પાસપોર્ટ સાઈઝના રંગીન ફોટા (૨) માર્કશીટ (૩) સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટ. (૪) આધાર કાર્ડ / ચૂંટણી કાર્ડ / રેશન કાર્ડ (કોઈ પણ એકની ઝેરોક્ષ)

**નોંધઃ** *દૂરથી આવનાર બહેનો માટે જરૂર મુજબ રહેવાની સુવિધા ઉપલબ્ધ છે.*

100% JOB GUARANTEE

**વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માટે પ્રવેશ ચાલુ છે.**

સરકાર માન્ય સર્ટિફિકેટ

**–: વધુ માહિતી માટે સંપર્ક કરો :–**

નિર્મળા સમાજ કેન્દ્ર, ઝેવિયરનગર સોસાયટી, નવાયાર્ડ, વડોદરા

ફોનઃ ૦૨૬૫-૨૭૭૨૫૭૭ ● મોબાઈલઃ ૯૮૭૯૪ ૫૬૭૬૭ ● Email: nirmalsamaj@gmail.com

**સમયઃ સોમવાર થી શનિવાર, સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ અને ૨.૦૦ થી ૫.૦૦**

# ઈશ્વરની દયાનો વરસાદ

✍ મેકવાન રાજુભાઈ ગોપાલભાઈ

*સરદાર પટેલ વિનય મંદિર (ઉ.મા. વિભાગ) વાસદ*

ઈશ્વરની દયા એટલે વરસાદ. વરસાદ હંમેશા માનવજાતનું ભલું કરે છે. વરસાદને જોઈ શકાય છે. વરસાદ જંગલમાં, માનવવસવાટમાં, રણમાં અને ખેતરમાં બધે જ વરસે છે. ખારા જળને મીઠા જળમાં રૂપાંતરિત કરી માનવ ઉપયોગી થવાની ક્રિયા એટલે વરસાદ. વરસાદના ટીપાને ગણી ન શકાય. વરસાદના ઘણાં નામ છે. ધોધમાર વરસાદ, સાંબેલાધાર વરસાદ, ફોરાંધ વરસાદ, ઝરમરિયો વરસાદ, શ્રાવણિયો વરસાદ આવા તો અનેક ગણાવી શકાય. આપણા પરમેશ્વરની દયા વરસાદ જેવી છે. પરમેશ્વર પિતા પાપી અને પુણ્યશાળી, બાળક અને વૃદ્ધ, સ્ત્રી અને પુરુષ દરેક પર પોતાની દયા વરસાવે છે. વિશેષ રૂપમાં પાપી પશ્ચાતાપનાં આંસુ સારીને મન પરિવર્તન કરે તેની પર ઈશ્વરની કૃપા વિશેષ રૂપમાં ઊતરી આવે છે. ઈશ્વર આપણી પર અઢળક દયા વરસાવે છે. ફક્ત આપણે દયાનો અનુભવ કરવાની જરૂર છે.

પરમેશ્વરે પોતાના એકના એક પુત્રને ધરતી પર મોકલીને માનવજાત પરનો પ્રેમ અને દયા બતાવી છે. આપણા પરમેશ્વર દયાના સાગર છે. જો દરિયામાંથી પાણી ઓછું થાય તો ઈશ્વરની દયા ઓછી થાય ! અર્થાત્ ઈસુ અબાલવૃદ્ધ સૌ પર દયા રાખે છે. દરેકને માફ કરે છે અને માથ્થી ૧૧:૨૮માં કહે છે - “ઓ થાકેલાઓ અને ભારથી કચડાયેલાઓ તમે બધા મારી પાસે આવો, હું તમને આરામ આપીશ.” પણ અફસોસ એ વાતનો છે કે આપણે ઈસુ પાસે જતા નથી અને દુન્યવી બાબતો પાસે જઈએ છીએ. આપણો પ્રભુ તો કરૂણાનો ભંડાર છે તે આપણી પાસે આવે છે. અને દયાનો વરસાદ વરસાવે છે. આપણે તેનો આભાર માનવો જ રહ્યો -

“પ્રભુનો માની લો આભાર,
એ છે ભલાઈનો ભંડાર,
એની કરુણા શાશ્વત અપરંપાર”

વિનિત જોડણીકોશ મુજબ ગુજરાતી ભાષામાં “દયા” અર્થાત્ બીજાની મુશ્કેલી દૂર કરવા માટે મદદ કરવી. આપણે સૌ આ અર્થ જાણીએ છીએ, સમજીએ છીએ પણ જીવનમાં ઉતારતા નથી. લૂક : ૬:૩૬માં “તમારા પિતા જેવા દયાળુ છે તેવા તમે પણ દયાળુ થજો.” ઈશ્વરની દયા અને આપણી દયા વચ્ચે જમીન આસમાનનો ભેદ છે. આપણે બીજાને મદદરૂપ થવા કરતાં તેની મુશ્કેલીમાં વધારો કરીએ છીએ. પછી લોકોને બતાવવા માટે મદદ કરીએ છીએ. શું આ દયા છે ? કદાચ આપણે બીજાને મદદ કરીએ, તેમાં પણ આપણો સ્વાર્થ રહેલો છે કે મેં તેને મદદ કરી તો તે મને કાલે મદદ કરશે. મિત્રો, આ દયા નથી વ્યવહાર છે. ઈશ્વરની દયા એટલે “પરમાર્થ” અને આપણી દયા એટલે “વ્યવહાર”. આ બાબત સમજવા માટે શ્રી આનંદશંકર ધ્રુવનો “વ્યવહાર અને પરમાર્થ ” નિબંધ વાંચવો જ રહ્યો. અને વિશેષમાં સંત લૂક કૃત શુભસંદેશનો અધ્યાય ૬ અને કલમ ૨૭ થી ૩૬ “અપકાર ઉપર ઉપકાર” એક વખત વાંચીએ અને મનમાં વિચારીએ કે આપણે જે દયા કરીએ છીએ. તે ખરેખર દયા છે ? જવાબ “ના” આવશે. વડાધર્મગુરુ ફ્રાન્સિસ દ્વારા “દયાવર્ષ” ઉજવવાનું આપણને કહ્યું છે તો આપણો જવાબ “હા” માં આવે તે સાચી ઉજવણી છે.

ઈશ્વરની દયા અને માનવીની દયા વચ્ચે તફાવત રહેલો છે. ઈશ્વરની દયા શાશ્વત જ્યારે માનવીની દયા નાશવંત છે. ક્ષણિક છે. ઈશ્વર વારંવાર દયા વરસાવે છે જ્યારે માનવ સમય, સંજોગો અને પરિસ્થિતિ પ્રમાણે દયા કરે છે. અલબત આ દુનિયામાં એવા પણ લોકો છે કે જે ઈશ્વરના માર્ગ પર ચાલીને ઈશ્વરની જેમ જ દયાનો વરસાદ વરસાવે છે. પણ એવા માણસો કેટલા ? બહું ઓછા.

ઈશ્વરની દયા એટલે “નિરંતર વહેતી નદી” અને માનવની દયા એટલે તળાવ. સતત વહેતી નદી સુકાતી નથી, જ્યારે તળાવ સુકાઈ જાય છે. જેમકે કોઈ વ્યક્તિ આપણા ઘરે એક કે બે વખત કોઈ વસ્તુ જાણવા માટે આવે તો આપણે તેને આપીએ છીએ અને પછીના દિવસે ના પાડીએ છીએ કે આને તો રોજની ટેવ પડી ગઈ છે અને ગુજરાતી કહેવત બોલીએ કે “દયા ડાકણને ખાય.” આપણું દયા રૂપી તળાવ સુકાઈ જાય છે અને ઈશ્વરની દયા રૂપી સરિતા સતત વહ્યા કરે છે. આપણે વારંવાર પાપ કરીએ છીએ અને ઈશ્વર માફ કર્યે જ જાય છે પરંતુ આપણે બીજાને માફ કરી શકતા નથી. “તમારા પિતા જેવા દયાળુ છે તેવા તમે પણ દયાળુ બનજો. ” આ વચન આપણા દિલમાં કોતરી રાખવાની જરૂર છે. જીવનમાં ઉતારી, બીજાને માફ કરી પરમેશ્વર પાસે માફી માંગવાની જરૂર છે. આ છે દયાવર્ષની સાચી ઉજવણી.

સંત માથ્થી કૃત શુભસંદેશ ૫:૭) માં પ્રભુ કહે છે :

“દયાળુ પરમ સુખી છે, તેઓ દયા પામશે.” સાચુ સુખ શોધવા માટે આપણે દયાળુ બનીને બીજાને માફ કરીએ અને ઈશ્વરની દયાનો અનુભવ કરીએ. આપણે પ્રભુને વિનંતી કરીએ કે હે પ્રભુ અમે તો ફટાકિયા મોતી જેવા પામર મનુષ્યો છીએ. અમારા દોષો ન જોતાં તમારા દયા અને કૃપા અમારા પર રાખો. અમને પાપના માર્ગમાંથી મુક્તિ આપી તમારા માર્ગ પર ચાલવાની શક્તિ આપો તથા બીજાને માફ કરવાનું શુદ્ધ મન આપો એ જ અભ્યર્થના સાથે આપણે ગાઈએ કે -

“દયા કૃપાળુ પ્રભુ હે, મુજ પર દયા તમારી રાખો
કરૂણા સાગર અપરાધો મુજ સહુયે ભૂંસી નાખો

સકલ દોષ મુજ ધોઈ ધોઈને મુજને સ્વચ્છ કરોને
સકલ પાપ મુજ નષ્ટ કરી દઈ આતમ શુદ્ધ કરોને” ●

મો. ૯૯૨૫૭ ૫૦૯૮૩

# દયાનું મૂર્ત સ્વરૂપ

✍ સિરિલ એ. દાવલા

*નિવૃત્ત શિક્ષક, આણંદ*

૮મી ડિસેમ્બર ૨૦૧૫ના રોજ વડા ધર્મગુરુ ફ્રાન્સિસે ૨૦૧૬ના વર્ષને ઈશ્વરની દયાનું વર્ષ ઘોષિત કર્યું છે અને આપણા પિતા જેવા દયાળુ છે તેવા દયાળુ બનવા માટે આપણને હાકલ કરી છે. જાન્યુઆરી - ૧૬ના પાવન હૃદય 'દૂત'ના આવરણ પૃષ્ઠ પર હૃદયસ્પર્શી ચિત્ર દ્વારા 'દૂત' દ્વારા પણ આ સંદેશને ખૂબ જ સચોટ રીતે રજૂ કર્યો છે : 'દયા પરમો ધર્મ' હાલની સાંપ્રત પરિસ્થિતિમાં આ સંદેશનું - ઘોષણાનું મહત્ત્વ ખૂબ જ વધી જાય છે.

આપણે પૂરી શ્રદ્ધાથી સ્વીકારીએ છીએ કે સકળ સૃષ્ટિનું સર્જન ઈશ્વરપિતા દ્વારા કરવામાં આવ્યું છે. એ તો સ્વયં સ્પષ્ટ છે કે કર્તા વિનાની કૃતિ અસંભવ છે. આપણે એ પણ માનીએ છીએ કે ઈશ્વરે સકળ સૃષ્ટિમાં એક માત્ર માનવીનું સર્જન સાવ નોખી રીતથી કર્યું છે. માનવીને પોતાની પ્રતિમૂર્તિ રૂપ ઘડ્યો છે અને પોતાનો પ્રાણ એમાં પૂર્યો છે. આ સૃષ્ટિનું જતન કરવાની જવાબદારી તેને સોંપી છે. એટલું જ નહિ એનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાનો અધિકાર પણ આપ્યો છે. એટલે તો આપણી જવાબદારી ખૂબ જ વધી જાય છે.

દયા ઈશ્વરનો પ્રધાન ગુણધર્મ છે. ઈશ્વરની પ્રતિમૂર્તિરૂપ હોવાના નાતે માનવીનો પણ પ્રધાન ગુણધર્મ દયા હોવો જ ઘટે. પ્રાણી માત્ર પ્રત્યે દયાભાવ દાખવવો એ માનવીની પ્રથમ ફરજ બને છે. સંત તુલસીદાસે સાચું જ કહ્યું છે.

'દયા ધર્મ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન,

તુલસી દયા નહીં છોડિયે, જબ તક ઘટ મેં પ્રાણ !'

પ્રભુ ઈસુના ઉપદેશનું સાર સત્વ હાર્દ પણ આ જ છે. પ્રભુ ઈસુ કહે છે : 'હું તો દયા ઈચ્છું છું. નહિ કે બલિઓ.'

સંત તુકારામ વિશે એક લોકવાર્તા ખૂબ જ પ્રચલિત છે. સંત તુકારામ કાવડ દ્વારા ગંગાજળ લઈને કાશીથી રામેશ્વર પગપાળા જતા હતા એ ગંગાજળનો અભિષેક રામેશ્વર મંદિરમાં કરવાનો હતો. તેમણે જોયું કે રસ્તામાં એક ગધેડો તરસનો માર્યો તરફડતો હતો. સંત તુકારામે કાવડનું પાણી ગધેડાને પાઈ દીધું. તેમણે કહ્યું : મારા માટે આ ગધેડાનો જીવ રામેશ્વરના મંદિર કરતાં અતિ વિશેષ છે : આ છે દયાનું મૂર્ત સ્વરૂપ.

આવી જ એક કથાનું નિરૂપણ છે. બાઈબલમાં. જેરૂસાલેમથી યેરિખો જતા વટેમાર્ગુને રસ્તામાં એક બેહોશ પડેલો માણસ નજરે ચડે છે. આ માણસને -મુસાફરને લૂંટારાઓએ મારીને અધમૂઓ કરી નાંખીને તેને લૂંટી લઈને રસ્તામાં ફેંકી દીધો હતો. શમરૂનીએ બીજો કશો જ વિચાર કર્યો નહિ અને આ મુસાફરની સુશ્રુષા કરી : આ છે દયાનું મૂર્ત સ્વરૂપ. આવી જ વાત વર્ષો પહેલાં મારા વાંચવામાં આવેલી. વાતનું કથાવસ્તુ કંઈક આ પ્રમાણે છે. એક પરગજુ શ્રમજીવી મુસ્લિમ હતો. પગરખાં સીવી-સાંધીને કાળી મજૂરી કરીને ખૂબ જ કરકસર કરીને આ ભાઈએ મૂડી ભેગી કરેલી. મૂડી ભેગી કરવાનો એકમાત્ર ઉદ્દેશ હતો જીવનમાં એકવાર હજયાત્રા કરવી. હજયાત્રા માટે જવાનો સમય આવ્યો, ત્યારે આ બિરાદરને ખબર પડી કે મારી પાડોશમાં રહેતું કુટુંબ દારૂણ ગરીબાઈ અને માંદગીમાં સબડી રહ્યું છે. તારો જમણો હાથ કરે તેની જાણ તારા ડાબા હાથને પણ થવા દઈશ નહિં - એનો શબ્દશ : અમલ એણે કર્યો. હજયાત્રા માટે ભેગી કરેલી મૂડી તેણે આ કુટુંબને આપી દીધી. આ છે દયાનું મૂર્ત સ્વરૂપ.

અહિંસાના મૂળમાં દયાભાવનો જ આર્વિભાવ છતો થાય છે. પ્રભુ ઈસુના એકે એક પરચામાં નર્યો દયાભાવ જ પ્રગટ થાય છે. આપણે પણ આપણા રોજિંદા જીવનમાં આવો દયાભાવ અચૂક પ્રગટ કરી શકીએ. એવાં ઘણાં બધાં દયાનાં કાર્યો છે. જે કરવાથી આપણને ખરેખર સંતોષ અને આનંદની અનૂભુતિ થશે.

પ્રજ્ઞાચક્ષુને રસ્તો ઓળંગવામાં મદદ કરવી, મુસાફરી દરમ્યાન આપણા કરતાં વધુ અશક્ત છે, તેમને આપણને મળેલી બેઠકની - સગવડની ઓફર કરવી, દેવળમાંથી બાંકડાની બેઠક વ્યવસ્થામાં વડીલોને પ્રથમ સ્થાન આપવું, લૂંલાં, લંગડા, આંધળા, ત્યજાયેલાં, આવાં લાચાર માનવો પ્રત્યે ઠાલી હમદર્દી નહિ પણ શક્યતા અનુસાર મદદરૂપ બનવું. શારીરિક રીતે સક્ષમ હો તો રક્તદાન- શ્રેષ્ઠદાન કરવું, ચર્ચ દ્વારા ગરીબો માટે તેમજ અન્ય સમાજોપયોગી પ્રવૃત્તિઓમાં મોકળા મને મદદરૂપ બનવું અને અન્યોને આવાં બધાં કાર્યો માટે પ્રોત્સાહન આપવું. આવું બધું કરવાથી જીવનમાં કંઈક કર્યાનો આત્મસંતોષ મળશે. આવાં નાનાં નાનાં શુભ કાર્યો કરવાથી ઈશ્વરની આજ્ઞા પ્રમાણે વર્તવાનો કલ્પનાતિત આનંદ પણ મળશે. આ વર્ષને ઈશ્વરની દયાના વર્ષ તરીકે ઉજવવાની ઘોષણા આપણા વડા ધર્મગુરુએ કરી છે ત્યારે આ હાકલને જીવનમાં સ્વીકારીએ અને ગૌરવની લાગણી અનુભવીએ. તો ઊઠો ! જાગો ! ધ્યેય પ્રાપ્તિ માટે મંડ્યા રહો. નક્કી કરીએ કે આજે એકાદ નાનું તો નાનું દયાનું કાર્ય સૂર્યાસ્ત પહેલાં અચૂક કરીએ. આજીવન આ પ્રણાલિ જાળવીને ઈશ્વર પિતાનાં વહાલાં સંતાનો બનીએ.

પગથિયું ના બનાય તો કંઈ નહિ. અડચણનો પથરો બનવાનું અધમ કૃત્ય તો કદાપિ નહિ જ કરું નહિ જ કરું.

મો. - ૯૯૧૩૯૭૪૯૮૪

કમલેશ મેકવાન મો. ૯૯૭૯૯ ૭૯૦૭૦

માર્થા પીટર મેમોરીયલ ટ્રસ્ટ સંચાલિત

રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન

પ્રવેશ સુવિધા કેન્દ્ર

ડાયરેકટ ધો. ૧૦ અને ધો. ૧૨ માં પ્રવેશ ચાલુ છે.

સાયન્સ | કોમર્સ | આર્ટસ

# વિશ્વ પર્યાવરણ દિવસ

✍ ડૉ. દીપકભાઈ જી. પરમાર

પ્રા. નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ

૫મી જૂનને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવા માટેનું મુખ્ય કારણ એ છે કે આપણે પર્યાવરણ પ્રત્યે સભાન થઈએ. આજે દેશ અને દુનિયાનું પર્યાવરણ ખૂબ જ દૂષિત છે ત્યારે પર્યાવરણ દિવસ ઉજવીને આપણે દેશ અને દુનિયાના લોકોને આ બાબતમાં સભાન કરીએ. જો આ અંગે સભાનતા નહિ આવે તો આવનારાં વર્ષોમાં દુનિયામાં અનેક પ્રકારની આફતો આવી પડશે અને તેનો ભોગ આપણે બનવું પડશે.

આપણી સૂર્યમાળામાં આવેલા નવ જેટલા ગ્રહો અને સવાસો જેટલા ઉપગ્રહોમાંથી અત્યારના છેલ્લા સંશોધન પ્રમાણે માત્ર પૃથ્વી પર જ જીવ-સંચાર થયો છે અને જીવ સૃષ્ટિ પાંગરી શકી છે. જો કે આજે મંગળ ગ્રહ પર પણ શક્યતાઓ વધી રહી છે. આશરે એકાદ અબજ વર્ષ પછી સ્થળ-જળ થાળે પડ્યા અને પર્યાવરણ રચાવું શરૂ થયું. પૃથ્વી ઉપર આ શક્ય બન્યું તેનું મુખ્ય કારણ વિજ્ઞાનીઓ સૂર્યથી યોગ્ય અંતરે પૃથ્વીના સ્થિર થવાને ગણાવે છે. પૃથ્વી પર જીવને પ્રગટાવવા માટે બે પરિબળોની અનિવાર્યતા હતી. એક ઉષ્મીય ઊર્જા અને બીજું યોગ્ય પર્યાવરણ. સ્થિરતા પામેલી પૃથ્વી પર માટીનું બનેલું મૃદાવરણ, પાણીથી બનેલું જલાવરણ અને હવાથી બનેલું વાતાવરણ એમ મુખ્ય ત્રણ આવરણો સ્થિર થયાં. પણ આટલી સુંદર, આકર્ષક અને સુવ્યવસ્થિત પૃથ્વીને આપણે આજે સાચવી શક્યા નથી.

આજે વધતા જતા કારખાનાં, કપાતાં જતાં જંગલો, આડેધડ વપરાતી જંતુનાશક દવાઓ, વાહનોમાંથી નિકળતા ધુમાડા, મનોરંજન માટે વપરાતાં સાધનો, વધુ ને વધુ ઉત્પાદનની ઘેલછાએ અને ભૌતિક સુખ મેળવવાની આંધળી દોટના કારણે આપણી પૃથ્વીના પર્યાવરણને અમાપ નુકસાન પહોચાડ્યું છે. દરેક સ્થળે દરેક ક્ષેત્રે વ્યાપેલાં પ્રદૂષણે અનેક પ્રકારના કુદરતી પ્રકોપોને આમંત્રણ નોતરીને સમગ્ર જીવસૃષ્ટિને આફતમાં મૂકી દીધી છે.

પર્યાવરણનું પ્રદૂષણ : હકીકતો અને આંકડાઓ

૧. અમેરિકાના ઘણા રાજ્યોનું તાપમાન વર્ષ દરમિયાન તેના સરેરાશ આંક કરતાં ૪ અંશ ફેરનહીટ જેટલું વધારે નોધાયું છે.

૨. પૃથ્વીના વધતા જતા તાપમાને વિશ્વમાં ઘણે ઠેકાણે દુષ્કાળની પરિસ્થિતિ પેદા કરી છે. પશ્ચિમના દેશોમાં છેલ્લાં ૩૦ વર્ષથી અવાર-નવાર દુષ્કાળ સર્જાયો છે.

૩. ઈ.સ ૨૦૦૬ દરમિયાન વિશ્વભરમાં જંગલોમાં પ્રચંડ આગ ફાટી નિકળવાના ૧,૦૦,૦૦૦ કિસ્સાઓ નોંધાયા છે. જેને લઈને એક કરોડ એકર જમીનમાંથી વનરાજી બળીને સાફ થઈ ગઈ છે.

૪. વિશ્વમાં સર્વત્ર પૂર અતિવર્ષા, દુષ્કાળ અને વંટોળિયાઓ ઘણા સામાન્ય બન્યા છે અને વિશ્વભરમાં આ ઘટનાએ ૧૯૯૦ ના દશકામાં ૬ લાખ લોકોનો ભોગ લીધો છે.

૫. ભારતમાં ઓક્ટોબર ૧૯૯૯ માં ઓરિસ્સામાં રાજ્યની અંદર આવેલા ભયાનક વાવાઝોડાને કારણે ૧૦,૦૦૦ વ્યક્તિઓનાં મરણ નોંધાયાં હતાં અને અનેક લોકોને માઠી અસર થઈ હતી.

૬. અમેરિકામાં ૨૦૦૬ માં આવેલા કેટરિના જેવા વંટોળિયાએ જાનમાલનું ભારે નુકસાન કર્યું હતું.

૭. યુરોપના લગભગ તમામ રાષ્ટ્રોમાં વર્ષ ૨૦૦૩ થી ગરમીનું અભૂતપૂર્વ મોજું ફેલાઈ ગયું છે તેથી ત્યાં દુષ્કાળ અને અતિવર્ષાની વિષમતાઓ વારંવાર જોવા મળે છે.

૮. કેલિફોર્નિયા રાજ્યમાં અતિશય ગરમીને કારણે લૂ લાગવાથી થતા માનવમૃત્યુની સંખ્યા સન ૨૧૦૦ સુધીમાં બમણી થશે એવો અંદાજ છે.

૯. પૂર્વ યુરોપ અને અમેરિકામાં સમુદ્રતટવર્તી રાજ્યોમાં ૨૦૫૦ સુધીમાં વાતાવરણની અંદર ઓઝોન વાયુનું પ્રદૂષણ ૬૦% જેટલું વધી જશે.

૧૦. વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ મુજબ આજે વિશ્વભરમાં દર વર્ષે ૫૦ લાખ જેટલી વધારાની માંદગીઓ અને ૧,૫૦,૦૦૦ જેટલા મૃત્યુ નોંધાય છે.

૧૧. પૃથ્વીના વધતા જતા તાપમાને અભૂતપૂર્વ ગરમી, વિનાશક પૂર અને સંક્રામક રોગોની આપત્તિ દ્વારા માનવસ્વાસ્થ્ય અને જીવન પર ભારે ખતરો પેદા કર્યો છે.

૧૨. પૃથ્વીના વધતા જતા તાપમાનને કારણે ખેત-ઊપજ પર વિશ્વ સ્તરે પ્રતિકૂળ અસરો થઈ છે જેના કારણે દર વર્ષે ૩૦ કરોડ કુપોષિત લોકોનો ઉમેરો થઈ રહ્યો છે.

૧૩. પૃથ્વીનું તાપમાન વધે છે તેમ વરસાદની અછત પેદા થાય છે. આનાથી પીવાના પાણીની સમસ્યા સર્જાવાનો સંભવ છે. આપણને ફરીથી છપ્પનિયા દુષ્કાળ જેવી કપરી પરિસ્થિતિ જોવી પડે તેવો વખત આવી શકે છે.

૧૪. એશિયા અને આફ્રિકામાં ઉષ્ણ કટિબંધમાં આવેલા દેશોમાં ગરમીના કારણે મચ્છર અને અન્ય રોગવાહક જંતુઓનો ઉપદ્રવ વધવા પામ્યો છે. અહીં મલેરિયા, ડેન્ગ્યું, બિલ્હારઝિયા, લિશ્માનિયાસિસ જેવા ચેપી રોગોનો વ્યાપ ઘણો વધ્યો છે.

૧૫. યુ.એસ.એ.ના ઘણા રાજ્યોમાં ૧૯૯૫ પછીના વર્ષોમાં આ રોગોના કારણે ૬૫% વસ્તી હાલમાં મલેરિયાના સીધા ઓથાર તળે આવી ગઈ છે.

૧૬. ઈ.સ. ૧૯૯૫ માં એક જ વર્ષ દરમિયાન કોલેરાએ વિશ્વભરમાં ૧,૨૦,૦૦૦ લોકોનો ભોગ લીધો છે. જેમાંના મોટા ભાગના બાળકો હતાં. ગરમ આબોહવામાં અમુક જળચર વનસ્પતિ ઉગી નીકળે છે જે કોલેરાના જીવાણુંઓના પ્રસારને વેગ આપે છે.

૧૭. હોસ્પિટલમાં દાખલ થતા અને મૃત્યુ પામતા દર્દીઓના આંકડા તપાસતાં એવું માલૂમ પડ્યું છે કે અતિશય ગરમ દિવસોએ શ્વસનતંત્રની કટોકટી સાથે દાખલ થતા અને મૃત્યું પામતા ખાસ કરીને ખૂબ વૃદ્ધ કે ઘણાં નાનાં બાળક દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

પૃથ્વી પરના સૌથી બુદ્ધિશાળી અને વિકસિત પ્રાણી તરીકે વાતાવરણનું અને પર્યાવરણનું જતન કરવાની આપણી જવાબદારી છે. આપણું કોઈપણ કાર્ય એવું ન હોવું જોઈએ કે જેનાથી આપણે પૃથ્વીના વાતાવરણમાં ખતરો પેદા કરીએ.

આપણે પેટ્રોલથી ચાલતાં વાહનો કોલસા અને કુદરતી વાયુનો જેટલો વધારે ઉપયોગ કરીએ છીએ તેટલો વધારે કાર્બન ડાયોકસાઈડ વાતાવરણમાં ઉમેરાય છે. આનાથી પૃથ્વીની ફરતે એક પ્રકારનો ગરમ ધાબળો(બ્લેન્કેટ) રચાય છે. જે પૃથ્વીની સપાટી પરનું તાપમાન વધારે છે. આધુનિક ટેકનોલોજીનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરીએ અને જરૂર જણાય ત્યાં જીવનશૈલી બદલીએ તો પૃથ્વીના તાપમાનને વધતું અટકાવવામાં આપણે સફળ થઈશું.

આ રહ્યાં તેના કેટલાક સરળ અને અસરકારક ઉપાયો :

દુનિયાના વિવિધ દેશોએ અને ભારત સરકારે આ પ્રદૂષણ અટકાવવા માટે કડક પગલાં ભર્યાં છે. તેમ છતાં કેટલાંક સામાન્ય છતાં અસરકારક પગલાં નીચે મુજબ રજૂ કરવામાં આવ્યાં છે. જો આ સામાન્ય દેખાતાં પગલાંનો અમલ કરવામાં આવે તો અવશ્ય પ્રદૂષણ ઘટાડવામાં મદદ મળી શકે તેમ છે.

૧. વાહનની બરાબર કાળજી લઈએ. તેને નિયમિત સર્વિસ કરાવતા રહીએ. વાહનનાં ટ્યુબ-ટાયરને હવાથી ચુસ્ત ભરેલાં રાખીએ.

૨. વાહનનો વપરાશ ઘટાડીએ. શક્ય હોય ત્યાં પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરીએ. સાઈકલ વાપરીએ તે શરીર અને વાતાવરણ માટે ઉત્તમ છે.

૩. ઉર્જાના વૈકલ્પિક સ્રોતોનો વિકલ્પ વિચારીએ. પુનઃ વપરાશમાં લઈ શકાય તેવા ઉર્જા સ્રોતનો ઉપયોગ કરીએ. કોલસા અને ખનીજતેલ પર સંપૂર્ણ આધાર રાખવાનું ઓછું કરીએ.

૪. ઘર અને કામકાજના સ્થળે વીજળીના સાદા ગોળા વાપરવાને બદલે ઓછી વીજળીનો ઉપયોગ કરતા ફ્લોરેસેન્ટ બલ્બ અને ટ્યુબલાઈટ વાપરીએ.

૫.રેફ્રિજરેટર કે એર-કંડીશન જૂનું થઈ ગયું હોય તો તેને વેળાસર બદલી નાંખીએ.

૬. વૃક્ષો વધુ વાવીએ. પોતાના આંગણાને, રહેઠાણને અને કામકાજના સ્થળોને હરિયાળાં બનાવીએ.

૭. કાગળનો વપરાશ ઘટાડીએ. રિસાયકલ થયેલા મટીરિયલમાંથી બનેલા કાગળ, કાચ અને ધાતુના ઉત્પાદનો વાપરીએ. આનાથી ઊર્જા અને પ્રદૂષણનું પ્રમાણ ૭૦% થી ૯૦% ઘટી જશે.

૮. પાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરીએ અને જરૂર જણાય તેટલું જ ગરમ કરીએ. જો શક્ય હોય તો ઠંડા પાણીથી જ નાહવાની ટેવ પાડીએ.

૯. ઘરનાં રાંધણગેસનો વપરાશ ઘટાડીએ. ગેસના ચૂલાને અને તેના બર્નરને સારી સ્થિતિમાં રાખવાનો પ્રયત્ન કરીએ.

૧૦. ગ્લોબલ વોર્મિંગ વિરૂધ્ધ અભિયાન ચલાવીએ. આપણા સંપર્કમાં રહેલા લોકોને જાગૃત અને શિક્ષિત બનાવીએ.

મો. ૯૪૦૮૬ ૬૭૪૭૮


# સેંટ ફ્રાન્સિસ આસીસી ટેકનિકલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ

પ્રવેશ જાહેરાત

**મુ. સદાનાપુરા, પો. સામરખા, તા.જિ. આણંદ**

સરકાર માન્ય સંસ્થા રજી. નં. KD - 150

કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની માન્યતા હેઠળ ચાલતા વિવિધ કોર્ષોમાં

**પ્રવેશ કાર્યવાહી વહેલા તે પહેલાના ધોરણે ૧ જૂન, ૨૦૧૬થી શરૂ થશે.**

| ક્રમ | કોર્ષનું નામ | પ્રવેશ લાયકાત | સમય મર્યાદા | રિમાર્ક |
|---|---|---|---|---|
| ૧. | ફેબ્રિકેશન ફીટર કમ વેલ્ડર (TEB) | ધો.૯ પાસ અને S.S.C. પાસ/નાપાસ | ૧ વર્ષ | પ્રવેશ ચાલુ છે |
| ૨. | ટર્નર (TEB) | ધો.૯ પાસ અને S.S.C. પાસ/નાપાસ | ૨ વર્ષ | ટર્નર ટ્રેડમાં ચાલુ વર્ષે પ્રવેશ બંધ છે. |

**પ્રવેશ ફોર્મ તથા વધુ માહિતી માટે રૂબરૂ સંસ્થાનો સંપર્ક કરો અથવા ફોન કરો.**

**કોન્ટેક્ટ નં. આચાર્યશ્રી, ૯૯૦૯૭ ૧૨૮૮૦, ૯૯૭૯૦ ૮૦૫૯૫**



# ઈસુ, ઈશ્વરનો કરૂણામય ચહેરો

(વડાધર્મગુરુનો આજ્ઞાપત્ર સંક્ષિપ્તમાં...)

✍ સંકલન: ફાધર અનિલ સેવરીન એસ.જે.

**આજ્ઞાપત્રની શરૂઆત :**

ઈસુ ખ્રિસ્ત, ઈશ્વરનો કરૂણામય ચહેરો છે. જેવા પિતા દયાળુ છે, તેવા પુત્ર પણ દયાળુ છે. ખ્રિસ્તી શ્રધ્ધાના રહસ્યોનો આ જ સાર છે. પિતાની કરૂણા નાઝરેથના ઈસુમાં જીવંત બને છે અને પ્રગટીકરણ પામે છે. ઈશ્વરપિતાની કરૂણા ઈસુખ્રિસ્તમાં અને ઈસુના સમગ્ર વ્યક્તિત્વમાં પરાકાષ્ઠાએ પહોંચે છે.

**કરૂણાનું વર્ષ : આ જ વર્ષે કેમ ?**

આપણા જીવનને આનંદ, શાલિનતા અને શાંતિથી સભર બનાવનાર કરૂણા છે. સુખી જીવનની જાણે કે ગંગોત્રી! આથી જ માર્મિક ઈશ્વરની કરૂણા સંબધી આપણે સતત મનનચિંતન કરવું રહ્યું! 'કરૂણા' શબ્દ માત્ર આપણને પવિત્ર ત્રૈક્યના રહસ્ય ભણી દોરી જાય છે. ઈશ્વર આપણને એટલો તો અનહદ પ્રેમ કરે છે કે ઈશ્વરનો પ્રેમ સામે ચાલીને આપણી પાસે આવે છે... જ્યારે જ્યારે આપણા જીવનમાં કરૂણા કેન્દ્રસ્થાને હોય છે, ત્યારે ત્યારે આપણે જાણે કે ઈશ્વર પિતાની કરૂણાના જીવંત સાક્ષીઓ બની જઈએ છીએ. આ જ કારણથી મેં આ વર્ષને વિશેષ સુવર્ણમહોત્સવનું વર્ષ - ઈશ્વરની કરૂણાનું વર્ષ જાહેર કર્યું છે/ઘોષિત કર્યુ છે. આ વર્ષ દરમિયાન, સહુ શ્રધ્ધાળુઓની સાક્ષી શક્તિશાળી અને પ્રભાવિત બની રહે એવી મારી મનની ઈચ્છા છે.

આઠમી ડિસેમ્બર ૨૦૧૫ના દિવસે, પવિત્ર માતા મરિયમના ગર્ભધારણના પર્વે, પવિત્ર વર્ષને હું ઘોષિત કરીશ. નિષ્કલંક મરિયમનું ગર્ભધારણ, ઈશ્વર માનવજાતના સમગ્ર ઈતિહાસને કેવી અલૌકિક અને અદભૂત રીતે દોરી જાય છે તે સત્યનું સ્મરણ કરાવે છે, આપણા પ્રથમ માબાપે ભલે ઈશ્વરની આજ્ઞાનો ભંગ કર્યો, છતાં ઈશ્વરે આપણને એકલા-અટૂલા, શેતાનના પંજામાં છોડી નથી દીધા! પરમ પિતાએ મરિયમ તરફ દ્રષ્ટિ નાંખી (એફેસસ ૧:૪), અને મરિયમને માનવજાતના ઉધ્ધારક ઈસુની માતા થવા પસંદ કર્યા ભલેને શેતાન પાપના સામ્રાજ્યને ફેલાવવા ગમે તેટલા કાવતરા રચતો હોય, ઈશ્વર એની કરૂણાનું શસ્ત્રનો ઉપયોગ કરીને આપણા બચાવમાં આવી જાય છે. આ પવિત્ર પર્વનો અર્થ અને અર્થની સમૃધ્ધિ દ્વિતીય વેટિકનના દસ્તાવેજોમાં પ્રગટ થાય છે.

ધર્મસભા, દ્વિતીય વેટિકન જેવી ઐતિહાસિક અને અસાધારણ ઘટનાને જીવંત રાખવા કટિબધ્ધ છે. સંત યોહાન ત્રેવીસમાએ, દ્વિતીય વેટિકનના પ્રારંભે અદ્‌ભુત શબ્દો ઉચ્ચાર્યા હતાઃ "ખ્રિસ્ત ઈસુની વધૂ ધર્મસભા, દુનિયામાં દર્દની દવા બની રહેવા ઈચ્છે છે નહિં કે હિંસા ફેલાવતી ઘૃણા."

**કરૂણા : ઈશ્વરના આપણા માટેના પ્રેમને છતો કરતો શબ્દ**

પવિત્રશાસ્ત્રનો સારાંશ એટલે ઈશ્વરપિતાની કરૂણા આ શબ્દ ઈશ્વરે આપણા માટે કરેલા અદભૂત કાર્યોની યાદ દેવડાવે છે. ઈશ્વરનો આપણા માટેનો 'પ્રેમ' એ દુન્યવી સમજ પ્રમાણે ઉપરછલ્લો - છીછરો અર્થ ધરાવતો નથી. ઈશ્વરે પોતાની જાતને કરૂણામાં પલટાવી નાખી, જેથી આપણા માટે ઈશ્વરનો પ્રેમ શું છે કે એ અનુભવ દ્વારા પ્રગટ થાય છે. અનુભવ વગર, 'પ્રેમ' શબ્દનો કોઈ અર્થ સરતો નથી. પ્રેમ આપણા રોજિંદા જીવનમાં - હેતુઓ, ઉદેશ્ય, જીવનદષ્ટિ, અભિગમ અને વર્તનમાં પ્રગટ થાય છે. ઈશ્વરનો પ્રેમ સહુને સ્પર્શે છે. ઈશ્વર આપણી સાથે ખૂબ જ સમજ અને જવાબદારીપૂર્ણ વર્તે છેઃ તેઓ આપણું સારું - સર્વાંગી સ્વાસ્થ્ય ઇચ્છે છે, આપણને ઈશ્વર સુખી જોવા માગે છે, આપણું જીવન આનંદ અને શાંતિમય હોય તેવી ઈશ્વરની યોજના છે. ખ્રિસ્તજનોએ જેવા પિતા અને પુત્ર કરૂણામય છે તેવા બનવા સતત કોશિશમાં રહેવું જોઈએ. જેવા પિતા દયા દાખવે છે તેમ આપણે પરસ્પર દયા દાખવીએ!

**ધર્મસભાના જીવનનો પાયો એટલે કરૂણાઃ**

કરૂણા, ધર્મસભાનું મૂળ છે. ધર્મસભાએ એની પ્રેષિતિક પ્રવૃતિઓ દ્વારા ધર્મજનોને ઈશ્વરની નાજુક કરૂણાનાં દર્શન કરાવવા જોઈએ. ધર્મસભામાં અપાતા બોધ-ઉપદેશ અને સાક્ષીરૂપ જીવનમાં કરૂણા વિરુધ્ધ જતો કોઈ પણ શબ્દ વાપરવો ન જોઈએ. કરૂણા અને સંવેદનશીલ પ્રેમ ધર્મસભાને વિશ્વાસપાત્રતા બક્ષે છે.

**ઈશ્વર કરૂણાનો ભંડાર :**

લોકોના આશ્ચર્ય વચ્ચે, સંત યોહાન પાઉલ દ્વિતીયએ તેઓએ બહાર પાડેલ દસ્તાવેજમાં સાવ અકલ્પિત શિક્ષણ આપ્યું. આ દસ્તાવેજનું મથાળુ હતું, 'Dives in Misericordia' "અર્થાત કરૂણાનો ભંડાર." આ પરિપત્રમાંના બે ફકરાઓ વિશે હું તમારું ધ્યાન દોરવા ચાહું છું. પહેલું, સંત યોહાન પાઉલ દ્વિતીય આજની સંસ્કૃતિમાં ભૂલાયેલી કરૂણાની વાત કરી છેઃ "આજના સમયની માનસિકતા, ઈશ્વરની કરુણાની વિરુધ્ધમાં છે. આ માનસિકતા, માનવજીવન અને માનવ હૃદયમાંથી કરૂણાના વિચાર સુધ્ધાંની બાદબાકી કરે છે. આધુનિક વિશ્વમાં કરૂણાની ઘોષણા અને સાક્ષીનું મહત્ત્વ અને અનિવાર્યતા ઉપર સંત યોહાન પાઉલ દ્વિતીય વિશેષ ભાર મૂકે છે. "કરૂણા એ માનવ માટેના પ્રેમનું પરિણામ છે. માનવહૃદય પ્રેમ ઝંખે છે. આ પ્રેમ કરૂણાને દોરવણી પૂરી પાડે છે, દુર્ભાગ્યે કરૂણા આજના વિશ્વમાં ખતરામાં છે,"ખ્રિસ્ત વિશેનું રહસ્ય મને ફરજ પાડે છે કે મારે ઈશ્વરના કરૂણામયની હું ઘોષણા કરૂં. આજે ધર્મસભા અને

વિશ્વ જ્યારે કટોકટીમાંથી પસાર થઈ રહ્યા છે ત્યારે કરૂણાનું શરણ લેવા અને કરૂણા માટે યાચક બનવા હું મજબૂર બન્યો છું, "સંતનું આ શિક્ષણ ઈતિહાસના આ તબક્કે નિર્ણાયક અને ચેતવણીરૂપ છે. સંતે ઉઠાવેલ કરૂણાની ગેરહાજરીના મુદ્દાની આ વર્ષે ચર્ચા ચિંતન થવા જોઈએ.

દયાના વર્ષે ધર્મસભાને હાકલઃ પિતાના પ્રેમની સેવિકા, બની રહેવા દયાનું વર્ષ ધર્મસભાને હાકલ કરે છે. ધર્મસભાનું મુખ્ય પ્રૈષિતિક કાર્ય આ પ્રેમને સહુ સુધી પહોચાડવાનું છેઃ આ પ્રેમ ક્ષમા બક્ષે છે, સ્વની ભેટ આપવી એ જ પ્રેમ, પિતાની હાજરી ઉભી કરવી એ પ્રેમનું કર્તવ્ય બને છે. આપણા તાબાઓમાં, સમાજમાં, મંડળો અને ચળવળોમાં, ટૂંકમાં જ્યાં જ્યાં ખ્રિસ્તીઓની હાજરી છે ત્યાં સઘળે રણ વચ્ચે કરૂણાની વીરડી બની રહેવી જોઈએ.

પિતા જેવા દયાળુ તમે પણ બનજો (લૂક ૬ : ૩૬)

કરૂણાના આ મહોત્સવ/જયંતીના વર્ષે, પિતાના જેવા દયાળુ, બનવાની આપણા પ્રભુ ઈસુની આજ્ઞા માથે ચડાવીએ. સંત લૂક આપણને શીખ આપતા લખે છે, "તમારા પિતા જેવા દયાળુ છે તેવા તમે પણ દયાળુ બનજો," (લૂક ૬ : ૩૬) આ સંદેશને - શુભસંદેશને આપણા જીવનમાં ઉંડો ઉતારીને આપણા જીવનને કરૂણાનો આકાર આપીએ. આ પવિત્ર વર્ષનું વિષયવસ્તુ 'પિતાની જેમ કરૂણા સભર' રાખ્યો છે. કરૂણા આપણને ઈશ્વરના પ્રેમની સાબિતી કરાવે છે. આપણી પાસેથી કોઈ પણ બદલાની અપેક્ષા વગર ઈશ્વર આપણને આપ્યા જ કરે છે. જ્યારે આપણે એને પોકાર કરીએ છીએ એ આપણને સઘળી મદદ માટે હાજર હોય છે.

**શારીરિક અને આધ્યાત્મિક દયાનાં કૃત્યો :**

ઈશ્વરની કૃપાના વર્ષે, ધર્મસભામાં આ જયંતીના વર્ષે, ખ્રિસ્તીજનો શારીરિક તથા આધ્યાત્મિક દયાનાં કૃત્યો વિશે ગંભીરતા પૂર્વક મનન - ચિંતન કરે તેવી મારી તીવ્ર ઈચ્છા છે. આપણા અંતર આત્માને જગાડવાનો આ ઉત્તમ માર્ગ છે. ગરિબાઈની પરિસ્થિતિમાં આપણું અંતર જાણે કે મરી જાય છે/ અજાગ્રત અવસ્થા ધારણ કરે છે. ઈશ્વરની કરૂણાનો દીનજનો વિશેષ અનુભવ કરે છે એમ આપણને બાઈબલ શિખવે છે. આ બાઈબલના બોધને આપણા હૃદયમાં ઉંડો ઉતરવા દઈએ. ઈસુના શિષ્યો બનવાને ઈસુએ હાકલ કરતાં, ઈસુએ જ દયાના કૃત્યો કરવાનો પાઠ આપ્યો છે.

શારીરિક દયાના કૃત્યોને યાદ કરીએ : ભૂખ્યાંને અન્ન આપવું, તરસ્યાને પાણી પાવું, નગ્નોને વસ્ત્રો પહેરાવીએ, અજાણ્યાઓ માટે આશરો બનીએ, કારાવાસમાં સબડતા કેદીઓની મુલાકાત લઈએ, મરેલાઓને સન્માનજનક દફન કરીએ. આધ્યાત્મિક દયાનાં કાર્યોને હંમેશા યાદ લાવતા રહીશું : આશંકામાં પડેલાને દિશા દેખાડીશું, અજ્ઞાનીઓને જ્ઞાન પિરસીશું, પાપીઓને વ્હાલ કરીશું, દુઃખીઓને દીલાસો આપીશું, દુશ્મનોના અપરાધો માફ કરીશું, આપણું બુરું ઈચ્છનારાઓને સહી લઈશું, જીવતાં ને મરેલા માટે પ્રાર્થના કરીશું.

આ વર્ષ ઈશ્વરની કૃપાનું વર્ષ - કરૂણાનું વર્ષ છે.

સંત લૂક લખે છે કે વિશ્રામવારના દિવસે, પરંપરા મુજબ નાઝરેથ ગયા અને સભાગૃહમાં જઈને વાંચવા ઉભા થયા. તેઓએ શાસ્ત્રનું ઓળિયું લઈને ઈર્મિયાના ગ્રંથમાંથી વાંચવાનું શરૂ કર્યું : "મારામાં પ્રભુનો આત્મા ઉતરી આવ્યો છે, કારણ તેણે મારો અભિષેક કર્યો છે. તેણે મને એટલા માટે મોકલ્યો છે કે હું દીનજનોને શુભસંદેશ સંભળાવું, બંદીવાનોને મુક્તિદાન અને અંધજનોને દ્રષ્ટિદાન જાહેર કરું, દલિતોને મુક્ત કરું તેમજ પ્રભુની કૃપાના વર્ષની ઘોષણા કરું," (યશાયા ૬૧ : ૧ - ૨). ઈશ્વરની કૃપાનું વર્ષ અથવા કરૂણાનુ વર્ષઃ જેની પ્રભુએ ઘોષણા કરી હતી અને જે મુજબ આપણે આપણા જીવનને જીવવા માગીએ છીએ. પયંગબરના શબ્દોનો પડઘો ઈસુના જીવનકાર્યમાં અને આપણને મળેલ હાકલમાં દીનજનોની સેવા અને આશ્વાસન આપવું, આધુનિક વિશ્વમાં ચાલી રહેલી જુદી અને સુક્ષ્મરૂપમાં રહેલી ગુલામી દૂર કરવી, જેઓ પોતામાં એટલા બધા રચ્યા પચ્યા છે કે તેઓ કશું જોવાને જ અસમર્થ બની ગયા છે તેમને દૃષ્ટિ આપવી, શોષણ અને અત્યાચાર જેવાં દૂષણોએ જેઓના ગૌરવને હણી નાંખવામાં આવ્યું છે તેઓને પુનઃ ગૌરવ બક્ષવું, સઘળા ખ્રિસ્તી સમુદાયને ઈસુની દયાના સાક્ષીઓ બની રહેવાની હાકલ છે. જ્યારે ઈસુના જીવનકાર્યમાં આપણે જોડાઈએ છીએ ત્યારે ઈસુનો સંદેશો દૃશ્યમાન બને છે. મહાન પ્રેષિતના શબ્દો, 'પરગજુ હોય તેણે હસતે મોંએ દયાના કાર્ય કરવાં', આપણને સતત પ્રોત્સાહિત કરતા રહો!

**હૃદયપરિવર્તન**

કરૂણાનો સંદેશ દરેક સુધી પહોંચે અને બધા જ આ સંદેશને વધાવી લે. જેઓ ઈશ્વરની કૃપાથી દૂર ગયા છે અને પાપાચાર આચરે છે તેવા મારા ભાઈઓ-બહેનોને હું જીવનપલટાની હાકલ કરૂં છું. ગુનાહિત પ્રવૃતિમાં પડેલી સંસ્થાઓને હું વિશેષ રીતે હાકલ કરૂ છું કે તેઓ ગુનાહિત અસામાજિક પ્રવૃતિઓનો ત્યાગ કરે, હું તેઓને વિનવું છુ કે તેઓ પોતાને સારું અધર્મને છોડી દે. જેઓ ભ્રષ્ટાચાર આદરે છે અથવા તો ભ્રષ્ટાચારને સીધી કે આડકતરી રીતે ઉત્તેજન આપે છે તેઓને પણ હું જીવનપલટા માટે આમંત્રણ પાઠવું છું. ઘાને ખોતર્યા કરવા જેવું બીજું કોઈ પાપ નથી. ધૃણા અને નફરત આપણા જીવનના અને સામાજિક જીવનના પાયામાં જ ઘા કરે છે. ભ્રષ્ટાચાર આપણી આશાને હણી લે છે કારણ કે લોભ હોય ત્યાં ગરીબોમાં ય ગરીબ અને હાંસિયામાં ધકેલાયેલાઓને વેઠવાનો વારો આવે છે.

**પાપ-ક્ષમા મોચન**

જયંતીવર્ષે ક્ષમા મોચન પણ થવાં જોઈએ. કરૂણાના આ વર્ષે પાપક્ષમા મોચનનું મહત્ત્વ વધી જાય છે. ઈશ્વરની ક્ષમાને કોઈ સીમાડા નથી. ઈસુના મૃત્યુ અને પુનરુત્થાનમાં ઈશ્વરનો પ્રેમ ઉભરતો દેખાય - અનુભવાય છે. ઈસુના મૃત્યુ અને પુનરુત્થાનમાં સઘળા માનવીય પાપને હણવાની શક્તિ રહેલી છે. પાસ્ખાના રહસ્ય દ્વારા ઈશ્વરે વિશ્વ સાથે સમાધાન સાધ્યું છે, અને ધર્મસભાના સંસ્કારો દ્વારા ઈશ્વર માનવ સાથે સમાધાન સાધે છે. ઈશ્વર હંમેશા ક્ષમા આપવાને અધીરા હોય છે, અને નવા નવા માર્ગો અને અદ્‌ભૂત રીતે, ક્ષમા આપતા ઈશ્વર ક્યારેય થાકતા નથી કે નથી કંટાળતા. પાપક્ષમામોચન થવાં

એટલે ધર્મસભાની પવિત્રતાનો અનુભવ કરવો. ઈશ્વર પિતાનો પ્રેમ અને તેઓની ક્ષમા સઘળે પ્રવર્તે એ જ ખ્રિસ્તની મુક્તિ છે. ચાલો, આ જયંતીવર્ષે આપણે પિતાને પાપોની ક્ષમા માટે અરજ કરીએ અને પાપાક્ષમા મોચનમાં આપણને સ્નાન કરાવવા વિનંતી કરીએ.

ઈસ્લામ અને યહૂદી ધર્મોમાં કરૂણાનું સ્થાન

કરૂણા માત્ર ખ્રિસ્તી ધર્મસભા પૂરતી સિમીત નથી. ઈસ્લામ અને યહૂદી ધર્મોમાં પણ ઈશ્વરનું અતિ મહત્ત્વનું લક્ષણ ‘કરૂણા’ છે. હું ઈચ્છુ છું કે જયંતીવર્ષે - ઈશ્વરની કરૂણાના આ વર્ષે આ ધર્મો અને અન્ય ધાર્મિક પરંપરાઓ વચ્ચે સંવાદ સધાય.

બધા ધર્મો વચ્ચેનો સંવાદ એકબીજા માટે માન - સન્માન અને આદર ઉભા કરે. સંવાદ, ધાર્મિક સંકૂચિતતા અને વિસંવાદના વાતાવરણને દૂર કરે. સંવાદ દ્વારા જ ધાર્મિક અસહિષ્ણુતા, ધાર્મિક હિંસા અને ભેદભાવ દૂર થઈ શકે.

મરિયમ, કરૂણામય માતા

મારા વિચારો હવે માતા મરિયમ ઉપર કેન્દ્રસ્થ બને છે. મા મરિયમની કરૂણાનો આપણે અનુભવ કરીએ. મરિયમ સિવાય ‘ઈશ્વર આપણી સાથે છે’ રહસ્યને કોણ સમજી શક્યુ છે? તેણીનું આખું જીવન, જે કરૂણાએ માનવરૂપ ધારણ કર્યુ તેની આસપાસ તો વણાયેલુ છે. ક્રૂસે લટકતા અને પુનરુત્થાન પામેલા ઈસુની માતા દિવ્યકરૂણાની પવિત્ર ગુહામાં પ્રવેશે છે કારણ કે તેઓ ઈશ્વરના પ્રેમના રહસ્યમાં આત્મિક રીતે જોડાયેલા રહ્યા છે.

સંત ફોસ્તીના અન્ય સંતો અને પુણ્યજનોનો સંઘ

દિવ્યકરૂણાને જેઓએ પોતાનું જીવન ધ્યેય બનાવ્યું છે તેવા સહુ સંતો અને પુણ્યજનોને પ્રાર્થના કરીએ. હું વિશેષ સંત ફોસ્તીનાનો વિચાર કરૂ છું, સંત ફોસ્તીના કરૂણાના સંદેશવાહક છે. તેઓને દિવ્યદયાના ઉડાણમાં જવાનુ આહ્વાન થયું હતું, તેઓ આપણે માટે પ્રાર્થી રહ્યાં છે અને જરૂરી કૃપાઓ માગી રહ્યાં છે. તેઓની મધ્યસ્થી વડે આપણે ઈશ્વરની કરૂણા અનુસાર જીવવાને સમર્થ બનીએ અને પ્રેમમાં અવિચલીત ભરોસો રાખતા થઈએ.

“દયાનો ચહેરા” દસ્તાવેજના અંતે

જયંતીના આ વર્ષે - કરૂણાના આ વર્ષે પ્રભુના શબ્દનો ધર્મસભા પડઘો બની રહે. ક્ષમાની નિશાનીરૂપે શક્તિ અને સામર્થ્યના ઉદાહરણરૂપ, પ્રેમના નમૂનારૂપ ધર્મસભાનું અસ્તિત્વ બની રહો! કરૂણાને ચારેકોર ફેલાવવાનું ધર્મસભાને સામર્થ્ય પ્રાપ્ત થાઓ! કરૂણા અને આશ્વાસન આપવામાં ધર્મસભા વધુ ધીરજવાન બની રહો! ધર્મસભા, દરેક સ્ત્રી અને પુરુષનો બુલંદ અવાજ બની રહો અને થાક્યા વગર વિશ્વાસ સાથે પોકારતી રહો,

“શાશ્વત તારી દયા-કરૂણા એ તું, પ્રભુ કર યાદ,
પણ વીસરી જા મુજ યૌવનનાં ભૂલ અને અપરાધ.” ●


# બાસીલદાદા શિષ્યવૃત્તિ

આથી કરમસદ તાબાના રોમન કેથોલિક શ્રદ્ધાળુઓને જણાવવાનું કે, આપના સુપુત્ર/સુપુત્રી સને ૨૦૧૫-૨૦૧૬ના વર્ષમાં ધોરણ ૧૨ (કોઈપણ શાખા) બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ હોય તેમને આગળના વધુ અભ્યાસાર્થે સહાયરૂપ સ્વ. બાસીલભાઈ આર્કાડભાઈ પરમારના સ્મરણાર્થે ‘‘બાસીલદાદા સ્કોલરશીપ’’ મેળવવા નિયમાનુસાર તા. ૩૦ જુલાઈ, ૨૦૧૬ સુધીમાં અરજીપત્ર સ્વીકારવામાં આવશે.

**અરજીપત્ર (નમૂનો)**

૧. અરજદારનું પૂરું નામ : ______________________ M / F
૨. જન્મ તારીખઃ ______________ ઉંમર : __________
૩. કાયમી સરનામું : ______________________
૪. ફોન નંબર : ______________________
૫. ઉચ્ચ અભ્યાસની વિગત : ______________________
અરજદારની સહી : __________ વાલીની સહી : __________

પાસપોર્ટ સાઈઝનો ફોટો

૬. નિયમો : (૧) અરજી સાથે બાપ્તિઝમ સર્ટિફિકેટ્, ધોરણ ૧૨ની માર્કશીટ અને વધુ અભ્યાસાર્થે જે તે કૉલેજમાં મેળવેલ પ્રવેશનો દાખલો અવશ્ય જોડવા.

**ખાસ નોંધઃ** (૧) આ એક પારિવારિક શિષ્યવૃત્તિ યોજના છે. (૨) અમારી કોઈ શાખા કે એજન્ટ નથી. (૩) અરજી ટપાલથી જ મોકલવી. (૪) માત્ર કરમસદ તાબાનાં ગામો (વલાસણ, બાકરોલ, સંદેશર, બાંધણી, મોગરી, કરમસદ, વિદ્યાનગર)માં રહેતા શ્રદ્ધાળુઓએ જ અરજી કરવી. (૫) યોજનાના સંચાલકોનો નિર્ણય આખરી ગણાશે.

**અરજી મોકલવાનું સરનામુંઃ** ‘‘બાસીલદાદા શિષ્યવૃત્તિ’’, C/o શ્રીમતી એસ્તેરબેન બાસીલભાઈ પરમાર,
‘‘એસ્તેર’’, શાસ્ત્રી માર્ગ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦

# મોબાઈલના જમાનામાં

✍ પ્રા.ડો. રોમાન ભાટિયા

૨૧મી સદી એટલે માસ મીડિયાની સદી. ઈન્ટરનેટ, ઈ-મેઈલ ઈ-કોમર્સ, ફ્રેન્ડ્સ, ઈ-શોપીંગ, આમ ગૂગલ પર સર્ચ કરીએ તો અનેક વેબસાઈટ આપણને પ્રાપ્ય બને છે. આજનો માનવી ઘેર બેઠા વિશ્વ આખીનો સંપર્ક સાધી શકે છે અને સંપર્કમાં રહી શકે છે.

માસ મીડિયા તથા ઈન્ટરનેટની બોલબાલામાં આજના યુવાનોને વિવિધ વેબસાઈટ્સનું ઘેલું લાગ્યું છે ! યુવાનો માત્ર નહિ પરંતુ વડિલો પણ નેટ પર સર્ફિંગ કરતા જોવા મળે છે ! નેટવર્કિંગનો પ્રારંભ આમ તો ઓરકૂટ દ્વારા થયો હતો, તેમાં આજે આપણે માર્ક ઝુકરબર્ગની ફેસબુક તથા ટ્વિટર વગેરેનો જબરજસ્ત ઉપયોગ કરી રહ્યા છીએ. એમાં પણ વોટ્સએપની પધરામણીએ તો આજના માનવીની દુનિયા જ બદલી નાંખી છે. વોટ્સએપના કારણે વરસો જૂના અને વિખુટા પડી ગયેલા મિત્રો મળી રહ્યા છે. પોતાનું ગૃપ બનાવી એકબીજાના સતત સંપર્કમાં રહે છે. રોજબરોજ બનતી ઘટનાઓ પ્રસંગોથી અવનવી બાબતો અંગેના ફોટા, વિચારો વગેરેની જાણીતા-અજાણ્યા મિત્રો સાથે શેર કરી શકાય છે. કોઈ ખાસ વિષય જેમ કે ભષ્ટાચાર, માનવ અધિકારો પર્યાવરણ, રાજકારણ પર ચર્ચામાં ભાગ લઈ પોતાના વિચારો પ્રગટ કરી શકાય છે.

વોટ્સએપ પર વિપુલ પ્રમાણમાં આવતા રમૂજી ટુચકાઓ, હૃદયસ્પર્શી અવતરણો, સુવાક્યો જાણી માણી શકાય છે અને આપણી લાગણીઓ અભિવ્યક્ત પણ કરી શકાય છે. આજકાલ મિત્રો બનાવવાની હોડ જામી છે. કોઈ વ્યક્તિને ૧૦૦૦ સ્ટાર, લેખક, રાજકારણી, ખેલાડીના ફોલોઅર્સની સંખ્યા અવિરતપણે આગળ વધતી જ રહે છે. જેમકે મને સુપરસ્ટાર અમિતાભ બચ્ચન પ્રિય હોય તો બચ્ચન સાહેબ રોજ રાત્રે ટ્વિટર પર પોતાના વિચારો, પ્રસંગો, મિત્રો વિશે લખે છે. પોતાની વાતો દર્શકો સાથે શેર કરે છે. જે તેમના દેશ-વિદેશના અસંખ્ય ચાહકો સુધી પહોંચી જાય કે તરત જ તેની લાઈક, ટીકા, ટીપ્પણી તથા પ્રસંશાનો ધોધ વહેવો શરૂ થાય છે.

વર્ષો પહેલાં રીલાયન્સ કંપનીએ પોતાના મોબાઈલ માટે 'કરો દુનિયા મુઠ્ઠીમેં' ટેગ લાઈન બનાવી હતી. એ આજે અક્ષરસહ સાચું પડ્યું છે. આજે ઈન્ટરનેટના માધ્યમથી સમગ્ર વિશ્વ આપણી હથેળીમાં આવી ગયું છે. એક ક્લિકથી આપણે સૌનો સંપર્ક કરી શકીએ છીએ. સૌને જાણી-નાણી અને માણી શકીએ છીએ. આજના યુવાનો ફેસબૂક તથા વોટ્સએપ પર પોતાના મિત્રોની સાથે વાત કરતાં થાકતા નથી ! ક્યારેક સહજ રીતે પ્રશ્ન થાય કે આ બધા આભાસી મિત્રોમાં સાચા મિત્રો કયા ? કેટલા ? વળી આટલા બધા મિત્રોની વચ્ચે પણ વ્યક્તિ એકલતા કેમ અનુભવે છે ? ક્યારેક નેટવર્કિંગના માધ્યમથી વ્યક્તિ કાલ્પનિક જિંદગી જીવતો થઈ જાય છે. જે સાચી વાસ્તવિક જિંદગીથી જોજનો દૂર હોય છે. જે વ્યક્તિને લાગણી સભર સાચા ઉષ્માભર્યા સંબંધોથી અલગ રાખે છે. મોબાઈલના સ્ક્રીન પર જે જોવા જાણવા મળે છે તે છેતરામણું પણ સાબિત થાય છે. આ અનુભવ આઘાતજનક બની રહે છે. માની લો કે આપણા ઘરે કોઈ દુર્ઘટના બની ગઈ અને તાત્કાલિક આપણને સાથીદાર-મિત્રની જરૂર હોય ત્યારે ફેસબુકના મિત્રો મદદ કરવા દોડીને આવી શકતા નથી. જ્યારે આપણી શેરી, સોસાયટી, વિસ્તાર કે શહેર ગામના મિત્રો તરત જ પહોંચી જાય છે. હા, ફેસબૂક પર તે મૂકવાથી અનેકની પ્રાર્થના- શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ શકે છે. વિશેષ તો દૂર સુદૂર દુનિયાના કોઈપણ ખંડ કે ખૂણામાં રહેતા આપણા મિત્રો કે સ્વજનોની પ્રાર્થના-શુભેચ્છાઓ પળવારમાં પ્રાપ્ત થઈ શકે છે.

ક્યારેક યુવાનો પોતાની અસલિયત છુપાવતા હોય છે અને પોતે જે નથી તે પ્રોજેક્ટ કરતા હોય છે. જે ઘણીવાર છેતરામણું નિવડે છે. કારણ એટલું જ કે યુવાનોને મનોમન એવું લાગતું હોય છે અને એવી ગ્રંથીથી પિડાતા હોય છે કે જો પોતાની સાચી વાત અન્ય સુધી પહોંચી જશે તો કદાચ લોકો ઓળખી જશે ! પરંતુ ચહેરા પર ચહેરો લગાવી આભાસી જિંદગી જીવવાનું ઘણીવાર અસહ્ય થઈ પડે છે. તેથી યુવાનોના માર્ગદર્શકો તો સતત એવી સૂચનાઓ આપતા રહે છે કે ફેસબૂક, નેટવર્કિંગ વગેરે સારું છે, પરંતુ તે વાસ્તવિક જીવનમાં આપણી આજુબાજુ રહેતા મિત્રો, સ્નેહીજનો ના ભોગે ન થવું જોઈએ.


આપણા કેથલિક જગતના સંદર્ભમાં રોમ રીપોર્ટસની સાઈટ પાવન પિતા ફ્રાન્સિસના તાજા સમાચારો, પ્રસંગો, ઉજવણીઓ, પ્રવાસો તથા પ્રવચનોથી સૌને માહિતગાર રાખે છે. પાવન પિતાની નિત્યનવીન ગતિવિધિઓ, સંદેશાઓ અને પ્રસંગો ગમે ત્યાં અને ગમે ત્યારે માણી શકાય છે ! એ સિદ્ધિ નાનીસુની તો નથી જ નથી ! ગુજરાતની ધર્મસભામાં બીબીએન અને ગુર્જરવાણીની સાઈટ્સ ખૂબ જ લોકપ્રિય બની છે પરંતુ એટલું જ નહિ નેટવર્કિંગને કારણે ફેસબૂક, ટ્વિટરને લીધે આપણા સમાજના અને ધર્મસભાના ગ્રામ્ય, શહેરી તથા દેશ-વિદેશમાં વસતા અનેક સ્વજનો, સમાજજનો તથા પ્રિયજનોના સતત સંપર્કમાં રહેવાનું શક્ય બન્યું છે આપણા સમાજના અનેક ભાઈબહેનો, વડિલો, મિત્રો, અમેરિકા, કેનેડા, લંડન, ઓસ્ટ્રેલિયા કે ન્યુઝીલેન્ડમાં હરતા ફરતા તથા જીવનને માણતા અને નાતાલ જેવા પ્રસંગો સાથે મળીને ઉજવતા હોય તેવા પ્રસંગોના ફોટા ફેસબૂક પર અપલોડ થાય ત્યારે જોઈને આનંદ આનંદ થઈ રહે છે !

પરંપરાવાદીઓ ન્યુ એઈજ સ્માર્ટ મોબાઈલ ફોનની ટીકા ટીપ્પણી તો કરવાના જ ! પહેલાં પણ કરતા હતા. આજે પણ કરે છે અને ભવિષ્યમાં પણ કરશે પરંતુ તેથી વિજ્ઞાનની કે ટેકનોલોજીની પ્રગતિ અટકી જવાની નથી. ધ્યાન માત્ર એટલું જ રાખવું ઘટે કે મોબાઈલનો સર્વ જન સુખાય સર્વ જન હિતાય સૂત્રને ધ્યાનમાં રાખીને ઉપયોગ કરવો અને 'અતિ સર્વત્ર વર્જયતે' !

સ્માર્ટ ફોન, ઈન્ટરનેટ, નેટવર્કિંગ વિના આજના જમાનામાં ચાલવાનું નથી. બાળકો, યુવાનો, મહિલાઓ, ખેડૂતો, ખેત મજૂરો, સામાજિક કાર્યકરો અને વડિલો સાથે સમાજના તમામ વર્ગ માટે આજનો 'મોબાઈલનો જમાનો' નવો આનંદ, તાજગી તથા નવી ઉષ્મા લઈને આવ્યો છે. જે જમાનાને જેટલો વધાવીએ એથી રૂડો આનંદ બીજો શો હોય શકે ! ●

# Happy Platinum Celebration

## 75th Birthday wishes



Mr. Paul John Parmar
Birth : 1st June, 1941

On this most momentous day,
We all stop to say
"Thank you" to a head that's grey
And a heart that a kind word
Always has to say
"Happy Birthday to you dear Papa"
from our hearts
from all your children,
And we wish you to start
This new year of your life with pride.
Happy 75th birthday to you.

***From : Our Mummy Elizabeth***


***Praful - Mona***
***Sharon - Jayasha - Shalin***
***Petlad***

***Michael - Meena***
***Kevin - Karen***
***Ahmedabad***

***Francis - Niketa***
***Ishani - Aditya***
***Ahmedabad***

***And all your loved ones.***

# Golden Jubilee of Consecrated life



Dear Fr. Robert,

Congratulations on 50 years of selfless giving and serving. May God continue to bless you and keep you in his tender love and care for your faithful ministry in appreciation for all you do.

***Best wishes and prayers from :***
***Gabriel and Savitaben***
***Pravin, Saroj and Priyen***
***Praful, Mona, Shalin, Jayasha and Sharon.***
***Leena, Suresh, Shirali and Sanket***
***Prakash, Rupal and Rihen***
***And all your loved ones***









**સર્વ શિક્ષા અભિયાન**

**શિક્ષણ : દરેક બાળકનો અધિકાર**

**પંગુતા - કોઈ અડચણ નહિ**

જોન ડોમનિક બેબી : આ નામ ૧૯૯૬માં ઘણું વિખ્યાત થયું હતું. આ વર્ષે તેમનું પુસ્તક ‘The Diving Bell And The Butterfly’ પ્રકાશિત થયું હતું અને જોન બેબીને એક અદ્ભૂત લેખક તરીકે નામના મળી હતી. આ પુસ્તક તે સમયે બેસ્ટ સેલર પુસ્તક બન્યું હતું. શું હતી આ પુસ્તકની વિશિષતા ? આ પુસ્તકના લેખક લકવાગ્રસ્ત હતા. એમના હાથ, પગ અને મોં સુધ્ધા લકવાની અસરથી કામ કરવાનું બંધ કરી દીધું હતું. આવી પંગુતાભરી સ્થિતિમાં તેમણે લખવાનું કામ કર્યું. આશ્ચર્યની વાત તો એ છે કે તેમણે તેમની આંખો દ્વારા લેખન કાર્ય કર્યું હતું. આંખોના ઈશારે તેમણે તેમના મદદનીશને એક એક અક્ષર હાવભાવથી જણાવ્યો. તેમના સેક્રેટરીએ જોનના વિચારોને શબ્દદેહ આપ્યો અને આમ પુસ્તક રચાયું. કેવી અદ્ભૂત વાત ! આવા ખુમારીવાળા લેખકના જીવનમાંથી આપણે આત્મવિશ્વાસ, હિંમત હાર્યા વિના અથાગ મહેનત, પોતાની નબળાઈઓ પર વિજય વગેરે મહાન ગુણો શીખવા મળે છે જે આપણને લક્ષ્ય પર પહોંચાડવામાં મદદરૂપ બને છે.



વ્હાલા કિશોર મિત્રો, જૂન મહિનો એટલે નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ. શરૂઆતથી જ બધી મુશ્કેલીઓ, અડચણોને પાર પાડવા મન મક્કમ બનાવજો અને સફળતા જરૂર તમારા કદમ ચૂમશે........ આશીર્વાદ સહ તમને બધાને ઓલ ધી બેસ્ટ.

મિસ લીના વર્ગમાં પ્રવેશ્યાં. તેમના મુખ પર મોટો ભાર હોય તેમ દીસતું હતું. લીનાબેન નવા નવા શાળામાં જોડાયાં હતાં. વર્ગમાં શાંતિ અને શિસ્ત જાળવવા તેમણે કડક રહેવું એમ તેઓ માનતા હતા, હકીકતે એ વર્ગના બધા વિદ્યાર્થીઓ ખૂબ મોજીલા અને આનંદી સ્વભાવના હતા. સાથે સાથે તેઓ પોતાની જવાબદારી પણ સારી પેઠે સમજતા હતા.

બહેને હાજરીપત્રક ખોલી બધાંની હાજરી લેવાનું શરૂ કર્યું. તેમણે જોયું કે એમિલી આગલા દિવસે ગેરહાજર હતી. ‘એમિલી કાલે શાળાએ કેમ નહોતી આવી ?’ લીનાબેને પૂછ્યું. ‘બેન, આમ તો અમે આગળથી મંજૂરી લઈને જ રજા પાડીએ છીએ પરંતુ કોઈક વખતે અનિવાર્ય સંજોગમાં વગર મંજૂરીએ ગેરહાજર રહી શકાય. એમિલીએ જવાબ આપ્યો. લીનાબેને કહ્યું. એવો તો કેવો અનિવાર્ય સંજોગ હતો ? શું તારે કલેક્ટરની જગ્યાએ ડ્યુટી ભરવાની હતી ?’ બેનની વાત સાંભળી આખો વર્ગ જોરથી હસી પડ્યો. આથી બેન ગુસ્સે ભરાયાં અને એમિલીને તતડાવવા લાગ્યા. એમિલીની સારી વર્તણુક જાણતા વર્ગના બધાં બાળકો બોલી ઊઠ્યાં. બેન, એમિલી સારી શિસ્તબદ્ધ વિદ્યાર્થિની છે. એ કોઈ દિવસ જાણી જોઈને શાળાના કાયદાનું ઉલ્લંખન નહિ કરે. એમિલી લીલાબેનના વઢવાથી થોડી નારાજ તો હતી, પરંતુ તેણે બેનનો પક્ષ લીધો અને બોલી, ‘આપણાં બેનને આપણી

શાળામાં જોડાયે થોડા દિવસો જ થયાં છે, એટલે તેઓ મને બરાબર ઓળખતા ના પણ હોય. તેમનો ઉદ્દેશ તો આપણે બધાં શાળાના નિયમોનું પાલન કરીએ અને સારાં બાળકો બનીએ એ જ છે.' એમિલીની વાત પર શિક્ષિકાબેન અને બીજા બધાં બાળકો ગૌરવ અનુભવવા લાગ્યા.

સાર : તમારી ઉદારતા હંમેશા બદલો ચૂકવશે.

**ઈસુનું પૂજ્ય હૃદય**

રીટા શહેરમાં કોન્વેન્ટ સ્કૂલમાં ભણતી હતી અને કોન્વેન્ટની હોસ્ટેલમાં રહેતી હતી. હોસ્ટેલમાં રોજ સવારે અને સાંજે પ્રાર્થના થતી અને ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિ ખાસ બોલવામાં આવતી. રીટાને આ ભક્તિમાં અને પ્રાર્થનામાં કોઈ ખાસ રૂચી હતી નહિ. એક રૂટિન માફક અને હોસ્ટેલના વોર્ડન વઢશે એવી બીકને લીધે તે પ્રાર્થનામાં ભાગ લેતી.



એક દિવસ રીટાને માતાનો પત્ર મળ્યો. પત્રમાં તેની માતાએ તેના ઘરે આવી પડેલી આપત્તિઓનું વર્ણન કર્યું હતું. ખાસ તો રીટાના પિતાને હાર્ટની તકલીફ ઊભી થઈ હતી અને કુટુંબમાં તેઓ એકલા જ કમાનાર વ્યક્તિ હોવાથી હવે આવક બંધ થતાં અને હોસ્પિટલના ભારે ખર્ચાને લીધે કેવી મુશ્કેલ સ્થિતિ ઊભી થઈ હતી, તેનું વર્ણન કર્યું હતું. પત્રની વિગત વાંચી રીટા ગમગીન થઈ ગઈ. તે જ ક્ષણે તેણે તેના પિતાના હૃદયની તંદુરસ્તી અને કુટુંબની મુશ્કેલીઓ દૂર થાય તે માટે ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિ કરવા નક્કી કર્યું. ભક્તિભાવથી તે પ્રાર્થના કરવા લાગી અને ખાસ તો દર શુક્રવારની ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિમાં ભાગ લેવા લાગી. હોસ્ટેલની બહેન પણીઓને પણ તેણે તેની અરજો માટે પ્રાર્થના કરવા વિનંતી કરી. બધા રીટાના કુટુંબ પર આવી પડેલ મુશ્કેલીઓ નિવારવા શ્રદ્ધાથી પ્રાર્થના કરતા હતા. એકાદ મહિના પછી તેને તેની માતાનો બીજો પત્ર મળ્યો. પત્રમાં માતાએ કુટુંબની સ્થિતિમાં કેવો સુધાર આવ્યો છે અને ડોક્ટરોએ તેના પિતાની હાલત કેવી સરસ સુધરી છે તથા હવે તેમના હાર્ટ વિશે ચિંતાનું કોઈ કારણ નથી તેની વિગત લખી હતી. રીટાનું મન આનંદથી છલકાઈ ઊઠ્યું. ઈસુના પૂજ્ય હૃદયની મધ્યસ્થી પર રીટાની શ્રદ્ધા દ્રઢ બની. હવે તે હંમેશા ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિમાં, ભક્તિભાવથી જોડાય છે. વ્હાલાં કિશોર મિત્રો, જૂન મહિનો ઈસુના પૂજ્ય હૃદયને અર્પણ કરેલો છે. ત્રીજી જૂને માતા ધર્મસભા ઈસુના પરમ પૂજ્ય હૃદયનું પર્વ ઉજવે છે. તો ચાલો આપણે બધાં ઈસુના પૂજ્ય હૃદયની દયા અને કરુણાનો અનુભવ કરીએ.



**માતા મરિયમનું નિષ્કલંક પ્રેમાળ હૃદય**

ગાબ્રિયેલભાઈને પ્રભુ ઈસુ પર અપાર શ્રદ્ધા હતી. તેમણે તેમના દીવાનખંડમાં ઈસુનું મોટું પેઈંટીંગ લગાડ્યું હતું પરંતુ

તેમના દીવાનખંડમાં ઈસુનું મોટું પેઈટીંગ લગાડ્યું હતું પરંતુ તેમને માતા મિરિયમ પર ખાસ કોઈ વિશ્વાસ નહિ. હોઈ શકે તેમના બિન કેથોલિક સાથીઓની વાતોની તેમના મન પર અસર થઈ હોય પરંતુ તેમના પત્ની જેસ્સીને માતા મિરિયમ પર ઘણી શ્રદ્ધા હતી. તેઓ એમ માનતા કે માતા મિરિયમ દ્વારા જ ઈસુને પ્રેમાળ હૃદય મળ્યું હશે. તેમણે તેમના પતિ ગાબ્રિયેલભાઈને દીવાનખંડમાં ઈસુના પેઈટીંગની સાથે માતા મિરિયમના હૃદયનું પેઈટીંગ લગાવવા ઘણી વાર કહ્યું હતું. પરંતુ ગાબ્રિયેલભાઈએ તેમની વાત કાને ધરી નહોતી. જેસ્સીબેન ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિની સાથે સાથે તેઓ પ્રભુ પિતાને ખાસ વિનંતી કરતાં કે તેમના પતિને મિરિયમ પ્રત્યે આદર જન્મે. ગાબ્રિયેલભાઈને પાસેના મોટા શહેરે ધંધાર્થે જવાનું થયું. આ શહેરમાં માતા મિરિયમનું એક મોટું તીર્થધામ હતું. રવિવારે તેઓ આ દેવળમાં ખ્રિસ્તયજ્ઞમાં ભાગ લેવા ગયા. આ દિવસનો રવિવારનો શુભસંદેશનો પાઠ કાના ગામના લગ્ન પ્રસંગનો હતો. પુરોહિતે તેમના ઉપદેશમાં ભાર દઈને જણાવ્યું હતું કે, 'આ પ્રસંગે માતા મિરિયમ હાજર હતાં અને તેમના હૃદયમાં કરુણા જન્મી અને તેમણે ઈસુના હૃદયમાં દયાભાવ ઉત્પન્ન કર્યો. આ ઉપદેશે ગાબ્રિયેલભાઈના મન પર ઊંડી અસર છોડી. તેઓ માતા મિરિયમના નિષ્કલંક હૃદયનું મોટું ચિત્ર લઈ આવ્યા અને આશીર્વાદ કરાવીને ઘરમાં ઈસુના પૂજ્ય હૃદયના પેઈટીંગની બાજુમાં તેની સ્થાપના કરી. હવે તેમનું સમગ્ર કુટુંબ ઈસુના પૂજ્ય હૃદય અને માતા મિરિયમના નિષ્કલંક હૃદયની પૂરા ભક્તિભાવથી પ્રાર્થના કરે છે. અને તેમના કુટુંબ પર અઢળક આશિષ ઉતરી છે.

(પ્રવૃત્તિ : કાના ગામના લગ્ન પ્રસંગનો પાઠ વાંચો :

સંત યોહાનનો ગ્રંથ : અધ્યાય ૨:૨-૧૧)




### જ્ઞાન : એક અદ્‌ભુત ભેટ

એક દિવસ શિક્ષકે વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછ્યો : 'બાળકો, જો ઈશ્વર તમને કોઈ એક ભેટ માંગવાનું કહે તો તમે શું માંગશો ? બધાં બાળકો જુદી જુદી વસ્તુઓ જણાવવા લાગ્યા. કોઈકે સરસ મોંઘો લેટેસ્ટ સ્માર્ટ ફોન માગ્યો તો કોઈએ લેપટોપ... બાળકોની ઈચ્છાથી શિક્ષક નારાજ થયા અને તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે જો તેમને ઈશ્વર પાસે ભેટ માંગવાની આવે તો તેઓ જ્ઞાન માંગશે. એક તોફાની વિદ્યાર્થી તરત બોલી ઊઠ્યો. સાહેબ, 'એ તો જેની પાસે જે વસ્તુ ના હોય એ જ માંગેને !' આ જોક આધુનિક જગતનો ખ્યાલ રજૂ કરે છે. હકીકતે આપણે બધાએ સતત આપણા જ્ઞાનમાં વધારો કરવાની જરૂર હોય છે. રોજે રોજ આપણા દિમાગને તેજ કરતા રહેવુ જોઈએ. રોજિંદા અભ્યાસમાં પણ જ્ઞાનની વૃદ્ધિ માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

### બાઈબલ વાંચનનું મહત્વ

એક વૃદ્ધ ખેડૂત હતો. એક વખત તે ગંભીર માંદગીમાં પટકાયો. તેના આખરી શ્વાસ ચાલી રહ્યા હતા. ડોક્ટરોએ આશા છોડી દીધી હતી. ખેડૂતનો એકમાત્ર પુત્ર પિતાની મરણ પથારી પાસે હાજર હતો. ખેડૂતે પુત્રને એક જૂનું બાઈબલ આપ્યું અને કહ્યું, 'દીકરા, આ બાઈબલ તને મુશ્કેલ સમયમાં મદદ કરશે. એને હંમેશા તારી પાસે રાખજે.' આમ કહી ખેડૂતે આખરી શ્વાસ લીધો. પિતાની અંતિમવિધિની ધમાલમાં પુત્ર બાઈબલને ભૂલી ગયો અને ઘરમાં એક ખૂણામાં મૂકી દીધું. થોડાં વર્ષ પછી પુત્ર આર્થિક સંકટનો ભોગ બન્યો. ત્યારે તેને પિતાની વાત યાદ આવી. તેણે પેલું બાઈબલ ઘરના ખૂણેથી પસ્તી અને જૂના પુસ્તકો વચ્ચેથી શોધી કાઢ્યું. તેના પરની ધૂળ ખંખેરી અને તેણે બાઈબલ ખોલ્યું. તેના આશ્ચર્ય વચ્ચે બાઈબલના પાનાં વચ્ચે ૫૦૦-૫૦૦ રૂપિયાની નોટો મળી આવી. અને તેને લાગ્યું કે તેના પિતાએ કહેલી વાત એકદમ સાચી હતી. વ્હાલા કિશોરમિત્રો, તમે પણ રોજ બાઈબલ વાંચનની આદત પાડજો. આ ટેવ ભલે તમને રોકડ રકમ ન આપે પરંતુ જીવન જીવવાનું અમૂલ્ય ભાથું પૂરું પાડશે.




**મગજ કસો.......**

મિત્રો, કયા ચોખઠામાં ઈંડાકાર આકૃતિની ઉપર, નીચે અને ડાબી તરફ ત્રિકોણ છે જ્યારે જમણી તરફ ચોરસ આકૃતિ દોરેલી છે? ચાલો શોધી કાઢીએ.......

વર્ષો પહેલાંની વાત છે. એક રાજા હતો. નામ એનું રાજવર્મા. રાજાને કળા કારીગરીમાં ખૂબ રૂચી હતી. તે પોતે પણ એક સારો ચિત્રકાર હતો. એક દિવસે તે એક પર્વતની ટોચે ચઢ્યો અને ત્યાંનો સુંદર નજારો જોઈ તેને કુદરતી દૃશ્ય દોરવાનું મન થયું. બે એક કલાકમાં તો રાજાએ તો સુંદર ચિત્ર બનાવી દીધું. પોતે દોરેલ ચિત્ર જોઈ રાજા ખુશ થયો અને ચિત્રને ધારી ધારીને નિરખવા લાગ્યો. સાચે જ ખૂબ સુંદર ! રાજવર્મા થોડાંક ડગલા પાછળ ખસ્યો અને ચિત્રને થોડે દૂરથી જોવા લાગ્યો. મન ભરીને રાજા તો ચિત્ર જોઈ રહ્યો હતો અને એમ કરતાં કરતાં રાજા તો એક એક ડગલું પાછળને પાછળ ખસતો ગયો અને એમ કરતાં તે પહાડની ધારે આવી પહોંચ્યો. રાજાની પાછળ ઊંડી ખીણ હતી પરંતુ રાજાને તેનો ખ્યાલ જ ન હતો. તે તો પોતે દોરેલ ચિત્ર જોવામાં તલ્લીન થઈ ગયો હતો. જો તે એક પગલું પણ પાછળ જાય તો ઊંડી ખીણમાં ગબડી પડે એમ હતું. આ સમયે ત્યાં ગોપાલ નામે એક ભરવાડ કિશોર તેની ગાય - ભેંસ ચરાવતો હતો.

તેનું ધ્યાન રાજા રાજવર્માની તરફ સતત મંડાયેલું હતું. બૂમ પાડીને રાજાને રોકવા જેટલો સમય પણ બચ્યો ન હતો. સમય સૂચકતા વાપરી ગોપાલે એક પથ્થર ઉપાડી રાજાએ દોરેલ ચિત્ર પર ફેંક્યો. અને રાજાએ હમણાં જ દોરેલ ચિત્ર ફાટી ગયું. હવે રાજાનું ધ્યાન પડ્યું. જે ચિત્રનો આનંદ માણી રહ્યો હતો તે હવે ખરાબ રીતે ફાટી ગયું હતું. રાજા ગુસ્સે ભરાયો. તેણે ગોપાલ તરફ જોયું અને ગુસ્સાથી બરાડ્યો.. 'મૂર્ખ બાળક, તારી હિંમત કેવી રીતે થઈ મારા પેઈંટીંગને ફાડવાની.' ગોપાલે નમ્રતાથી જવાબ વાળ્યો, 'નામદાર શ્રી મહેરબાની કરી આપની....' રાજ રાજવર્માએ ગરદન પાછળ ફેરવી તેણે જોયું કે તે પહાડની ધારે ઊભો હતો અને નીચે ઊંડી ખીણ હતી. મોત તેનાથી એક ડગલું જ દૂર હતું. રાજા ગોપાલની પાસે આવ્યો. અને તેનો આભાર માન્યો.

સાર : સમયસૂચકતા કોઈકની જિંદગી બચાવી શકે.

વ્હાલાં કિશોરમિત્રો, ૧૯ જૂન (જૂનનો ત્રીજો રવિવાર) એટલે ફાધર્સ ડે. તમારા પિતા તમારા સર્વાંગી વિકાસ માટે કેટલો બધો ભોગ આપે છે. કેટલી બધી મુશ્કેલીઓ હસતાં મુખે સહન કરે છે! તો તમે પણ પિતાની વાત માનજો. તેમને આદર આપજો અને તેમના કાર્યમાં સહાયરૂપ થજો.

- રાજેશ ક્રિશ્ચિયન

નર્સિંગ એડમીશન ૨૦૧૬-૧૭ સરકાર માન્ય સંસ્થા

# નાલંદા પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ

JOIN NOW 100% JOB

વિદેશ માટે ની તક

શ્રમ તથા રોજગાર મંત્રાલય ભારત સરકાર માન્ય સર્ટીફીકેટ N.S.D.C. (પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના)

## ૧ વર્ષ ,૨ વર્ષ, ૩ વર્ષ (બેંગ્લોર) નર્સિંગ કોર્ષ

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | મુદત |
|---|---|---|---|
| ૧ | જી.એન.એમ (બેંગ્લોર) માર્ગદર્શન | ૧૨ પાસ | ૩ વર્ષ |
| ૨ | નર્સિંગ આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૩ | એડવાન્સ નર્સિંગ હોસ્પિટલ પ્રોગ્રામ | ૧૦,૧૨ પાસ | ૨ વર્ષ |
| ૪ | લેબ ટેક્નીશીયન | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૫ | સેનેટરી ઈન્સ્પેક્ટર | ૧૦,૧૨ પાસ | ૨ વર્ષ |
| ૬ | ડીપ્લોમા ઈન ઓ.ટી આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૭ | ડીપ્લોમા ઈન મેડીકલ હેલ્થ નર્સિંગ આસી. | ૧૦ નાપાસ | ૧ વર્ષ |

**ખાસ નોંધ :-** (૧) લીમીટેડ સીટ (૨) દરેક કોર્ષમાં બુક્સ, મટીરીયલ્સ ફ્રી મળશે. (૩) ગામડેથી આવનાર બહેનોને મફત બસ પાસ સુવિધા તથા ભાઈઓને કન્સેસન પાસ (૪) ખૂબ જ ગરીબ, વિધવા, મા-બાપ વિનાની બહેનોને ખૂબજ ઓછી ફી અને જોબ અગ્રીમતા આપવામાં આવશે.



**વધુ માહિતી માટે રૂબરૂ મળો**

**નડિયાદ** : ૫૦૯, સીટી પોઈન્ટ કોમ્પ્લેક્ષ, ઈપ્કોવાલા હોલ સામે **મો. ૯૫૧૦૩૧૫૦૪૦**

**આણંદ (H.O.)** : લક્ષ્મી સિનેમા સામે, હરિદયા કોમ્પ્લેક્ષ **મો. ૯૯૦૪૮૪૬૦૩૬**

**મહેમદાવાદ** : એફ.૬૪-૬૫ વાત્સલ્ય કોમ્પ્લેક્ષ, કોર્ટની સામે, **મો. ૯૦૩૩૧૦૯૦૪૩**

**પેટલાદ** : ધનલક્ષ્મી શોપીંગ સેન્ટર, રેલ્વેના ખાંચામા **મો. ૯૩૭૭૩૪૪૧૮૫**

**વડોદરા** : એસ.એફ.૧૧, મારૂતિ કોમ્પ્લેક્ષ, બસસ્ટેન્ડની સામે, **મો. ૯૩૭૬૬૯૫૨૫૫**

**ધો. ૧૦,૧૨ (દરેક પ્રવાહ) તથા કોલેજ પાસ-નાપાસ માટે ૧૦૦% જોબ લક્ષી કોર્ષ**

# પિતૃદિન

✍ બકુલ મેકવાન

ઉત્સવઘેલા લોકો દ્વારા અનેક તહેવાર અને વિશેષ દિવસની ઉજવણી લગભગ બારે મહિના ચાલતી રહે છે. આ બધામાં છેલ્લા કેટલાક વર્ષોમાં લોકજાગૃતિ કેળવવા, નવી પેઢીમાં કેટલાક આદર્શ મૂલ્યોનું મહાત્મય સમજાવવા આંતરરાષ્ટ્રીય ધોરણે તમાકુ નિષેધ દિન, વિશ્વ આરોગ્ય દિન, વિશ્વ પર્યાવરણ દિન જેવા દિવસની ઉજવણી સાથે સાથે સામાજિક મૂલ્યોના બહોળા પ્રચાર-પ્રસારના ઉદ્દેશથી માતૃદિન, પિતૃદિન જેવા વિશેષ દિવસની ઉજવણી કરવાનું ચલણ વધ્યું છે. આજે વાત કરવી છે પિતૃદિનની. આગામી જૂન મહિનાની ઓગણીસમી તારીખે પિતૃદિનની ઉજવણી ઘોષિત કરવામાં આવી છે. જો કે, પિતૃદિનની ઉજવણી વિવિધ દેશોમાં અલગ અલગ દિવસે થતી હોવા છતાં, સાધારણ રીતે જૂન માસનો ત્રીજો રવિવાર પિતૃદિન માટે મુકરર કરવામાં આવ્યો છે. ૧૯૦૮ માં સહુ પ્રથમ વાર માતૃદિનની ઉજવણીનો આરંભ કરવામાં આવ્યો હતો. એવું કહેવાય છે કે, અમેરિકામાં વીસમી સદીના આરંભે માતૃ દિનની ઉજવણીમાં કાંઈક ખૂટતું હોવાના ભાવ સાથે પિતૃદિનની શરૂઆત કરવામાં આવી હતી. વાત સીધી ને સટ છે. સંતાનના ઉછેરમાં માતાની ભૂમિકા જેટલી જ મહત્ત્વની પિતાની ભૂમિકા રહેલી છે. હાલરડાંની સંસ્કૃતિમાં પિતાની ભૂમિકા વિસરાઈ જતી હતી એ વાત જો કે જુદી છે. સંતાન ઉછેરમાં પિતાની આ વિસરાઈ ગયેલી ભૂમિકાને ઉજાગર કરી, તેનો મહિમા કરવાનો દિવસ એટલે ફાધર્સ ડે કે પિતૃદિન.

પિતૃદિનની ઉજવણીનો પ્રારંભ કેવી રીતે, કયા સંજોગોમાં થયો તેનો આ અવસરે મને અભ્યાસ કરવાનો પણ લ્હાવો સાંપડ્યો. ૧૯૦૮ માં અન્ના જાર્વિસ નામની સન્નારીએ અમેરિકાના પશ્ચિમ વર્જિનિયા રાજ્યના ગ્રાફ્ટન શહેરમાં તેની મૃત માતાને સ્મરણાંજલિ આપવા માતૃદિનની ઉજવણીની પહેલ કરી ત્યારે લોકોને સંતાનના ઉછેરમાં માતાની ભૂમિકાનું મહત્ત્વ સમજાવ્યું હતું. એક વાત મહત્ત્વની છે. દરેક વિચાર કે ક્રાંતિ પાછળ કોઈક ઘટના કારણભૂત હોય છે. પિતૃદિનની ઉજવણી શરૂ કરવાનો વિચાર સહુ પ્રથમ શ્રીમતી ગ્રેસ ક્લેટોન નામની મહિલાને આવ્યો. એક દુર્ઘટનાએ તેના મનમાં ઉથલપાથલ સર્જી દીધી. ૧૯૦૭ ના અંતમાં મોનોન્ગાહ નામના શહેર નજીક આવેલી એક ખાણમાં સર્જાયેલી દુર્ઘટનામાં સાડા ત્રણસો કરતાં વધુ લોકોએ જાન ગુમાવ્યા, જેમાં અઢીસો જેટલા લોકોના મૃત્યુના કારણે હજારો સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી. અઢીસો મહિલાઓએ પોતાના પતિ અને એટલી જ મહિલાઓએ પોતાના વ્હાલસોયા દીકરાઓ ગુમાવી દીધા હતા ! તો હજારેક સંતાનો પિતા-વિહોણા બની ગયાં હતાં. ક્લેટોન બે જુવાનજોધ દીકરાઓને અગાઉ ગુમાવી ચૂકી હતી એટલે તેને મૃત્યુની વેદનાનો અનુભવ હતો. આ દુર્ઘટનાએ શ્રીમતી ગ્રેસ ક્લેટોને હલબલાવી દીધી. છઆઠ મહિનાના આઘાતમાંથી બહાર આવતાં જ શ્રીમતી ગ્રેસ ક્લેટોને ધર્મગુરુ થોમસ વેબને મૃતક તમામ પિતાઓને આદરાંજલિ આપવાનું સૂચન કર્યું. તેણે ધર્મગુરુને કરેલા સૂચન સમયના આંખ ભીજવતા શબ્દો આ હતા : “ ખાણમાં થયેલા વિસ્ફોટે પિતાના મહત્ત્વ અને હેત બાબતે વિચારવા મને પરવશ કરી દીધી. આંખના પલકારામાં, ઓહ, માત્ર થોડી જ પળોમાં આ વિસ્ફોટે અનેક સંતાનોની બાપની છત્રછાયા છીનવી લીધી, પત્નીઓના લલાટે વિધવાની છાપ અંકિત કરી દીધી અને અનેક માતાઓના જુવાનજોધ દીકરાઓ અકાળે કાળનો કોળિયો થઈ ગયા ! હે ભગવાન ! પતિ-વિહોણી, પિતા-વિહોણી જિંદગી જીવવી કેટલી દુષ્કર છે !” પણ આ દિવસ ક્યારે ઉજવવો ! શ્રીમતી ગ્રેસના પિતા મેથોડિસ્ટ મંડળીના પાળક રેવ. ફ્લેચર ગોલ્ડન હતા, જેઓ ૧૮૯૬ માં અવસાન પામ્યા હતા પણ આટલાં વર્ષો પછી પણ પિતાના અવસાનની ખોટ તેના ઘરમાં વણપુરાયેલી જ રહી હતી. પિતાના જન્મદિનની નજીકનો રવિવાર પિતાઓના માનમાં ઉજવવા સહમતી સાધવામાં આવી. રેવ. ફ્લેચરનો જન્મદિવસ આઠમી જુલાઈના દિવસે આવતો હતો, નજીકનો રવિવાર પાંચમી જુલાઈના દિવસે હતો. એટલે પ્રથમ પિતૃદિનની ઉજવણી ૫મી જુલાઈ, ૧૯૦૮ના રોજ કરવામાં આવી. જો કે, શ્રીમતી ગ્રેસની આ પહેલને ઝાઝો પ્રતિસાદ ન મળ્યો અને તેના પોતાના શહેરમાં જ બીજી મહત્ત્વની ઘટનાઓને કારણે પિતૃદિનની ઉજવણી અનેક વર્ષો માટે બંધ રહી, શ્રીમતી ગ્રેસ ક્લેટોને જો કે ક્યારેક આ બાબતે જશ લેવાનો સભાન પ્રયાસ કર્યો નહિ અને આ બાબતે મૌન ધારણ કરી લીધું પણ તેણે રોપેલા વિચાર બીજ ક્યાક ને ક્યાંક અલગ અલગ સ્વરૂપે ફૂટતાં રહ્યાં.

છેવટે ૧૯૭૨માં અમેરિકાના તત્કાલિન પ્રમુખ રિચર્ડ નિક્સને અમેરિકન સંસદમાં એક ઠરાવ પસાર કરાવ્યો અને જૂન માસના ત્રીજા રવિવારે પિતૃદિનની રાષ્ટ્રીય ઉજવણી કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો. શ્રીમતી ગ્રેસ ક્લેટોનની રાખ બની ઠરી ગયેલી ઝુંબેશ ફિનિક્સ પક્ષીની પેઠે જાણે આળસ મરડી બેઠી થઈ ગઈ ! પિતાઓને માન આપવાના ઉદ્દેશથી વિશ્વના મોટાભાગના દેશોમાં અલગ તો અલગ દિવસે પણ પિતૃદિનની ઉજવણી પ્રચલિત બની રહી. જો કે, ભારત, હોંગકોંગ, હંગેરી, કેનેડા, ચીન, કોસ્ટારિકા, વેનેઝુએલા, શ્રીલંકા, યુનાઈટેડ કિંગડ્મ, પાકિસ્તાન, મેક્સિકો, જાપાન, કેન્યા, મલેશિયા, અરૂબા વગેરે દેશોમાં પિતૃદિન જૂન મહિનાના ત્રીજા રવિવારે ઉજવવામાં આવે છે, જ્યારે યુરોપના કેટલાક દેશોમાં સંત જોસેફના માનમાં આ દિવસની ઉજવણી ૧૯મી માર્ચના દિવસે કરવામાં આવે છે. જો કે, મેટ્રો નગર પૂરતી તેની ઉજવણી સીમિત બની રહી છે અને વ્યાપારીકરણ વધી ગયું છે. નાનાં શહેરો અને ગામડાંઓમાં હજુ આ દિવસની ઉજવણીનો જોઈએ તેવો પ્રચાર-પ્રસાર થયો નથી. જો કે, મૂળ વાત, આ દિવસની ઉજવણી ક્યારે અને કયા સ્વરૂપમાં થાય છે તે નથી, બલ્કે ઉજવણી પાછળની ભાવના શું છે અને શું હોવી જોઈએ તે છે એ એક વાત નિર્વિવાદ છે. વિશ્વની તમામ સંસ્કૃતિઓમાં માતાની ભૂમિકા બેજોડ છે, એમાં કોઈ શક હોઈ શકે જ નહિ. મા ની મમતા અને ત્યાગની વાતે કોઈ બેમત હોઈ જ ના શકે પણ પિતાની ભૂમિકા સાવ વિસારે પાડી દેવાઈ છે એ વાત પણ એટલી જ સાચી છે. આ લખતાં ઈસુના પાલક પિતા યોસેફનું સ્મરણ થાય છે. દાંપત્યજીવન ભોગવ્યા સિવાય ઈશ્વરની ઈચ્છાથી અવતરેલા પુત્રનો સ્વીકાર કરવો અને તે પણ તદ્દન રૂઢિચુસ્ત જમાનામાં ! આટલેથી જ ના અટકતાં, યોસેફે સગા

બાપની જેમ કરેલો ઈસુનો ઉછેર મહાન ત્યાગ માંગી લે છે. મેં આવા કેટલાયે સજ્જનો જોયા છે જેઓએ પત્નીના અવસાન બાદ, વર્ષો લગી વિધુરાવસ્થામાં રહીને સંતાનોની પરવરિશ કરી જાણી છે પણ જ્યારે આવી પરવરિશની કદર થતી નથી ત્યારે અફસોસ થાય છે. પિતા માત્ર બાયોલોજીકલ બીઈંગ નથી પણ ઈમોશનલ બોન્ડિંગ છે.

પરંપરાગત સમાજ-વ્યવસ્થામાં ખરેખર તો એવું થયું છે કે, પુરુષની ભૂમિકા ગૃહસ્થી ચલાવવા પૂરતી સીમિત બની રહી છે. પુરુષ લગ્નસંબંધને જોડાય, સંતાનોત્પતિ કરે, કમાણી કરે ને ઘર ચલાવે - આ માપદંડ પ્રચલિત છે. પણ પુરુષ જવાબદારીના બોજથી લદાયેલો હોવા છતાંયે લાગણીસભર અને વાત્સલ્યમૂર્તિ બની શકે એ ઝટ દઈને ગળે ઉતારતી વાત નથી. હમણાં વોટ્સએપ પર સુંદર મજાનો સંદેશ વાંચવા મળ્યો. જુઓ : દરેક દીકરી કેમ તેના ડેડીને સહુથી વધુ પ્રેમ કરે છે ? કારણ, તે જાણે છે કે, આખા વિશ્વમાં આ એકમાત્ર પુરુષ એવો છે જે તેને કદાપિ દુઃખી કરનાર નથી. આ સંદર્ભે એક પિતાના શબ્દો ભાવુક કરી ગયા. આ રહ્યા શબ્દો : "મારી પત્ની કરતાયે હું મારી દીકરીને કેમ વધુ ચાહું છું એ જાણવું છે ? મારી દીકરી ચાર વર્ષની હતી ત્યારે મારી માતાનું અવસાન થયેલું અને હું ખૂબ જ રડેલો. મને યાદ છે, મારી દીકરીએ મારાં આંસુ લૂછતાં કહેલું, પપ્પા, તમે રડશો નહિ... તમે રડો છો એટલે મને રડવું આવે છે. વાતને વર્ષો વીતી ગયાં. આજે પણ દીકરી સાસરેથી મળવા આવે છે ત્યારે મારાં બધાં જ દુઃખો વિસરાઈ જાય છે. પત્ની આંસુનું કારણ બની રહે છે, જ્યારે દીકરી આંસુનું મારણ બની રહે છે." અને આ જ કારણસર, દીકરીની વિદાય વેળા બાપને સહુથી વધુ વેદના થતી હોય છે. એ બાપને જતાં જતાં કહે છે, " પપ્પા, હું જાઉં છું. મારી ચિંતા કરશો નહિ. ડાયાબિટીસ કંટ્રોલમાં રાખજો. તમારી દવા બરોબર લેજો..ને પપ્પા..." વિદાયના આ શબ્દો જ પેલા કરડા લાગતા ચહેરાને આંસુથી ભીંજવી દે છે અને પિતાનું વાત્સલ્ય છલકાઈ ઉઠે છે.

પિતાની સમજદારી અને ભાવનાનો એક બીજો કિસ્સો પણ વાંચવા જેવો ખરો. દીકરીને વિદાય કરીને ઘરના ખૂણામાં ભાંગી પડેલ પિતાની આંખોમાંથી આંસુ ધોધ બની વહી રહ્યાં હતા. પિતાની બહેન ભાઈને હુંફ આપતાં કહી રહી હતી : "ભાઈ, રડશો નહિ, દીકરી પારકું ધન ગણાય. એ સાસરે જ શોભે" અને પિતાએ બહેનને કહેલા યાદગાર શબ્દો હૃદયસ્થ કરવા જેવા ખરા. "આજલગી મેં ભગવાનને કદી પ્રાર્થના કરી નથી પણ આજે સમજાય છે કે, દરેક દીકરીના બાપે ભગવાનને એક જ પ્રાર્થના કરવી જોઈએ. પ્રભુ તું સંસારના દરેક પુરુષને ખૂબ જ સમજુ અને શાણા બનાવજે કારણ, એમાંથી કોઈક મારી દીકરીનો પતિ બનનાર છે. સંસારની બધી જ સ્ત્રીઓને તું ખૂબ પ્રેમાળ બનાવજે, કારણ, એમાંથી કોઈક મારી દીકરીની નણંદ બનનાર છે. હે પ્રભુ, તારે આખી સૃષ્ટિને ફરી બનાવવી પડે તો બનાવજે, પણ મારી દીકરીને દુઃખ પડવા દઈશ નહિ." પિતાના વાત્સલ્યને પિછાણવા દૃષ્ટિ મળે અને પિતૃદિનની ઉજવણી પંચાંગની શોભા ના બની રહે પરંતુ સાચા અર્થમા પિતાની કદર થાય, પિતાની પરવરિશને ઉચિત સન્માન સાંપડે તેવા શુભ આશય સાથે અસ્તુ !●


## ઈંગ્લીશ ટીચર જોઈએ છે

લોયોલા ટ્રેનિંગ સેન્ટર, નડિયાદ ખાતે સંસ્થાકીય ધોરણે ફુલ ટાઈમ માટે ધો.૧૨ પછીના વિદ્યાર્થીઓને ઈંગ્લીશ શીખવી શકે તેવી ૧ (એક) જગ્યા પર ભાઈ/બહેનની જરૂર છે.

**ઈચ્છનીય લાયકાતઃ B.A./M.A. B.Ed. (English)**

અનુભવી/બિનઅનુભવી/નિવૃત્ત કે જે ઉપરોક્ત વિષયના જાણકાર હોય તેવા દરેકે નીચે દર્શાવેલ સરનામે અરજી કરવાની રહેશે.

*ડાયરેક્ટરશ્રી, લોયોલા ટ્રેનિંગ સેન્ટર,*
*વૈશાલી રોડ, ઈન્દિરા નગર પાસે, નડીઆદ - ૩૮૭ ૦૦૨, જિ. ખેડા*
**ફોનઃ (૦૨૬૮) ૨૫૫૮૫૬૫**

**સરજીલભાઈ** **મો. ૯૫૭૪૯ ૫૪૭૮૬**
**૯૯૦૯૪ ૧૫૧૮૦**

## MAA સ્ટીલ ફર્નિચર

**દરેક પ્રકારના દીવાલગોખલાના ડ્રેસીંગ કબાટ, અભરાઈ કબાટ, કીચન કબાટ સંતોષકારક બનાવનાર.**

***વડોદરા, પેટલાદ, આણંદ, નડીઆદ બહારગામના ઓર્ડર લેવામાં આવે છે.***

***May the Lord God Jesus Christ bless you always dearest***



**CRETA**
On your 1st Birthday
22nd June, 2016

HAPPY BIRTHDAY!

"...thy children like olive plants, round about thy table." Psalm 128:3

Lot's of love & wishes

Jayeshbhai (Papa) Vinubhai (Dada)
Bhavnaben (Mummy) Bhartiben (Dadi)
Rajeshbhai (Mota Papa) Komalben (Foi)
Jignashaben (Moti Mummy) Allwinbhai (Fua)
Mit & Sonu (Alin) (Big Brother)
Johnbhai & Family (Bakrol)
Jivandeep Society, St. Xavier's Road, Gamdi-Anand

# તોરા મન દર્પન કહલાયે

✍ પોલ મેકવાન

*નિવૃત્ત એલ.આઈ.સી. ઓફિસર (કેનેડા)*

સૃષ્ટિના પ્રારંભે જ શેતાનનાં ભોળવેલાં આપણા આદિ માબાપે ઈદન વાડીમાં મના કરેલા વૃક્ષનું ફળ ખાધું અને એ દિવસથી આપણે સુખની એ વાડીમાંથી સદાને માટે વિસ્થાપિત થઈ ગયાં. સુખનો એ હક્ક ફરીથી પ્રસ્થાપિત કરવા ઈસુ આ જગતમાં અવતર્યા અને કહ્યું: 'હું આવ્યો છું જ એટલા માટે કે તમને જીવન મળે અને જીવન ભરપેટે મળે.'

આજે ૨૦૧૫ વર્ષ પછીય જીવનને માણવાની દૃષ્ટિના અભાવે આપણું જીવન અશાંતિ અને અસંતોષના વમળોમાં ગરકાવ થઈ રહ્યું છે. ક્યાં છે અંતરમાં સ્વયં ઉમટતાં ઉન્મત આનંદનાં ઝરણાં ?

મહાભારતમાં યક્ષપ્રશ્નનો ઉત્તર આપતાં યુધિષ્ઠિર કહે છે : 'આ દુનિયાનું સૌથી મોટું આશ્ચર્ય એ છે કે રોજ હજારો લાખો લોકોને મરતાં જોવા છતાં માનવી એવું જ માની લે છે કે તે અનંતકાળ જીવવાનો છે.' જે ગયો તે સમય કદી પાછો આવવાનો નથી. આપણા જીવનની દરેક ક્ષણ મૂલ્યવાન છે.

જીવન માર્ગદર્શક એવું ઘણું સાહિત્ય અનુભવી માનસોપચારકો, વર્ષો સંશોધન કરનાર વિદ્વાનો અને વિશ્વસ્તરના નિષ્ણાંતોએ આપ્યું છે. આપણું સામાજિક-ધાર્મિક સાહિત્ય એટલું જ કહે છે : 'ચિંતા ના કરો.' જ્યારે માનસોપચારક ચિંતાના મૂળમાં ઉતરીને કહે છે : 'તમારામાં બાળપણમાં પ્રવેશી ગયેલી અસલામતીની ગ્રંથિ જ તમારી ચિંતાનું ખરું કારણ છે, એ ગ્રંથિ દૂર કરો તો ચિંતા પણ દૂર થશે.' વિકસિત દેશોમાં હજારો ડોલર ખર્ચીને લોકો સુખી થવાની માટેની મનોવૈજ્ઞાનિક તાલીમ મેળવે છે ! આ પ્રકારના સાહિત્યમાંથી વીણેલાં મોતીઃ

૧)હસતા રહીએ, હસાવતા રહીએ - (laugh, No matter what) વિદ્વાન ચિંતન ડેલ્મર ક્રોફ્ટ કહે છે, 'આનંદી સ્વભાવ એ યુવાનીનું ટોનિક છે.' રોજબરોજની તણાવભરી જિંદગીમાં હાસ્ય હળવાશ લાવે છે. સ્મિત, વિનોદ, મજાક, રમૂજ કે હાસ્ય વગરના હોવું એટલે જીવન વગરના હોવું. જે દિવસે તમે ન હસ્યા તે દિવસને તમે ગુમાવ્યો છે ! પ્રસન્ન હૃદય દવા જેવું કામ કરે છે. ખુશમિજાજ વ્યક્તિ અન્યોના જીવનનો ભાર પણ હળવો કરે છે. હાસ્ય દુઃખને ભૂલાવી દે છે. આપણે ઈશ્વરની પ્રતિમૂર્તિ છીએ અને ઈશ્વર તો 'સત્-ચિત્ત, આનંદ છે. જીવતરના વેરાન વગડામાં હાસ્યની હેલી કરીએ તો જીવનનો ઘણો બોજો ધોવાઈ જાયને જીવવાનું નવું જોમ મળે.'

૨) ચિંતા ચિતા સમાન - (Try not to control future) જાણીતા માનસોપચારક ડો. જોસેફ લુસિયાની કહે છે : 'ભવિષ્યને પોતાના કાબૂમાં રાખવાનો પ્રયત્ન અકુદરતી છે અને એવું કરવા જતાં જ ચિંતા જન્મે છે.' ચિંતા કાલના દુઃખોને ઘટાડી શકતી નથી પણ આજની શક્તિઓને જ ઘટાડે છે. આપણે જે ચિંતાઓ કરીએ છીએ તેમાંનું કશું ભાગ્યે જ થતું હોય છે ! માટે ખરાબ જ પરિણામ આવશે એવું કદી ન વિચારવું. અવાસ્તવિક તુક્કાઓ આપણા મનનો કબજો લઈ લે તે પહેલાં દૂર કરવા જોઈએ. હિમ્મતથી, ' જ્યારે જે આવી પડશે તેને તે વખતે જોઈ લઈશું.' એવા આત્મવિશ્વાસ સાથે સ્વયંસ્ફૂર્ત (spontanecous) જીવન જીવવું જોઈએ. જેમ બધા પ્રકારની ટેવો પાડી શકાય છે તેમ બધી જ ટેવો, ચિંતાની ટેવ પણ છોડી શકાય છે. જરૂર છે મજબૂત આત્મવિશ્વાસની. જીમ કેરી કહે છે, "આશા કરતાં વિશ્વાસ મોટો છે. આશાને તો અગ્નિમાંથી પસાર થવું પડે છે. જ્યારે વિશ્વાસ અગ્નિને વટોળી જાય છે."

૩) પહેલું સુખ તે ....(Treat yourself well) 'સુપ્રિમ પર્સનાલીટી' પુસ્તિકામાં લેખક કહે છે : આપણે વ્યવસાય, કુટુંબ કે સામાજિક બાબતોમાં એટલા ઓતપ્રોત થઈ જઈએ છીએ કે પોતાની જાતનું જ ધ્યાન રાખતા નથી. શરીર તો જીવન જીવવાનું સાધન છે. રોજ કસરત, યોગ્ય ખોરાક અને પૂરતી ઊંઘ દ્વારા શરીરને સાચવીએ. નિયમિત શારીરિક તપાસ કરાવીએ. પોતાના બાહ્ય દેખાવ પ્રત્યે સભાન બનીએ. જીવનને વધારે પડતું ગંભીર ના બનાવીએ. નાની નાની વસ્તુઓનો આનંદ માણીએ. રોજનું એકાદ ભલાઈનું કામ ચારિત્ર્યને ઘડે છે જેથી જિંદગીની સાર્થક્તા અનુભવાય છે. રોજ ઈશ્વરનો આભાર માનીએ. નવી જગ્યા, નવા મિત્રો, નવો રસ, નવું વાંચન જીવનમાં તાજગી લાવે છે. દરેક બાબતમાં વધારે પડતો 'પૂર્ણતા'નો આગ્રહ કદી ના રાખવો. મધ્યમમાર્ગી બનવું. 'અતિ સર્વત્ર વર્જયેત.' નકામા વિચારો, વસ્તુઓ અને બિનજરૂરી પ્રવૃત્તિઓનો કચરો અને ઘોંઘાટ જીવનમાંથી દૂર કરીએ. ઓછા, પણ અગત્યના લક્ષ્ય ઉપર ધ્યાન આપીએ.

૪) અમિત્રસ્ય કુતઃ સુખમ્ (Learn to get along) સાર્થક સંબંધો જીવનમાં સફળ થવામાં ઘણી મદદ કરે છે. અમેરિકાના જાણીતા 'સક્સેસ કાઉન્સેલર' કોપમીયર કહે છે : લોકોને પ્રશ્નો પૂછો, લોકોની મદદ માગો. માંગશો તો મળશે. માંગવાની શરમ કાઢી નાંખો. લોકો સાથે કઈ રીતે સંબંધો વિકસાવવા તે શીખવું મહત્ત્વનું છે. અન્યોના વિચારોને માન આપો. દલીલો ના કરો. હંમેશા આભાર માનો, વ્યક્તિના સારા ગુણોની પ્રશંસા કરો. બીજા કરતાં આપણે ચઢિયાતા છીએ એવું અજાણે પણ દર્શાવવાનું ટાળીએ, કારણ એમાંથી અદેખાઈ જન્મે છે. કોઈપણ મિત્ર ક્યારેક તો તમને દુઃખ પહોંચાડશે જ પણ એવા મિત્રો શોધો જે દુઃખ પહોંચાડે તોય સહી લેવા જેવા હોય. એક કવિની રચના છે :

"એકબીજાને ગમતાં રહીએ, કોઈ ખટકે તો ખમતાં રહીએ :
સંજોગો જે પણ સર્જાય, થોડાં થોડાં નમતા રહીએ..."

૫) 'આજનો દિ' રળિયામણો (Today Matters) - મેનેજમેન્ટ 'વર્તમાનેન કાલેન દર્તયન્તિ વિચક્ષણઃ ॥' મેનેજમેન્ટ નિષ્ણાત જ્હોન મેક્ષવેલ કહે છે : 'આજનો અભિગમ, આજની પ્રાથમિકતાઓ, આજના નિર્ણયો, આજનું ચિંતન, આજની પ્રતિબદ્ધતા તમારા ભાવિને ઘડે છે. રોજ સવારે આખા દિવસના કામનું આયોજન કરવું જોઈએ. દૈનિક કામો ઉપરાંત સ્વ-વિકાસ અને આનંદનું પણ આયોજન કરો. કામ પૂરૂ કરવા માટે શિસ્ત જરૂરી છે. પ્રથમ

અગત્યનાં કામો નિપટાવો અને પાછળનો સમય આનંદપ્રમોદ માટે રાખો. મોટા કામને નાના નાના ભાગોમાં વહેંચવાથી સહેલું બને છે. રોજ પોતાની તંદુરસ્તી માટે, પોતાના સંબંધો માટે અને પોતાના વિકાસ માટે વિચારવાનો સમય ફાળવો. આજે જ વાવશો તે જ ભવિષ્યમાં લણશો. કોઈ ચિંતકે કહ્યું છે કે : આપણને સૌને બે જીવન મળ્યાં છે. બીજું જીવન ત્યારે શરૂ થાય છે જ્યારે આપણને ભાન થાય છે કે જીવન તો એક જ મળ્યું છે.'

૬) દૂસરોં કી જય સે પહલે, ખુદકા જય કરે - (Be Yourself) કોઈ ચિંતકે કહ્યું છે : 'જો તમે પોતે જ તમારી કિંમત ઓછી મૂકશો તો ખાતરી રાખજો કે આ દુનિયા તો તમારી કિંમત વધારવાની નથી જ.' આ દુનિયામાં તમારા જેવી માત્ર એક જ વ્યક્તિ છે. તમે પોતે. જો ઈશ્વરે તમને જુદા ઈચ્છ્યા હોત તો જુદી રીતે ના બનાવ્યા હોત ? તમારી ઈચ્છા વગર બીજા લોકો તમને હલકા પાડી શકશે નહિ. જે કાંઈ કરો તેમાં 'તમે' વ્યક્ત થાવ. ઈશ્વરે આપેલી બીજી આજ્ઞા છે : 'માનવબંધુ ચાહવો, ચાહે નિજને જેમ. ' પોતાની જાતને ચાહવી એ પ્રાથમિક શરત છે. જે પોતાને પ્રેમ નથી કરી શકતો એ દુનિયાને પણ પ્રેમ ન કરી શકે. તમે જે પણ પરિસ્થિતિમાં હો, કદી પોતાની જાતને બીજાથી ઉતરતી કક્ષાની ના સમજો. આત્મસન્માન કેળવો. લોકો શું કહેશે. શું વિચારશે તેવો સામાજિક ડર કાઢી નાખીએ.

૭) સપને ભી 'અપને ' હોતે હૈ - (Visualize) ભાવિ વર્ષોમાં તમારી તંદુરસ્તી, સંબંધો, કારકિર્દી વગેરે ખૂબ ઊંચાઈએ હશે તેવા દૃશ્યોને કલ્પનામાં નિહાળો. કોપમીયર કહે છે : ' જો તમારે ૧૦૦ વર્ષ જીવવું હોય તો પૂરા મનથી રોજ એ સ્વપ્ન જુઓ. તમે ચોક્કસ ૧૦૦ વર્ષ જીવી શકશો.' જેક કેન્ફીલ્ડ કહે છે, 'મગજ જે વસ્તુની કલ્પના કરી શકે તેને તે પ્રાપ્ત પણ કરી શકે. જો તમે સ્વપ્ન જોશો તો તમારું સુષુપ્ત મન જાદુઈ ચમત્કાર કરી બતાવશે.' સ્વપ્નો વાસ્તવિકતામાં પલટાઈ શકે છે. ઉપનિષદ કહે છે : "જેવી તમારા અંતરની આતશ તેવા તમે" બાઈબલ કહે છે : "માણસ જેવું વિચારે તેવો તે બને છે."

૮) દુખનું ઓસડ .....? (Ask for help) ફૂલો કદી ઉદાસ હોતાં નથી, ઝરણાં કદી થંભી જતાં નથી અને પંખીઓ કદી ઉતાવળમાં હોતાં નથી. યુગોપર્યંત માઈક્રો-સેકન્ડની ચોક્સાઈથી દિવસ અને રાત થયા કરે છે. અનંત વિશ્વમાં બધું સૂર્યમંડળથી લઈને આકશગંગાઓ સુધી બધું જ લયબુદ્ધ અને પરિપૂર્ણ છે. આપણું મન પણ એ અનંત વિશ્વનો એક હિસ્સો જ છે. અનેક ચિંતકોએ આ સૂચન કર્યું છે : જ્યારે પણ અનંત સાથેનો લય તૂટે અને તમે મુસીબતોથી ઘેરાઈ જાઓ ત્યારે આભની અટારી સામે જોઈને મદદ માગો'. કહો કે : 'વિશ્વાનલ હું અધિક ન માગું. માગું એક ચિનગારી....મહાનલ' આમ કરવાથી તમે તમારી જાતને અનંત સમક્ષ ખુલ્લી મૂકો છો, જેથી બ્રહ્માંડ અને એના સર્જનહારની એ ઊર્જા તમને મળે છે જેની આગળ તમારી દુન્યવી મુસીબતો કોઈ વિસાતમાં નથી.

આપના મનના વિચારોને આકાશની ઊંચાઈ, સૂરજનું તેજ, પહાડોની દૃઢતા અને સિંહોની નીડરતા પ્રાપ્ત થાઓ. ●


નર્સિંગ એડમીશન

Government of India

સરકાર માન્ય સંસ્થા

Reg. By Gujarat Govt. Under S.R. Act (1860) : GUJ/2705/KHEDA
Mumbai Public Trust Act (1950) : F/2408/KHEDA

ગ્લોબલ હેલ્થ એન્ડ એજયુકેશન

વિશ્વકર્મા ઓપન યુનિવર્સિટી ફોર સેલ્ફ એમ્પ્લોયમેન્ટ ઈન્ડીયા સંલગ્ન સંસ્થા

VOUSE/IA/2K16-2K17/3012.03



ધો. ૧૦ તથા ૧૨, કોલેજ પાસ-નાપાસ માટે ૧૦૦% જોબ લક્ષી કોર્ષ

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | મુદ્દત |
|---|---|---|---|
| ૧ | જી. એન.એમ. (બેંગ્લોર) | ૧૨ પાસ | ૩ વર્ષ |
| ૨ | નર્સિંગ આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૩ | ડીપ્લોમા ઈન નર્સિંગ | ૧૦,૧૨ પાસ | ૨ વર્ષ |
| ૪ | ડીપ્લોમા ઈન લેબ ટેકનીશીયન | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૫ | ડીપ્લોમા ઈન એક્સ-રે ટેકનીશીયન | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૬ | ડીપ્લોમા ઈન ઓ.ટી આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૭ | ડીપ્લોમા ઈન મેડીકલ હેલ્થ નર્સિંગ આસીસ્ટન્ટ | ૧૦ નાપાસ | ૧ વર્ષ |

P.B.B.S.C., B.S.C. Nursing, M.S.C. Nursing માં એડમીશન ચાલુ છે.

● લીમીટેડ સીટ ● બસ પાસ સુવિધા ● SC / ST માટે સ્કોલરશીપની સગવડ

શ્રમ અને રોજગાર મંત્રાલય ભારત સરકાર માન્ય સર્ટીફીકેટ

નડીઆદ બી-૩/૪/૫, ત્રીજે માળ, વીગો શોપીંગ સેન્ટર, સંતરામ રોડ
99740 89409, 94094 52002

અર્પણ કેશવલાલ મધુકર (ડીરેક્ટર)

વડોદરા ન્યુ નાલંદા પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ
એફ એફ-૧૭, એસ એફ-૬, મારૂતી કોમ્પલેક્ષ, નિઝામપુરા બસ ડેપોની સામે, છાણી જકાત નાકા રોડ
98981 33780, 99740 89409



# દમ મારો દમ...!

✍ સ્મિતા બકુલ મેકવાન

*(પ્રમુખશ્રી, રચના ખાદીગ્રામોદ્યોગ સેવાસદન, વડોદરા)*

જૂની હિન્દી ફિલ્મના દમ મારો દમ....મીટ જાયે ગમ........ દુનિયાને હમકો દિયા ક્યા, દુનિયાસે હમને લીયા ક્યા... હમ સબકી પરવાહ કરે ક્યું, સબને હમારા કિયા ક્યા ! ગીતમાં રહેલી વેદનાની માત્રા સંવેદના ઝંઝોળી ગઈ. જિંદગી માટે ખતરો પેદા થશે એમ જાણવા છતાં ગમ ભૂલવા માટે જે કેફી દ્રવ્યોનો સહારો લે છે એ દુઃખ મન પર કેટલી માત્રામાં હાવી હશે કે લાગણીવશ બની એ લોકો તેના શરણે જવા વિવશ બની જતા હશે. આવા લોકો દુનિયાને નફરત કરતા જોવા મળે છે. આજની તણાવયુક્ત જિંદગીમાં માણસ વધુ સંવેદનશીલ બની ગયો છે. ચોતરફથી ચિંતાઓમાં ઘેરાયેલા માણસમાં પલાયનવાદ જન્મે છે. તેથી, માણસ કેફી દ્રવ્યોમાં સુખનું સરનામું શોધી પરમાનંદ મેળવવાનો પ્રયાસ કરે છે. ઈન્જેક્શન દ્વારા સૂંઘવા, સિગારેટ કે ચલમની ચૂસકી લઈ, હુક્કા પાર્લરમાં દમ મારી, ડ્રગનું સેવન કરવામાં આવે છે. અફીણ, ગાંજો, વ્હાઈટ ઈન્ક, હેરોઈન, ચરસ, બ્રાઉન સુગર, કોકેઈન અને હમણાં જ નવું નામ જાણીતું થયુ છે તે એફેડ્રીન... વગેરે માદક પદાર્થોમાંથી માણસ હર્ષોન્માદ પ્રાપ્ત કરે છે, પણ એ થોડી પળોની ખુશી જિંદગી સામે આફત બની ત્રાટકે છે. અશુદ્ધ હેરોઈનને (૦.૧ ટકા થી લઈને ૨૫ ટકા સુધીની માત્રામાં) બ્રાઉન સુગર તરીકે ઓળખવામાં આવે છે. બ્રાઉન સુગર એ થાઈ વ્હાઈટ, વ્હાઈટ, સ્મેક, ગર્દ જેવા માદક દ્રવ્ય હેરોઈનનું સહુથી જોખમી એવું સિન્થેટીક સ્વરૂપ છે જે આછા કોફી અને સફેદ રંગમાં પડીકી સ્વરૂપે ઉપલબ્ધ છે. બ્રાઉન સુગરને સિગારેટના પેકેટની સિલ્વર ફોઈલ પર રાખીને તેને ગરમ કરતાં થતાં ધુમાડાને સૂંઘીને નશો કરવામાં આવે છે. આ ધુમાડાની સુગંધથી દસેક મિનિટમાં અત્યાનંદનો અનુભવ થાય છે. એકાદ દાયકા અગાઉ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં રખડતા અનાથ કિશોરોમાં બ્રાઉન સુગરનો વપરાશ ખૂબ જ હતો. વ્હાઈટ ઈન્કનો નશો કરનારા અનેક કિશોરો બ્રાઉન સુગરનો દમ મારવા તરફ ઝટ વળી જતા. એ સમયે બ્રાઉન સુગરનું ખતરનાક દૂષણ શાળા-કોલેજો લગી વિસ્તરીને સંસ્કારી ઘરના કિશોરોમાં પણ વધી ગયું હતું.

આજનો યુવાવર્ગ આંધળું અનુકરણ કરવામાં માને છે. વળી તેમનામાં સહનશક્તિનો સદ્તંર અભાવ જોવા મળે છે. અગાઉ યુવાવર્ગ દુઃખ ભૂલવા નશાના રવાડે ચડતો ને હવે આનંદ - પ્રમોદ મેળવવા, ફોરવર્ડ દેખાવા મિત્રવૃંદ તેમ જ છોકરીઓમાં છાકો પાડવા, દેખાદેખીથી કેફી દ્રવ્યોનો વપરાશ કરવા દોરવાય છે. હવે એક ડગલું આગળ વધીને સર્જનાત્મકતા માટે ડ્રગ્સ જરૂરી છે, એવી માન્યતા પણ ઘર કરી ગઈ છે. યુવાવર્ગને દરેક તબક્કે જિંદગીની મજા માણવી હોય છે. કાલ કોણે જોઈ છે ? ચૌદથી સત્તરની તરુણાવસ્થા નશાખોરી માટે અતિ સંવેદનશીલ સાબિત થઈ રહી છે. જાણીતા શહેરના એક મનોચિકિત્સકના મતે, યુવાનોના હાથ પર વારંવાર ડાઘ કે ઈજાનાં ચિહ્નો જણાતાં હોય, એકાંતમાં કલાકો સુધી બેસી રહેતા હોય, ટોઈલેટમાં વધુ સમય પસાર કરતા હોય તો આવાં લક્ષણો ધરાવતા યુવાનો ડ્રગનો શિકાર બન્યા હોય તેવી સંભાવનાં નકારી શકાય નહિ. ઘણીવાર પહેલીવારના નશાનો અનુભવ કે અખતરો આદતનું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લે છે. જો યોગ્ય સમયે ધ્યાન આપવામાં આવે નહિ તો ઘણું મોડું થઈ જાય છે. માદક પદાર્થોનું આ દૂષણ અગાઉ મેટ્રો નગરમાં ક્રિકેટરો, ફિલ્મી અભિનેતાઓ, એથ્લેટ્સ, ઉચ્ચ ધનિક વર્ગમાં લોકોમાં જોવા મળતું હતું. સમયાંતરે નાનાં નગરો અને મધ્યમવર્ગીય પરિવારોના યુવક-યુવતીઓમાં પણ તેનો ભરડો મજબૂત બન્યો છે. આ બાબત સમાજ તેમ જ સમાજ- સુધારકો માટે લાલબત્તી સમાન છે.

'દમ મારો દમ' અને 'પેજ થ્રી' જેવી ફિલ્મોમાં પ્રદર્શિત હાઈપ્રોફાઈલ રેવ અને બેચરલ પાર્ટીઓ જેવા કલ્ચરનું આંખો મીચીને અનુસરણ કરતા યુવક-યુવતીઓ આજે કોકેઈન, ગાંજો, હેરોઈન, હશીશ અને ચરસથી એક ડગલું આગળ વધી 'એચ શિડ્યુલ' વર્ગના ડ્રગ્સના હાર્ડકોર બંધાણી બની ગયા છે, જે ખતરાની ઘંટડી સમાન છે.

આગામી ૨૬મી જૂને આવતા "માદક પદાર્થ વિરોધી દિન" (એન્ટી ડ્રગ્સ ડે, જેની ઉજવણીની શરૂઆત, માદક પદાર્થોનો વપરાશ અને તેના ગેરકાયદે વેપલા સામે વિરોધની ચળવળ ચલાવવા જૂન, ૧૯૮૮ થી થઈ હતી)ના થોડાંક અઠવાડિયા અગાઉ, ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ જ વાર ખૂબ જ મોટાપાયે ચાલતું ડ્રગ્સ રેકેટ પકડાયું છે. અમદાવાદ નજીકના વહેલાલ સ્થિત જીઆઈડીસીમાંથી ક્રાઈમ બ્રાંચ અને એન્ટી ટેરરિસ્ટ સ્કવોડે ડ્રગ્સનો કાળો કારોબાર ચલાવતા સ્મગલરોનું સ્ટીંગ ઓપરેશન પાર પાડ્યું હતું. જેમાં રૂા. ૨૭૦ કરોડના ૧૩૬૪ કિ.ગ્રા એફીડ્રીનબપાઉડરનો જથ્થો પકડ્યો હતો. આ એફીડ્રીનને પ્રોસેસ કરીને આશરે ૯૦૦ કિલો મેથાફેટામાઈન નામનું પાર્ટી ડ્રગ બનાવી વિદેશમાં સપ્લાય કરવાનું આયોજન હતું. જેની વિદેશમાં વ્યાપક માંગ છે. આ કોઈ મોટું ઈન્ટરનેશનલ નેટવર્ક હોવાની સંભાવના નકારી શકાય તેમ નથી. અમદાવાદ નજીકથી મળેલો રૂા. ૨૭૦ કરોડનો આ જથ્થો ગુજરાતના ઈતિહાસમાં સહુથી વધુ કિંમતનો છે. અમદાવાદ શહેર તથા જિલ્લાની આસપાસના વિસ્તારો કેફી પદાર્થોના વેપલા માટે સ્વર્ગ સમાન ગણાય છે. ગુજરાતમાં કેટલાક સમયથી ડ્રગની હેરાફેરી વધી ગઈ છે. લાગે છે કે, ડ્રગ ડીલરો મોટું બજાર ભાળી ગયા હોય તેમ ગુજરાત તેમનાં હીટ લિસ્ટમાં છે. અમદાવાદ સાથે વડોદરા, આણંદ , સુરત અને ભરૂચ, ચીખલી જેવાં શહેરોમાં પણ મોટાપાયે શાળા, કોલેજોમાં અભ્યાસ કરતા યુવાધનને ટાર્ગેટ કરી ડ્રગના આદી બનાવવાનું મસમોટું સ્કેન્ડલ ચાલી રહ્યું છે. આ કૌભાંડીઓ યુવાવર્ગ પાસેથી ફાવે તેમ પૈસા પડાવે છે. પૈસા આપવાનો ઈન્કાર કરનારને બ્લેકમેલ કરવાના કાવતરાનો પણ પર્દાફાશ થયો છે. આવા ફસાઈ ગયેલા યુવાનોના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ મુકાઈ ગયો છે. આમ, વ્હાઈટ પાઉડરનો આ ખતરનાક બ્લેક કારોબાર છેલ્લા

કેટલાય સમયથી બેરોકટોક ચાલતો હોવા છતાં પોલીસને અંદાજ પણ નથી ને યુવાધન માદક પદાર્થોની લતને લઈને બરબાદીને પંથે ઘસડાઈ રહ્યું છે. ધૂમ કમાણીવાળા આ કાળા ધંધામાંથી જંગી કમાણી ઊભી થાય છે. તેમ જ એક જ વારના અનુભવ બાદ તેના બંધાણી બની જવાતું હોવાથી તેનો ફેલાવો રોકેટ ગતિએ થઈ રહ્યો છે.

એક્સટસી, સ્પીડ અને બેઈઝ, આઈસ અને મેથાફેટામાઈન વગેરે ડ્રગ તૈયાર કરવામાં એફીડ્રીનનો કાચો માલ તરીકે વપરાશ કરવામાં આવે છે. આ પાર્ટી ડ્રગ યુવાવર્ગનું માનીતું છે. ઈન્ટરનેશનલ માર્કેટમાં એક કિલો મેથાફેટામાઈનનો ભાવ વીસેક લાખ જેટલો છે. આ પદાર્થની કેપસ્યુલ બનાવી માર્કેટમાં ફરતી કરવાનું મોટું નેટવર્ક હતું. દુનિયાના કુલ છ જેટલા દેશોના બે હિસ્સા પૈકીના ગોલ્ડન ટ્રાયએંગલમાં થાઈલેન્ડ, મ્યાનમાર, લાઓસ અને બીજા બોલ્ડન ક્રેસન્ટમાં પાકિસ્તાન, અફઘાન અને ઈરાનનો સમાવેશ થાય છે. આ દેશો અફીણની ખેતી કરીને અનેકવિધ નશીલાં દ્રવ્યોનું મોટાપાયે અન્ય દેશોમાં સ્મગલીંગ કરે છે. જો કે, એફીડ્રીન એ કેન્સર વિરોધી દવા તૈયાર કરવામાં આવતો પાઉડર છે, જે શરદી-ખાંસીના સિરપમાં પણ ઉપયોગી છે. એના કન્ટેન્ટમાં વ્યક્તિને ઘેન ચઢે છે પણ તેની વધુ માત્રા હાનિકારક છે. કોકેઈન જેવી જ અસર ઊભી કરતા આ પાઉડરનો ઉપયોગ પારંપારિક હેરોઈન કે કોકેઈનના સ્થાને થતો હોવાની માહિતી સાંપડી છે. એફીડ્રીનની સાઈડ ઈફેક્ટ નજર આવતાં ભારતમાં જ નહિ પરંતુ અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા અને જર્મની જેવા દેશોમાં પણ આ પદાર્થ પ્રતિબંધિત છે. ગયા વર્ષથી એફીડ્રીનને નાર્કોટીક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ (એનડીપીએસ) માં સામેલ કરવાનું આવ્યું છે. ત્યારથી ક્રાઈમ બ્રાંચ અને એટીએસ જેવી એજન્સીઓની ખુફિયા નજર તેના પર છે.

હવે મૂળ વાત કરીએ. ગુજરાત પોલીસની માહિતી પછી મહારાષ્ટ્રના સોલાપુરમાંથી કલ્પનામાં પણ ના આવે તેટલો સાડા અઢાર ટન એફીડ્રીનનો રૂ.૨૦૦૦ કરોડના મૂલ્યનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. અંડરવર્લ્ડ ડ્રગ માફિયાઓ દ્વારા આ ડ્રગ ટ્રેડિંગ ભારતભરમાં ફેલાયેલ હોય તેવી પોલીસ વિભાગને શંકા છે. રાજ્યવ્યાપી ડ્રગ સિંડિકેટની રેઈડથી નાર્કોટિક વિભાગના ઈતિહાસમાં વિક્રમ સર્જાયો છે. મુંબઈગરાઓ એફીડ્રીનને "મ્યાઉ... મ્યાઉ" કોડવર્ડથી ઓળખે છે. આ ડ્રગના બંધાણીઓની સંખ્યા કેટલાક સમયથી વધતી રહી છે. બ્રાઉન સુગર કે ગાંજાના વ્યસનીઓ પણ આ ડ્રગ તરફ વળ્યા છે. મેફેડ્રોન નામનું બીજું એક પાર્ટી ડ્રગ પણ ચલણમાં છે. મુંબઈના અમુક વિસ્તારોમાં આ ડ્રગને "એમડી" અથવા "મ્યાઉ...મ્યાઉ" તરીકે ઓળખવામાં આવે છે. "મ્યાઉ" ડ્રગનો પાર્ટીઓમાં વધુ વપરાશ થાય છે, કારણ, એકવાર સૂંઘીને તેનો નશો કર્યા પછી તેની અસર લાંબા સમય સુધી રહે છે, અને આ નશાની કોઈને જાણ થતી નથી. ગુજરાત અને મહારાષ્ટ્રમાં પ્રતિબંધિત ડ્રગ ઝડપાયાની હેડલાઈન્સથી આ ગંદા કારોબાર સાથે રેવ પાર્ટીઓનો મુદ્દો ફરી એકવાર ચર્ચાની એરણે ચઢ્યો છે. આવી રેવ પાર્ટીઓમાં ઝઘડા, મારામારી અને હત્યાના બનાવોએ પણ અખબારોના ફ્રંટ પેજ પર સ્થાન લીધું છે.

નશેબાજોની યોગ્ય સમયે સારવાર થાય નહિ તો લાંબા સમયે તેઓનાં હૃદય, સ્નાયુઓ અને કીડની પર જીવલેણ અસર થાય છે. વળી, શરીરમાં વધુ માત્રામાં ડ્રગ જાય તો રેસ્પીરેટરી ડિપ્રેશનમાં સરકી ગયા પછી મૃત્યુ પણ નીપજે છે. ડ્રગ એડિક્ટની સારવારમાં પરિવારના લોકોની હુંફ અને ધીરજ ઘણો અગત્યનો ભાગ ભજવે છે. વ્યસન મુક્તિ કેન્દ્રોમાં આશરે ત્રણથી સાડા ત્રણ મહિના સુધી નશાનું ઝેર ઉતારવાની સારવાર બાદ વ્યક્તિની શારીરિક અને માનસિક વેદના ઓછી કરવાની તજવીજ કરવા સાથે કાઉન્સેલિંગ કરી સમાજમાં તેનું પુનઃસ્થાપન કરવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો, તબીબો અને મનોચિકિત્સકો આવા નશેબાજોની સારવાર કરે છે.

બાળકો શિશુવયથી જ આવી કુઆદતોથી દૂર રહી, માદક પદાર્થોના સેવનથી થતા ગેરફાયદા જાણી જાગૃત રહે, નીરોગી જીવન જીવે એ સારું શાળા-કોલેજોમાં ડ્રગ અવેરનેસ કાર્યક્રમનું મોટાપાયે આયોજન થવું જ જોઈએ. ડ્રગ વિરોધી રેલીઓનું આયોજન, જન જાગૃતિના ભાગરૂપે ફિલ્મ નિદર્શન, પ્રદર્શનીઓનું આયોજન, એન્ટી ડ્રગ્સ ડે ના વિષય પર ચિત્ર-લેખન સ્પર્ધા, શેરી નાટકોનું આયોજન કરવા સાથે જાહેર સ્થળો પર પોસ્ટર-બેનર્સ મૂકવાં, માત્ર કાયદા થકી જ નહિ, પરંતુ સાર્વત્રિક જનજાગૃતિ લાવવાનો પ્રયાસ થવો જોઈએ. જો કે, આંતરરાષ્ટ્રીય સમાજને માદક પદાર્થોના વપરાશથી મુક્ત રાખવા, યુનોના સભ્ય દેશોએ 'માદક પદાર્થ વિરોધી દિન' ની ઉજવણી કરવા માટે ૨૬ મી જૂનના દિવસ પસંદ કર્યો હતો. યુનાઈટેડ નેશન્સની ડ્રગ અને ગુનાખોરી માટે કાર્યરત કચેરી આંતરરાષ્ટ્રીય દિવસ માટેની થીમ નક્કી કરે છે, અને ડ્રગની વૈશ્વિક સમસ્યા સામે જાગૃતિ લાવવા ઝૂંબેશ ચલાવે છે. યુનોના સેક્રેટરી જનરલ બાન-કી-મુને આ સંદર્ભે સુંદર વાત જણાવી છે. "સમાન અને ટકાઉ વિકાસ થકી તકનું સર્જન કરવાની આપણી કામગીરી સાથે માદક પદાર્થોના ગેરકાયદે વપરાશના પ્રતિબંધ માટે પ્રયાસ થવો જ જોઈએ." ●

**પ્રથમ પુણ્યતિથિ**



**સ્વ. જે. જે. ખ્રિસ્તી**

જન્મઃ ૧-૩-૧૯૪૫ ★ અવસાનઃ ૭-૬-૨૦૧૫

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.
પ્રભુ આપના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

**લિ. લલીતાબેન જે. ખ્રિસ્તી (પત્ની)**
**ડૉ. સેમ્યુઅલ જે. ખ્રિસ્તી (ભાઈ)નો દુઃખી પરિવાર**
*ગામઃ પીપળોઈ તા. ખંભાત, જિ. આણંદ*

**પ્રથમ પુણ્યતિથિ**



**સ્વ. ધીરજભાઈ રમણભાઈ પરમાર**

જન્મઃ ૧૪-૧૦-૧૯૭૪ ★ અવસાનઃ ૨૬-૬-૨૦૧૫

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. રમણભાઈ આશાભાઈ પરમાર**
**તથા સમસ્ત દુઃખી પરિવાર - આમોદ**



# સ્પર્ધાત્મક પરીક્ષાઓ એક પડકાર

✍ જયંતીભાઈ એ. મેકવાન

(ગુજરાત સરકારના ઉપસચિવ, નિવૃત્ત)

મોંઘવારી અને બેકારી જેવા બે વિકરાળ સવાલોનો સામનો અન્ય સમાજની સાથે ગુજરાતનો કેથોલિક સમાજ પણ કરી રહેલ છે તે તેમજ વર્તમાન રાજકીય પ્રવાહોથી તેની સમાજ પર પડેલ અસરથી આપણે સૌ અજાણ નથી.

તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા વિવિધ વિભાગમાં જુદી જુદી કેડરોમાં મોટી સંખ્યામાં ભરતી કરવામાં આવી રહેલ છે. આના અનુસંધાનમાં ગુજરાત રાજ્યના દરેક સમાજ/જ્ઞાતિ સજાગ અને સક્રિય બની ગયેલ છે. પોતાના સમાજના યુવાનો / યુવતીઓ કેવી રીતે આ સ્પર્ધાઓમાં સફળતા મેળવે તે તેમની ચિંતાનો વિષય બની ગયેલ છે. એથી વિપરીત આ દિશામાં આપણી પ્રગતિ નગણ્ય કહી શકાય તેવી રહી છે. અન્ય સમાજ દ્વારા તાલીમ કેન્દ્રો ખોલવામાં આવ્યાં છે તેમજ આર્થિક રીતે નબળા યુવાનો માટે આર્થિક સહાય, માર્ગદર્શન અને પુસ્તકો પૂરાં પાડવા વગેરે માટે આગવું આયોજન કરવામાં આવેલ છે. જ્યારે આપણે આ દિશામાં ખૂબ જ ઉદાસીન છીએ.

એક લાંબા દાયકા બાદ સમાજ માટે આવી ઉમદા તકો ઊભી થઈ રહેલ છે ત્યારે જો આપણે આવું વલણ અખત્યાર કરીશું તો તેનાં ભવિષ્યના પરિણામ ખૂબ માઠાં હશે. આ બાબત એક સર્વગ્રાહી ચિંતનનો વિષય છે. તાજેતરમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગુજરાત સરકારની વિવિધ કચેરીઓ માટે કારકુનની **૩૧૧૯** જેટલી જગ્યા અને સચિવાલય માટે **૪૨૭** જેટલી જગ્યાની ભરતી માટેની જાહેરાત બહાર પાડેલ છે. આ માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ હવે વધારીને **૨૦-૬-૨૦૧૬** નક્કી કરેલ છે. ojas.gujarat.govt.in. વેબસાઈટ પર આ જાહેરાત તેમજ તમામ વિગત આપવામાં આવી છે. આ અંગેની લેખિત પરીક્ષા સપ્ટેમ્બર માસમાં યોજાશે. લેખિત પરીક્ષામાં મેળવેલ માર્ક્સના આધારે સીલેક્ટ લીસ્ટ બને છે. વર્ગ - ૩ ની જગ્યાઓ માટે મૌખિક ઈન્ટરવ્યુ હોતું નથી. જાહેરાત બહાર પડે ત્યાર પહેલાં મહિનાઓ અગાઉથી આ માટેની તૈયારીઓ શરૂ થઈ જતી હોય છે. આ પરીક્ષાઓ માટેના ટ્રેઈનિંગ ક્લાસ ચાલતા હોય છે. સ્પર્ધકો આવા ક્લાસમાં ફી ભરી તાલીમ લે છે. જુદા જુદા પ્રકાશનો દ્વારા બહાર પાડેલ પુસ્તકો/મટીર્યલ્સનું દરરોજના ૭ થી ૮ કલાકનું રીડિંગ કરતા હોય છે. ત્યારે તેઓ સીલેક્ટ થાય છે. ફક્ત આ અંગેનાં ફોર્મ ભરી બેસી રહેવાથી નોકરી મળી જતી નથી. આપણે આપણા બાળકોના કે.જી.થી માંડી તેના કોલેજ સુધીના શિક્ષણ માટે કેટલાં ચિંતાતુર હોઈએ છીએ અને કેટલો બધો ખર્ચ પણ કરતા હોઈએ છીએ. તેના દસમાં ભાગની ચિંતા કે ખર્ચ તેની નોકરી માટેની પરીક્ષા માટે આપણે કરતા નથી. આવી પરીક્ષાઓને આપણે ખૂબ જ હળવાશથી લેતા હોઈએ છીએ. હકીકતમાં આ પરીક્ષાઓને તેમની ડિગ્રી પરીક્ષાઓ કરતાં પણ વધુ ગંભીરતાથી જોવી જોઈએ. તેના માટે સમાજે સંગઠીત બની આગવાં આયોજન કરવાં જોઈએ. ચર્ચ આ દિશામાં મોટો રોલ અદા કરી શકે તેમ છે. રોજગાર સંબંધી જાહેરાત માટેનુ સારું માધ્યમ છે. ચર્ચના હોલ અને ક્લાસ રૂમનો આ માટે સારો ઉપયોગ થઈ શકે તેમ છે તેની પાસે ઉત્તમ નેતાગીરી છે. સમાજ પાસે ઉત્તમ શિક્ષકો છે. આજે સારા ધ્યેય માટે દાન આપનાર પણ છે. આ માટે અનુભવી નિવૃત્ત અધિકારીઓ પણ છે. સવાલ ફક્ત આ બધાનું સંકલન કરી આપણા યુવાનોને જાગૃત કરી આ પરીક્ષાઓ માટે માનસિક રીતે તૈયાર કરી તાલીમ આપવાનો છે.

નજીકના ભવિષ્યમાં ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં / ખાતાઓમાં વર્ગ - ૧ અને વર્ગ-૨ની કુલ ૧૦૪૪ જેટલી જગ્યા પોલીસ બોર્ડ દ્વાર ૨૫૫૦ જેટલી વર્ગ - ૩ ની જગ્યાઓ, ગુજરાત હાઈકોર્ટમાં ક્લાર્કની ૨૦૦૦ જેટલી જગ્યાઓ, બેંકોમાં ૩૫૦૦૦ ક્લાર્કની જગ્યાઓ, વનવિભાગમાં આર. એફ.ઓ. અને એ.સી.એફ.ની ૨૦૦ જગ્યાઓ અને ફોરેસ્ટરની ૫૦૦ જગ્યાઓની જાહેરાત આવનાર છે. ફેસબૂક ઉપર કોઈ ટ્રસ્ટ દ્વારા આ માહિતી મૂકવામાં આવી હતી. જે મેં અહીં રજૂ કરી છે. ટૂંકમાં ખૂબ જ ઉમદા તકો આવી રહેલ છે. જેનો લાભ આપણા યુવાનો / યુવતીઓએ લેવો જોઈએ. આ દિશામાં ઘણા સમયથી અમદાવાદના રાજુલ આઝાદ કાર્યરત છે. તેમણે આ માટે ઘણી શિબિર અને ઘણા તાલીમવર્ગો યોજેલ છે. ભારે ઉત્સાહ અને નિ:સ્વાર્થપણે તેઓ આ કાર્ય કરી રહેલ છે. તેમનો મો. નંબર ૯૯૨૪૮૯૮૫૯૪ છે. માર્ગદર્શન અને સલાહ સૂચન માટે તેમનો સંપર્ક કરી શકાય તેમ છે.

સામાજિક અને શૈક્ષણિક પછાત (એસ.ઈ.બી.સી.) જેને આપણે બક્ષીપંચ તરીકે ઓળખીએ છીએ તે અંગેનું પ્રમાણપત્ર આપવા માટે જે તે જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી (ટી.ડી.ઓ.) વિકસતી જાતિના જિલ્લા નાયબ નિયામક અને મામલતદાર સક્ષમ છે. આ અંગે નોન ક્રિમલેયર એટલે કે તમારી વાર્ષિક આવક રૂા. ૬ લાખથી વધતી નથી. તે અંગેનું એક વધુ પ્રમાણપત્ર આ અધિકારીઓ પાસેથી મેળવવાનું રહે છે. જેની મુદત હાલમાં ગુજરાત સરકાર દ્વારા ત્રણ વર્ષની કરવામાં આવેલ છે. ચાલુ વર્ષથી આ અંગે જે પ્રમાણપત્રો ઈસ્યુ થશે તેને આ મુદત લાગુ પડશે. રાજ્ય સરકારની ભરતી માટે આ પ્રમાણપત્ર માન્ય ગણાય છે.

અધર બેકવર્ડ ક્લાસીસ(ઓ.બી.સી.) અંગેનું પ્રમાણપત્ર આપવાની એક માત્ર સત્તા મામલતદાર પાસે છે અને આ પ્રમાણપત્ર મેળવવા અંગ્રેજીમાં ફોર્મ ભરી એસીબીસી અંગેના પ્રમાણપત્ર મેળવવા જે ડોક્યુમેન્ટ્સ રજૂ કરીએ છીએ. તે જ રજૂ કરવાના હોય છે. બેંકો અને કેન્દ્ર સરકારની નોકરીઓ માટે તે માન્ય છે. આ પ્રમાણપત્રો રજૂ કરવાથી સૌ પ્રથમ પરીક્ષા ફી માંથી મુક્તિ મળે છે. ઉંમરમાં છૂટછાટ મળે છે અને આગળ ઉપર નિયમ મુજબ આ અંગેની જગ્યા ઉપર નિમણૂંકનો પણ લાભ મળે છે. અનામત મહિલાઓ માટે ૧૦ વર્ષની અને પુરુષ માટે ૫ વર્ષની ઉંમરમાં છુટછાટ હોય છે. અનામત વિકલાંગ માટે ૧૫ વર્ષ જેટલી ઉંમરમાં છુટછાટ મળે છે. રાજ્ય સરકારની નોકરીઓમાં જે તે કેટેગરીમાં મહિલાઓ માટે ૩૦ ટકા અનામત જગ્યા રાખવામાં આવેલ છે. માટે મહિલાઓએ આ બાબત વિશેષ જાગૃતિ દાખવવી જરૂરી છે. સૌ પ્રથમ ઉપર જણાવેલ પ્રમાણપત્રો - સર્ટિફિકેટ સત્વરે મેળવી લેવાં જરૂરી છે. આ ઉપરાંત દરેકે કોમ્પ્યુટર પ્રોફિસીયંસી મેળવી લેવી જરૂરી છે. રાજ્ય સરકાર ઉપરાંત કેન્દ્ર સરકારની યુ.પી.એસ.સી. દ્વારા યોજાતી આઈએએસ/ આઈપીએસ/આઈએફએસની સ્પર્ધાત્મક પરીક્ષાઓ, સ્ટાફ સિલેક્શન દ્વારા, બેંકો દ્વારા અને રેલ્વે દ્વારા યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પણ આપણા યુવાનો / યુવતીઓએ ઝંપલાવવું જોઈએ.

સ્કૂલ અને કોલેજોની જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સહાય કરવા માટે આપણે આણંદ ખાતે એક મોટું ફંડ ઊભું કરેલ છે. તેમાંથી સ્પર્ધાત્મક પરીક્ષાના પરીક્ષાર્થીઓ માટે નાણાકીય સહાય આપવાનું વિચારી શકાય. આ માટેના ખાનગી કોચિંગ ક્લાસ માટેની ફી ભારે હોય છે. આ ફી ઉપરાંત પુસ્તકો અને મટીરિયલ્સ પણ વિના મૂલ્યે આપી શકાય અથવા તો આ માટે અલગ ફંડ પણ ઊભું કરી શકાય. બચપણથી જ બાળકોનું જનરલ નોલેજ અને અંગ્રેજી વિષય પાકા થાય તે માટે વાલીઓએ સજાગ બનવું જોઈએ. આવી પરીક્ષાઓમાં સફળતાની પ્રમુખાધાર આ વિષયો જ છે.

જ્યારે કોઈ સરકારી નોકરી મેળવે છે ત્યારે પોતાના અને પોતાના કુટુંબ માટે એક નિશ્ચિતતા ઊભી કરે છે. લોકો તેને માનથી જોતા થાય છે અને તેના તરફ લોકોની એક અપેક્ષા બંધાય છે. તેમાંય જ્યારે તે વર્ગ - ૨ કે વર્ગ - ૧ ની જગ્યા માટે પસંદગી પામે છે ત્યારે તેનું ભવિષ્ય ખૂબ જ ઊજળું બની જાય છે. તેની વગનો વ્યાપ ઘણો મોટો બની જાય છે. હાલના સમયના અનુસંધાનમાં જો વિચારીએ તો નજીકના ભવિષ્યમાં જ તેઓ ઊંચા હોદ્દાઓ મેળવીને મોટા પગારદાર બની શકે તેમ છે. હાલ ફિક્સ વેતનની પોલીસીને કારણે સરકારી નોકરીઓનું આકર્ષક ઘટેલ છે. પરંતુ આ બાબત સુપ્રિમ કોર્ટમાં આખરી નિર્ણયના તબક્કે છે અને તેનું પરિણામ ખૂબ આશાસ્પદ છે. વળી સાતમા પગારપંચની ભલામણો ખૂબ આકર્ષક છે. માટે ચાલો આ દિશામાં આપણે સૌ ગંભીરતાથી વિચારતા થઈએ. સર્વ યુવાવર્ગને સફળ અને સાર્થક ભાવિજીવનની શુભેચ્છાઓ. ●

મો. ૯૦૫૪૧ ૨૨૪૬૦


## નર્સિંગ પ્રવેશ જાહેરાત ૨૦૧૬-૧૭

## પરિશ્રમ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત પરિશ્રમ ઈન્સ્ટિટ્યૂટ



**Reg. No. E/2993/ANAND**

**નીચેના કોર્ષમાં એડમિશન ચાલુ છે.**

★ સરકાર માન્ય યુનિવર્સિટી તથા ભારત સેવક સમાજ દ્વારા ચાલતા વોકેશનલ કોર્ષો. ધોરણ ૧૦/૧૨ પાસ માટે કોમર્સ / આર્ટ્સ / સાયન્સ.
**વોકેશનલ કોર્ષો જેવા કેઃ**

★ ૧. નર્સિંગ આસિસ્ટન્ટ – હોસ્પિટલ, આસિસ્ટન્ટ લેબ ટેકનિશિયન આસિસ્ટન્ટ (OT), મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (MPHW), સેનેટર હેલ્થ ઈન્સપેક્ટર (SI), લાઈવસ્ટકો ઈન્સપેક્ટર (L.I.), ડિપ્લોમાં નેચરોપેથીક એન્ડ યોગીક સાયન્સ (D.N.Y.S.), ડિપ્લોમાં ઈન અલ્ટરનેટીવ સિસ્ટમ ઓફ મેડીસીન (D.A.M.S.)

★ જનરલ નર્સિંગ મીડવાઈફરી (GNM) બેંગ્લોર (INC/KNC/GNC-માન્ય) માર્ગદર્શન.

★ 10th - 12th Directo Exams - NIOS

★ B.A. / M.A. / B.Ed. / B.com / M.com / PHD / B.S.W. / M.S.W. / B.C.A. / D.C.A. / P.G.D.C.A. / B.B.A. / B.E. / B. Tech. / M.E. / M.Tech. / B.D.S. / M.D.S. / M.B.B.S. ફક્ત એડમિશન.

★ એસ.સી./એસ.ટી./ઓ.બી.સી.ને સ્કોલરશીપ મળવા પાત્ર. બસ પાસ સુવિધા મળશે. હોસ્ટેલ સુવિધા પણ ઉપલબ્ધ છે. રાજ્ય-જિલ્લા પંચાયત / હોસ્પિટલ ઈન્ડસ્ટ્રીઝ / પ્રાઈવેટ ટ્રસ્ટ / પ્રાઈવેટ હોસ્પિટલમાં નોકરીની ઉજળી તક. ★ ફી પેકેજ એકદમ ઓછું / હપ્તેથી ફીની સગવળ-કૉલેજ રિઝલ્ટ ૧૦૦% નોકરીની ઉજળી તક. ★ આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, નર્મદા, ભરૂચ, નવસારી, વલસાડ, ડાંગ, બનાસકાંઠા, સાબરકાંઠા જિલ્લાઓમાં એડમિશન ચાલુ છે.

**મેનેજીંગ ટ્રસ્ટીઃ શિલ્પાબેન ગોહેલ**

**Mob. 81550 06359, 81550 06358, 81550 06360, 81550 06357**

# કિરણ એક ફૂટ્યું ને ડૂબ્યો અંધાર

✍ ફાધર રેમન્ડ એ. ચૌહાણ એસ.જે.



*ગુજરાત રાજ્યમાં સને ૨૦૧૬માં શ્રેષ્ઠ શાળાનું બિરુદ મેળવનાર વિદ્યાકિરણ હાઈસ્કૂલ, ઉનાઈ*

ઉનાઈ વિસ્તારનાં આદિવાસીઓની અભાવગ્રસ્ત પરિસ્થિતિ: ઈ.સ. ૧૯૮૦ના સમયગાળામાં એ વખતના વલસાડ અને સુરત જિલ્લાના અનુક્રમે વાંસદા અને વ્યારા તાલુકાનાં ઊંડાણનાં ગામોમાં મુખ્યત્વે ગામીત, ચૌધરી, કોકણા તથા અન્ય આદિવાસી જાતિઓ વસવાટ કરતી અને આજે ય કરે છે. એ વખતે ત્યાંના આદિવાસીઓમાં શિક્ષણની ભૂખ એટલી બધી નહોતી ઉઘડી જેટલી આજે ઉઘડી છે. તે સમયે ગામડાંઓમાં શિક્ષણ ખૂબ જ ઓછું એટલું જ નહીં પણ વાલીઓ બાળકોને શિક્ષણ આપવા માગતા ન હતા. શરૂઆતમાં ગામડાના વાલીઓ પૂર્વગ્રહથી કહેતા : 'ઉનાઈમાં સારું ભણતર આપતા નથી એટલે ત્યાં કોઈ ભણવા જતું નથી એટલે ગામડે ગામડે વિદ્યાર્થીઓને લેવા આવે છે.' પરિણામે, ગામડે ગામડે ફરીને વાલીઓને શિક્ષણનું મહત્ત્વ સમજાવવામાં આવતું. રડ્યાખડ્યા ગામોમાં સરકારી પ્રાથમિક શાળાઓ મરવાને વાંકે જીવતી હોય તેમ ચાલતી. મજબૂત અને પાયાગત શિક્ષણ આપનારી સંસ્થાઓનો અભાવ અને શિક્ષણ લેનારા વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓમાં શિક્ષણ પ્રત્યેના લગાવનો અભાવ.

આવી પરિસ્થિતિમાં અહીંના આદિવાસી મિત્રોને સમગ્ર રીતે પગભર કરવાને સમાજિક બદલાવ લાવવા એક માર્ગ નજરે પડ્યો. શ્રદ્ધા ઘડતર, કેળવણી ઘડતર અને સમાજ ઘડતર. શ્રદ્ધા ઘડતર દ્વારા પોતાનામાં વિશ્વાસ, અન્યમાં વિશ્વાસ અને જીવનના માલિકનાં રોપાયેલાં શ્રદ્ધાનાં બીજની મમતાપૂર્વક માવજત કરવામાં આવી. કેળવણી ઘડતરમાં શરીર, મન અને આત્માની પહેચાન ને સ્વીકાર દ્વારા પદ્ધતિસરનું આયોજન કરવાનું બીડું ઝડપ્યું. ને સમાજ ઘડતરમાં લોકો બે ટંક માનભેર જમી શકે એ માટેનાં તમામ પ્રયાસો આરંભાયા. આમ, આદિવાસી પ્રકૃતિમાં આદિવાસી સંસ્કૃતિને પૂરેપૂરી સન્માની, એ જ પરિભાષામાં વાણી, વર્તન ને વ્યવહારનો અભિગમ અપનાવવામાં આવ્યો. દીર્ઘદ્રષ્ટા અને પરિપક્વ મિશનરી ફાધર આઈ. ગાલ્દોસ એસ.જે.ની સંવેદનશીલતાને પ્રતિબદ્ધતાના પરિણામ સ્વરૂપે લોકોની શૈક્ષણિક તાતી જરૂરિયાતો પિછાનવામાં આવી.

નાનકડી શાળા વિદ્યાકિરણનો શુભારંભ : ઉનાઈ જીવન જ્યોત, કેથલિક ધર્મસભાના સભાયાજ્ઞિક માનનીય ફાધર ગાલ્દોસ દ્વારા કાર્મેલાઈટ સીસ્ટર્સ ઓફ ચેરીટી વેદ્રુનાનાં સિસ્ટરને શાળા શરૂ કરવા આમંત્રણ આપ્યું. તે વખતે ઉનાઈમાં, 'વેદ્રુના નિકેતન ઉનાઈ'ના ઉપરી સિસ્ટર રોઝી કોઈકરા, સિસ્ટર પીલાર નવારેતે, તથા વેદ્રુના સંસ્થાના ટ્રસ્ટના સિસ્ટર અને પ્રોવિન્સશ્યલ સિસ્ટર સાબીનાના નેતૃત્વ હેઠળ શાળા શરૂ કરવાનો નિર્ણય લેવાયો. ઈ.સ. ૧૯૮૩માં ધોરણ ૪ અને ધોરણ ૫ એમ ફક્ત બે ધોરણોથી શાળાની શરૂઆત થઈ. વેદ્રુના નિકેતન કન્યા છાત્રાલયમાં ફાળવવામાં આવેલ બે ઓરડામાં નાનકડી શાળા વિદ્યાકિરણ આરંભાઈ. ૧૩મી જૂન, ૧૯૮૩માં માત્ર ૯૨ વિદ્યાર્થીઓથી શાળાનાં મંડાણ થયા. સાથોસાથ કુમારો અને કન્યાઓ માટે છાત્રાલયોની વ્યવસ્થા કરવામાં આવી. જીવન જ્યોત કુમાર છાત્રાલયનું સંચાલન ફાધર દ્વારા અને વેદ્રુના કન્યા છાત્રાલયનું સંચાલન સિસ્ટર દ્વારા કરવામાં આવતું. આ શાળા શરૂ કરવા પાછળનો હેતુ ખૂબ જ સ્પષ્ટ હતો : આદિવાસી બાળકોને સારું શિક્ષણ મળે અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય. સૌ પ્રથમ મકાનની અગવડને કારણે સિસ્ટર ફાતીમા, સિસ્ટર ઓડ્રી કોલાસો અને પીઠાદરા ગામના શ્રી નારણભાઈ બી. ગામીત દ્વારા છાત્રાલયના મકાનમાં શિક્ષણકાર્ય કરવામાં આવતું. આમ, કુલ સ્ટાફના ત્રણ સભ્યોથી શાળાની શરૂઆત થઈ. વિદ્યાકિરણ શાળાના કપરા સમયમાં આર્થિક મુશ્કેલીઓનો સામનો સંસ્થાએ હસતે મુખે કર્યો. શાળાના નામકરણ માટે અર્થસભર ચર્ચા જામી. આ ચર્ચામાં વેદ્રુના નિકેતન સંસ્થાના સિસ્ટર તજજ્ઞો અને નિસ્બત ધરાવનાર મિત્ર મંડળ સામેલ હતા. કુદરત પ્રેમી આદિવાસી સંસ્કૃતિને શોભે એવું નામ - વિદ્યાકિરણ શાળા - રાખવામાં આવ્યું : અજ્ઞાનરુપી અંધકારમાંથી જ્ઞાનરુપી પ્રકાશ તરફ પ્રયાણ.

વિદ્યાકિરણ વિકાસની કેડીએ : શૈક્ષણિક રીતે પા પા પગલી ભરતી વિદ્યાકિરણ શાળા વખત જતાં વિકાસ કેડીએ હરણફાળ ભરવા માંડી. સમયનું ચક્ર આગળ વધતું રહ્યું તેમ વિદ્યાકિરણ શાળા ધોરણ ૧૦ સુધી પહોંચી. સને ૧૯૮૮માં સૌ પ્રથમ વાર શાળાના વિદ્યાર્થીઓ એસ.એસ.સી. પરીક્ષામાં બેઠા. ને શાળાનું પરિણામ આવ્યું. ૮૨.૮૫ ટકા, ત્યારબાદ આજ સુધી શાળાનું પરિણામ હંમેશા ડિસર્ટિક્શન રહ્યું છે એટલું જ નહીં કિન્તુ અનેકવાર છેક ટોચને એટલે કે ૧૦૦ ટકાને આંબી ગયું છે. તદુપરાંત વ્યક્તિગત સ્તરે પણ ફર્સ્ટ ક્લાસ અને ડીસર્ટીક્શનની આસપાસ વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી છે. ફરી એકવાર અહીંના સ્થાનિક આદિવાસીઓની લાગણી અને માંગણીને માન આપીને યથાસ્થાને આવેલા આચાર્યાઓએ વિવિધ પ્રવાહોનો પ્રારંભ કર્યો. સને ૧૯૯૪ માં સામાન્ય પ્રવાહમાં પ્રથમ પ્રયાસે શાળાના ૧૦૦ ટકા આવ્યા અને વ્યક્તિગત ૭૩.૦૦ પ્રાપ્ત કર્યો. સને ૨૦૦૦ થી ૨૦૦૭માં હરકોઈ વિદ્યાર્થી માટે ફરજીયાત અંગ્રેજી અને વિજ્ઞાન પ્રવાહ શરુ કર્યો. ૨૦૦૫માં પ્રથમ વાર વિજ્ઞાન પ્રવાહના પરિણામની સંતોષજનક શરુઆત ૫૮.૦૬ ટકાથી થઈ. ત્યાર પછી વિદ્યાર્થીઓ પ્રગતિનાં શિખરો ચડવા લાગ્યાં અને હજુ ચડ્યા જ કરે છે.

આજે લગભગ દોઢેક હજાર જેટલા મુખ્યત્વે આદિવાસી બાળકો આ શાળામાં ઘડતર પામી રહ્યાં છે. જીવન સાફલ્ય અને સેવાર્થે કેળવણીનો આદર્શ સાકાર કરવા દરરોજના શિક્ષણકાર્ય ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. એમાં હોય છે રાષ્ટ્રીય, સામાજિક અને ધાર્મિક પર્વોની ઉજવણી, રમતગમત ક્ષેત્રે વિવિધ સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, યોગ-કસરતો, વિજ્ઞાનમેળાઓ, મૂલ્ય શિક્ષણ સેમિનાર, કેરિયર ગાઈડન્સ, શૈક્ષણિક પર્યટનો, પ્રકૃતિ શિબિર, વ્યક્તિત્વ વિકાસ શિબિર, સર્વધર્મ પ્રાર્થના તેમજ કાઉન્સિલીંગ વગેરેનું સમયસર અને પદ્ધતિસરનું આયોજન. વરસે વરસે વિવિધ ક્ષેત્રે તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શાળાના વિદ્યાર્થીઓ પોતાનું, શાળાનું અને જિલ્લાનું નામ રોશન કરે છે. રમતગમત ક્ષેત્રે તો પૂછવું જ શું.... ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરીને રાષ્ટ્રકક્ષાએ ભાગ લેનાર વિદ્યાર્થીઓ પણ પાક્યા છે અહીં. વિજ્ઞાન અને ટેકનોલોજી જ્યારે હરણફાળ ભરી આકાશને આંબવા પ્રયત્ન કરે છે ત્યારે આ શાળાનાં તમામ બાળકો આવાં અત્યાધુનિક માધ્યમોથી વંચિત ન રહે એ હેતુસર વિજ્ઞાન પ્રવાહ માટે અદ્યતન સાધનોથી સજ્જ પ્રયોગશાળાઓ તથા વિશાળ સભાખંડનું નવેસરથી બાંધકામ કરવામાં આવ્યું છે.

શાળાની યશસ્વી યશગાથામાં કલગી સમાન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જેઓ ડોક્ટર્સ, એન્જિનિયર્સ, સરકારી અધિકારીઓ, પ્રાથમિક તથા હાઈસ્કૂલ શિક્ષકો અને વહીવટી ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત હોદ્દાઓ શોભાવી રહ્યા છે એ શાળાની સીધી નિપજ છે. પ્રારંભથી જ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની ધૂણી ધખાવી : ઉનાઈ વિસ્તારનાં આજુબાજુનાં ગામડાઓમાંથી વિદ્યાકિરણમાં આવતાં બાળકો શિક્ષણ મેળવીને સિદ્ધિ હાંસલ કરે છે પણ માત્ર શૈક્ષણિક સિદ્ધિ જ એ વિદ્યાર્થીઓના વિકાસનો માપદંડ નથી. તેઓ માત્ર પુસ્તકિયા કીડા જ નથી બનતા પરંતુ સમાજમાં જીવવાની કળા પણ પ્રાપ્ત કરે છે.

આજકાલ વાલીઓના મુખે આવા શબ્દો સાંભળવા મળે છે : "શિક્ષણ તો ઘરે પણ લઈ શકાય. અરે, વેચાતુ પણ મેળવી શકાય. કિન્તુ શિક્ષણ સાથે કેળવણી અને શિસ્ત જોઈએ તો વિદ્યાકિરણમાં જાઓ. શિક્ષણ, શિસ્ત, રમતગમત તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રોમાં સતત પ્રગતિ સાથે આજે પુષ્કળ બાળકોથી વિદ્યાકિરણનું વૃક્ષ ફૂલ્યું ફાલ્યું છે." વિદ્યાકિરણ રુપી વૃક્ષની ભારે જહેમતપૂર્વક, માવજત થતી આવી છે એમાં શંકાને કોઈ સ્થાન નથી. કિન્તુ એ માવજત પાછળનું પ્રેરણા બળ ક્યાંથી આવે છે એવો સવાલ સ્હેજે મનમાં સ્ફૂરે.

શાળાના વર્તમાન શિક્ષકશ્રી દિપકભાઈ કે. પટેલ કહે છે : "ભગવાન ઈસુની ભેટ સમા ખ્રિસ્તી ધર્મના મિશનના જીવન જ્યોત- વેદ્રુના નિકેતન ધામ ઉનાઈ ખાતે આવેલાં છે. આ ધામમાં આદિવાસી લોકોની સેવા કરી- જન સેવા એ જ પ્રભુ સેવાનો મંત્ર સાકાર કરે છે. વિદ્યાર્થીઓમાં સંસ્કાર, ભક્તિ અને સત્યનું ઘડતર થાય છે. ભારતના વિવિધ રાજ્યો તેમ જ સ્પેઈન દેશમાંથી આવેલાં ધર્મભગિનીઓ આ સંસ્થામાં પ્રેમ અને સેવામાં પોતાનું જીવનકાર્ય કરે છે." એવી જ લાગણી વિદ્યાકિરણ શાળાનાં શિક્ષિકા રાધાબેન જે. ગામીત વ્યક્ત કરતાં કહે છે : સાધ્વીબહેનોનું જીવનસર્મપણ ને જવાબદારી ઉપાડવાની ભાવના હોય ત્યાં જ આવા ચમત્કારો અવશ્ય થાય જ. વેદ્રુના સંઘનાં સાધ્વી બહેનો ખુદ આ વાતને જુદા શબ્દોમાં લલકારે છે : 'પ્રભુ ઈસુના શુભસંદેશના મૂલ્યપ્રસારક અને વેદ્રુના સંઘનાં સ્થાપિકા, સંત જોકિનાની શિક્ષણ પદ્ધતિઓનો પાયો નક્કર પ્રેમમાં નંખાયેલો છે. આ શિક્ષણમંત્રને ધ્યાનમાં રાખીને અમને સોંપવામાં આવેલ દરેક બાળકનો સર્વાંગી વિકાસ કરવો એ જ અમારો એકમાત્ર સંકલ્પ છે.'

વિવિધ એવોર્ડથી નવાજાયેલી વિદ્યાકિરણ શાળા : ખરેખર જોવા જોઈએ તો વિદ્યાકિરણ શાળામાં અનેક લોકોનું યોગદાન ઉડીને આંખે વળગે છે : માબાપ, બાળકો, શિક્ષકો (સ્ટાફગણ), શુભેચ્છકો, દાતાઓ, સરકારી અધિકારીઓ, ઉનાઈ કેન્દ્રના વિવિધ ગામના આગેવાનો, પુરોહિતગણ તેમજ સાધ્વી બહેનો, 'ઝાઝા હાથ રળિયામણા' અને 'એક હાથે તાળી ન પડે' એ ન્યાયે આ સર્વ લોકોનો ફાળો ઉમદા રહ્યો છે. દરેક પોતાની પરિસ્થિતિમાં રહીને પોતાની ભક્તિ અને શક્તિ પ્રમાણે યોગદાન આપતા આવ્યા છે.

સને ૨૦૦૦માં હાલના નવસારી જિલ્લામાં શ્રેષ્ઠ શાળા એવોર્ડ (શ્રી સોરાબજી વાડિયા પુરસ્કાર) એનાયત કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૮-૦૯માટે પણ ગુજરાત સરકાર આયોજીત ઉત્કૃષ્ટ શાળા એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો.

૨૦૦૯ની સાલમાં વિદ્યાકિરણ હાઈસ્કૂલ ઉનાઈએ પોતાનો રજતજયંતી મહોત્સવ ઉજવ્યો. આ પ્રસંગે રજતજયંતી ૨૦૦૯ સ્મૃતિ અંકમાં લખતાં માનનીય આચાર્યા સિસ્ટર સુહાસિની પરમાર કહે છે : વર્ષ ૧૯૯૭ જૂનથી મેં વિદ્યાકિરણ શાળાની શિક્ષણયાત્રામાં પ્રવેશ કર્યો ત્યારથી અમારા વેદ્રુના સંઘના સ્થાપિકા સંત જોકીનાના શબ્દો મારા કાનમાં ગૂંજ્યાં કરે છે : ઈશ્વર મહિમાર્થે અને માનવ કલ્યાણાર્થે કાર્ય કરવાં. જે મારા માટે દીવાદાંડીરુપ અને પથદર્શક બની રહ્યા છે.

નવસારી જિલ્લા ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માટે વિદ્યાકિરણ હાઈસ્કૂલ, ઉનાઈને શ્રેષ્ઠ શાળા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર, ગુજરાત રાજ્ય દ્વારા સને ૨૦૧૫-૧૬માં તમામ શાળાઓ તેમની જિલ્લા કક્ષાએ - શ્રેષ્ઠ શાળા - તરીકે ઉપસી આવવા પ્રેરાય તે હેતુથી પ્રોત્સાહક ઈનામ રુપિયા એક લાખની યોજના હેઠળ વિદ્યાકિરણ હાઈસ્કૂલ, ઉનાઈને જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે પ્રથમ ક્રમ પ્રાપ્ત થયેલ છે. તેના પુરસ્કાર રૂપે ૨૬-૧-૨૦૧૬ના રોજ શ્રેષ્ઠ શાળા પ્રમાણપત્ર અને રૂપિયા એક લાખનો ચેક એનાયત થયેલ છે. એટલું જ નહીં કિન્તુ આ જ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માટે સમગ્ર ગુજરાત રાજ્ય ખાતે, શિક્ષણ વિભાગ, ગાંધીનગર તરફથી વિદ્યાકિરણ હાઈસ્કૂલ, ઉનાઈને શ્રેષ્ઠ શાળા એવોર્ડથી નવાજવામાં આવી છે. ૨૯મી માર્ચ, ૨૦૧૬ને રોજ સવારે ૧૧:૦૦ વાગે ગાંધીનગર, ટાઉન હોલમાં માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના વરદ હસ્તે એવોર્ડ, સર્ટિફિકેટ તથા રૂપિયા પાંચ લાખનો ચેક એનાયત કરવામાં આવ્યો. એ સાચે જ ગૌરવની ઐતિહાસિક ઘડી છે.

કિરણ એક ફૂટ્યું ને ડૂબ્યો અંધાર. ●



# કૃતજ્ઞી બનીએ...

✍ અંકિત વી. પરમાર

વિશાળ અનંત, અગાધ, અપરિમેય એવા બ્રહ્માંડમાં આમ તો અગણિત ગ્રહો આવેલા છે. પણ આજ સુધી પૃથ્વી સિવાયના કોઈ પણ ગ્રહ ઉપર જીવન હોવાના પુરાવા મળ્યા નથી. માત્ર આપણી વસુંધરા જ જીવનસૃષ્ટિથી ધબકી રહી છે. તેનું એકમાત્ર કારણ છે, 'તેનું પર્યાવરણ'

કવિશ્રી ઉમાશંકર જોશીની પંક્તિ છે કે -

"વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી
પશુ છે પંખી છે પુષ્પો વનોની છે વનસ્પતિ"

પણ આ બધુ કોઈ કલાકારે પોતાની કલ્પનાના રંગો પૂરીને ક્ષણમાત્રમાં ઊભું કરી દીધેલું સામ્રાજ્ય નથી. કરોડો, અબજો વર્ષોના પર્યાવરણના પરિવર્તનોનું તે પરિણામ છે. આ પરથી એટલું તો જાણી જ શકાય કે આપણો પર્યાવરણ સાથેનો સંબંધ કેટલો ગાઢ છે. અર્થાત્ તેના વિના આપણું અસ્તિત્વ શક્ય જ નથી.

ખરા અર્થમાં વિચારીએ તો આપણા પૂર્વજો પ્રકૃતિ અને પર્યાવરણનું મહત્ત્વ સમજ્યા હતા, તેટલું આપણે નથી સમજી શક્યા. આપણે ધર્મને માત્ર આમ ક્રિયાકાંડોમાં જ સીમિત કરી નાખ્યો છે. તે ક્રિયાકાંડોના લીધે થનારા પ્રદૂષણ વિશે વિચારતા જ નથી. ગંગા, જમના, સરસ્વતી જેવી આગળ 'પવિત્ર' શબ્દ લાગતો હતો. તે નદીઓ આજે પ્રદૂષણનો પર્યાય બની ગઈ છે.

'જળ એ જ જીવન' ના નારા તો આપણે લગાવીએ છીએ પણ જળને આપણે જીવન લાયક રહેવા દઈશું કે નહીં? તે જ યક્ષપ્રશ્ન છે પર્યાવરણવાદીઓ તો એટલે સુધી કહે છે કે, હવે પછીનાં યુદ્ધો જળના પ્રશ્ને થશે.

'વનોનો નાશ કરીને' આપણે આપણાં પર્યાવરણને સૌથી મોટું નુકસાન પહોંચાડ્યું છે. જંગલોનો નાશ થવાથી કેટલાય પ્રકારના વન્ય જીવોના કુદરતી ઘર છીનવાઈ જાય છે, તેથી પશુ-પંખીઓની ઘણી જાતિઓ વિલુપ્ત થઈ જવા પામી છે. પર્યાવરણની આવી વ્યથા જોઈ કોઈ કવિએ યથાર્થ જ કહ્યું છે કે -

"હે પ્રભુ તું તો ઘડીને ગુલછડી બનાવે છે.
પ્રકૃતિની હર છટાને પણ ફાંકડી બનાવે છે.
પણ આ દુષ્ટ માનવીને શું થયું છે ?
તે લીલાછમ ડાળીમાંથી લાકડી બનાવે છે."

કુદરતે આપણને શુદ્ધ હવા, પાણી, પ્રકાશ આપ્યાં છે પણ આપણે તેને શું આપ્યું ? કેવળ પ્રદૂષણ જ. વસુંધરાનું મહત્ત્વ આપણે જ્યાં સુધી નહિ સમજી શકીએ ત્યાં સુધી આપણે કૃતઘ્ની કહેવાઈએ.

પર્યાવરણ અને સજીવસૃષ્ટિના નાનામાં નાના જીવની પણ શું કિંમત છે ? તે જાણવું જ હોય તો અમેરિકન વિજ્ઞાન સંસ્થા "નાસા (NASA)" ને જાણવા થોડો પ્રયત્ન કરી જુઓ. એક નાનકડા તુચ્છ જીવને પણ પૃથ્વી સિવાયનાં અન્ય ગ્રહ પર શોધવા માટે તે અબજો ડોલર ખર્ચે છે. "That is the real value of our Environment."

તો ચાલો, આપણે વસુધાનું મહત્વ સમજી, પર્યાવરણનું જતન કરી આપણી ૫ મી જૂન 'વિશ્વ પર્યાવણ દિવસ'ની ઉજવણી સાર્થક કરીએ.

જ્યાં સુધી આ પૃથ્વી વૃક્ષો, પહાડો અને વનોથી આચ્છાદિત રહેશે ત્યાં સુધી મનુષ્યના સંતાનો માટેની તમામ જરૂરિયાતો પૂરી થતી રહેશે. પર્યાવરણ તરફ કૃતજ્ઞી બનીએ. એ જ સાંપ્રત ધર્મ છે. ●


## લગ્ન વિષયક

*ગુજરાતી કેથોલિક થ્રુ આઉટ ઈંગ્લીશ મિડિયમ, ઉંમર ૩૦ વર્ષ, ઊંચાઈ ૬ ફૂટ, અભ્યાસ B.Com., હાલ એન્જિનિયરીંગ કું.માં Execution Manager તરીકે કાર્ય કરતા યુવક માટે સુંદર, સંસ્કારી યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૮૨૫૫ ૦૦૪૯૩**

* * *

*ગુજરાતી કેથોલિક, ઉંમર ૩૨ વર્ષ, ઊંચાઈ ૫'૪'', કોન્વેન્ટ એજ્યુકેટેડ, માસ્ટર ઈન Mass Comm., અમદાવાદમાં MNC માં જોબ કરતી યુવતી માટે સમકક્ષ યુવકના વાલીઓએ સંપર્ક કરવો અથવા બાયોડેટા ફોટા સાથે મેઈલ કરવો.

**મો. ૯૫૮૬૬ ૪૬૨૮૮**

**Email: jcml5102@gmail.com**

* * *

*ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર ૩૧, B.A. with English B.Ed. (ચાલુ) મિશનરી સ્કૂલ રાજકોટમાં લેબ સુપરવાઈઝર (P.F. કપાત) યુવક માટે સંસ્કારી યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૯૨૫૫ ૯૭૬૯૫**

## કેરટેકર ટ્રેનીંગ કોર્ષ સેન્ટર

**ઈમાનુએલ એજ્યુકેશન ટ્રસ્ટ (રજિ નં. ઈ/૨૬૩૯/આણંદ)**

કેરટેકર ટ્રેનીંગ કોર્ષ દ્વારા અનેક ભાઈઓ/બહેનો સફળતાપૂર્વક ઈઝરાયેલ વર્ક પરમીટ મેળવી ચૂક્યા છે. ઉચ્ચ શિક્ષણ આપી પરદેશ જવા માર્ગ મોકળો કરી આપનાર એક માત્ર સંસ્થા. પ્રવેશ માટે મળો. GNM, B.Sc., Post/Basic Recognised by APNC & KNC & INC

*૧૨/૨ ભગીરથ સોસાયટી, મિલેટ્રી બોયઝ હોસ્ટેલ પાસે, છાણી નિઝામપુરા રોડ, છાણીજકાતનાકા, વડોદરા* ***(મો. ૯૮૭૯૩ ૬૩૯૮૬, ૮૪૮૭૦ ૮૬૩૭૯)***

# ચોપડવાવથી દિલ્હી યાત્રા

✍ **રવિકાન્ત ભાટિયા**

*શાંતિ નિકેતન હાઈસ્કૂલ, ઝંખવાવ*

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાનું ચોપડવાવ ગામ એટલે અત્યંત અંતરિયાળ અને સુવિધા વિહાણું ગામ. આવા ગામમાં પ્રાથમિક શિક્ષણ મેળવીને એક તરવરિયો કિશોર હાઈસ્કૂલ માટે ઘાટોલી - ડેડિયાપાડા જઈને પોતાનો અભ્યાસ પૂરો કરે છે.

આ યુવાનને સમાજ માટે કાંઈક કરવું છે, આદિવાસી લોકહિત તેમના હૈયે વસેલું છે. એટલે ચીલાચાલુ અભ્યાસ કરવાને બદલે બી. આર.એસ.(બેચરલ ઓફ રૂરલ સ્ટડીસ)નો અભ્યાસ ડેડિયાપાડા ખાતે પૂરો કરીને વધુ ઉચ્ચ અભ્યાસ માટે એમ.આર.એસ.(માસ્ટર ઈન રૂરલ સ્ટડીસ)નો અભ્યાસ દ.ગુ.યુનિ. સુરતમાં પૂરો કરે છે, આ યુવાન એટલે રમેશભાઈ તડવી.

એમ.આર.એસ. નો અભ્યાસ પૂરો થતાં કદાચ ઘણી સારી નોકરીની તકો જતી કરીને પોતાની સામાજિક નિસ્બતતાને સાર્થક કરવા વર્ષ ૨૦૦૧માં શ્રી રમેશભાઈ નવસર્જન સુરતમાં એરિયા કો-ઓર્ડિનેટર તરીકે જોડાઈને પોતાના જાહેર સામાજિક જીવનનો આરંભ કરે છે.

આદિવાસીઓની અસ્મિતા, ઓળખ અને સંસ્કૃતિ ટકાવીને મારા આદિવાસી બાંધવો કેવી રીતે જાગ્રૃત થાય અને કેવી રીતે આગળ વધે એવી ઉચ્ચ ભાવના અને લાગણીઓ ઝંઝાવાતમાં શ્રી રમેશભાઈ રચ્યાપચ્યા રહે છે. નિઝર, ઉચ્છલ, વ્યારા, સોનગઢ, માંડવી, ઉમરપાડા, માંગરોળ વગેરે આદિવાસી વિસ્તારોમાં હંમેશા મોટર સાયકલ લઈને તાલીમ કાર્યક્રમો, શિબિરો, કાર્યશાળાઓ, વોટરશેડ કાર્યક્રમો થકી આદિવાસીઓને ઉજાગર કરવાનાં ભગીરથ કાર્યમાં ઓતપ્રોત થઈ જવું એ રમેશભાઈની લાક્ષણિકતા છે સ્વાભાવિકતા છે.

આ બધા કાર્યક્રમો આગળ વધતાં નવસર્જનનાં કાર્યક્ષેત્રમાં ભૌગોલિક વિસ્તારનો વ્યાપ વધતાં સોનગઢ ખાતે શક્તિ-કાનૂની સલાહ અને માનવ અધિકાર કેન્દ્રની શરૂઆત કરવામાં આવે છે અને રમેશભાઈ એક નવા જુસ્સા સાથે શક્તિમાં કામ કરવા માટે મચી પડે છે.

વર્ષ ૨૦૧૧માં 'શક્તિ'નાં સંચાલકો દ્વારા શ્રી રમેશભાઈની 'શક્તિ'ના ડાયરેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવે છે. કદાચ એન.જી.ઓ.ના ઈતિહાસમાં ૩૪ વર્ષની ઉંમરે એક નવયુવાનને પ્રથમ વાર આવી તક મળે છે, જે સંસ્થા અને રમેશભાઈ બંને માટે ગૌરવની વાત છે. ઈસુસંઘ સંચાલિત સંસ્થામાં પ્રથમ વાર આટલી નાની વયના વ્યક્તિને આવી મોટી જવાબદારીથી નવાજવામાં આવ્યા જે ઈસુસંઘની ઉદારતા અને રમેશભાઈ પ્રત્યેનો વિશ્વાસ છતો કરે છે.

પોતાનાં છેલ્લા પાંચ વર્ષના કાર્યકાળ દરમ્યાન રમેશભાઈએ પ્રમાણિકતા, તટસ્થતા અને નિષ્ઠાથી એમની ફરજો અદા કરી છે. નિ:સ્વાર્થ ભાવે આદિવાસીઓનાં સાચા હિતોને ધ્યાનમાં લઈ 'શક્તિ'ના ઉદ્દેશોને પરિપૂર્ણ કરવાનો નમ્ર પ્રયાસ કરી રહ્યા છે. શ્રી રમેશભાઈ તેમના સાથી કાર્યકરો અને સંસ્થાના હાલના મેનેજીંગ ટ્રસ્ટી ફાધર ઝેવિયર માંજુરાન એસ.જે. સાથે ખભેખભા મિલાવી આ જાગૃતિ કાર્યક્રમ અને તે થકી સમાજ નવરચનનાં કાર્યને આગળ ધપાવી રહ્યા છે.

શ્રી રમેશભાઈ 'શક્તિ'ના ડાયરેક્ટર તરીકે એક સફળ અને પ્રતિભાશાળી વ્યક્તિ છે. આમ છતાં પોતાનાં કાર્યોને વધુ મજબૂત અને વેગવંતા બનાવીને વધારે લોકો સુધી આ કાર્યક્રમની અસરો પહોંચાડવા હાલમાં જ જાન્યુઆરીથી માર્ચ ૨૦૧૬ દરમ્યાન દક્ષિણ આફ્રિકાના કેપ ટાઉન શહેરમાં એક તાલીમ કાર્યક્રમમાં ભાગ લઈને આવ્યા છે અને આ તાલીમ થકી તેઓ તેમની જવાબદારી વધારે અસરકારક રીતે ભજવશે તેવી ખાતરી છે.

જ્યારે તેઓ દક્ષિણ આફ્રિકામાં હતા તે દરમ્યાન સોનાનાં સુગંધ ભળે તેવી એક ગૌરવવંતી ઘટના બની છે. ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન એન્ડ મેનેજમેન્ટ તરફથી શ્રી રમેશભાઈની 'જવેલ ઓફ ઈન્ડિયા'ના એવોર્ડ માટે પસંદગી થઈ છે તેવા શુભ સમાચાર 'શક્તિ' સોનગઢને મળ્યા ત્યારે સમગ્ર શક્તિ પરિવારમાં આનંદની લહેર છવાઈ ગઈ હતી. શ્રી રમેશભાઈએ શક્તિ સંસ્થા થકી આદિવાસી વિસ્તારમાં જાગ્રૃતિ શિક્ષણ અને લોક સંગઠનનાં જે કાર્યો કર્યા છે. તેની કદરરૂપે આ એવોર્ડ તેમને એનાયત કરવામાં આવેલ છે.

૬ એપ્રિલ ૨૦૧૬ ના રોજ દિલ્હીમાં યોજાયેલ એક સન્માન સમારંભમાં આ એવોર્ડ(જવેલ ઓફ ઈન્ડિયા)શ્રી રમેશભાઈને એનાયત કરવામાં આવ્યો.

આ એવોર્ડ રમેશભાઈની યશ કલગીમાં એક મોરપીછ સમાન છે. તેની સાથે સાથે ગૌરવ અને આનંદની વાત એ છે કે ગુજરાતમાંથી રમેશભાઈ આ એવોર્ડ મેળવનાર પ્રથમ આદિવાસી વ્યક્તિ છે. આ સમગ્ર ઘટના 'શક્તિ' પરિવાર અને તેના શુભેચ્છા તથા કાર્યકરો માટે ખૂબ જ ગૌરવભરી વાત છે. 'શક્તિ'નાં કાર્યો અને પ્રવૃત્તિઓની રાષ્ટ્રીય કક્ષાએ આ એવોર્ડ થકી નોંધ લેવામાં આવી છે એમ કહેવું બિલકુલ અતિશયોક્તિ ભર્યું નથી. અભિનંદન રમેશભાઈ. ●

**ત્રીજી પુણ્યતિથિ**



**સ્વ. સ્પંદન**

જન્મ: ૧૫-૧૦-૨૦૦૫ ★ અવસાન: ૨૮-૬-૨૦૧૩

પરમપવિત્ર પરમાત્મા તમારા આત્માને શાશ્વત શાંતિ અર્પે. પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**તારો દુ:ખી પરિવાર**
**વિશાખા (બહેન), સેન્દ્રાબેન (મમ્મી), દિનેશભાઈ (પપ્પા)**
વલ્લભવિદ્યાનગર (નાવલી)

# સાદ મને દીધો...

✍ ગાબ્રિએલ ખ્રિસ્તી

*નિવૃત શિક્ષક, ચાવડાપુરા(આણંદ)*

આજે ધર્મસભા વિશાળ વટવૃક્ષ બની છે એનો શ્રેય આપણા સંન્યસ્ત વર્ગને જ આભારી છે. ભૂતકાળમાં અસંખ્ય ધર્મગુરુઓએ - સાધ્વીબહેનોએ તથા કેટલાક ધર્મજનોએ ધર્મ માટે પોતાના પ્રાણની આહૂતિ આપી છે. એમના લોહી અને બલિદાનથી જ ધર્મસભાએ આટલી વિશાળતા અને ઊંચાઇ ધારણ કરી છે. જેને પગલે પગલે હાલનો સંન્યસ્તવર્ગ ધર્મસભાને સિંચતો રહે છે, જેને લીધે આજે ધર્મસભામાં નવા ફણગા ફૂટે છે - ફળે છે, જે મબલક પાક પેદા કરે છે.

એટલે જ પ્રભુ ઈસુએ એક વખત કહ્યું છે, " ફસલ ખરેખર મબલક છે પણ કામ કરનારા થોડા છે એટલે તમે ફસલના માલિકને પ્રાર્થના કરો કે પોતાની ફસલ લણવા માણસો મોકલે. (માથ્થીઃ ૯:૩૭-૩૮)

ભૂતકાળમાં ઘણા બધા મિશનરીઓ પરદેશથી ભારતમાં આવ્યા અને તેમણે જ આપણને 'પ્રભુ ઇસુ' બતાવ્યા. એમના પૂણ્યપ્રતાપે આપણને 'શ્રધ્ધા' મળી. એ આપણું કેવું અહોભાગ્ય! એમના પુણ્યપ્રતાપે જ દેશમાં ધર્મસભા ખીલી અને ભારતીય યુવાન-યુવતીઓને સંન્યાસી બની ધર્મસભાની સેવા કરવાની પ્રેરણા અને માર્ગદર્શન પ્રાપ્ત થયું પરંતુ તેમણે આપેલ મહામૂલા દાનને આગળ વધારવાની જવાબદારી આપણા હાથમાં મૂકતા ગયા છે. એટલે જ આપણી ધર્મસભાને ફૂલતી ફાલતી રાખવા માટે સ્થાનિક યુવક - યુવતીઓને પ્રભુ ઇસુ હાકલ કરે છે - આમંત્રણ પાઠવે છે. ધર્મસભાની સેવા કરવાનું કામ એકલા સંન્યસ્ત વર્ગનું જ નથી પરંતુ જેમણે જેમણે સ્નાનસંસ્કાર અંગીકાર કર્યો છે તે સૌનું છે. કેટલીક કૌટુંબિક જવાબદારીઓને લીધે ગૃહસ્થજનો પૂરતો સમય આપી શકતા નથી પરંતુ જેનાથી જેટલો સમય આપી શકાય એટલો સમય આપવો, એ માટે પણ પ્રભુઇસુ આપણને હાંક મારે છે.

જો કે સંન્યસ્તવર્ગ પોતાનો પૂર્ણ સમય ધર્મસભાની સેવામાં અર્પણ કરી શકે છે એટલે પ્રભુઇસુ વિશેષ રીતે યુવાન-યુવતીઓને વિશેષ રીતે ધર્મસભાની સેવા માટે આમંત્રે છે - હાકલ કરે છે.

ઘણા બધા મિત્રો આ કામ માટે તૈયાર થાય છે પરંતુ કેટલીક વખત પૂરતા માર્ગદર્શનના અભાવે આગળ વધી શકતા નથી. વળી પ્રભુઇસુના આમંત્રણ વિના અને તેની કૃપા વિના કોઇ આ ભગીરથ કાર્ય માટે પસંદગી પામી શકતા નથી કારણ બાઇબલમાં લખ્યું છે, "બોલાવ્યા તો ઘણાને હોય છે પણ પસંદ થોડા થાય છે. (માથ્થી : ૨૨:૧૪)

એટલે પ્રભુ ઇસુનો સાદ સાંભળવાની જરૂર છે. પ્રભુ ઇસુનો સાદ શાંત વાતાવરણમાં - પ્રાર્થનામાં - ચિંતનમનનમાં - રીટ્રીટમાં વિશેષ રીતે સાંભળી શકાય છે. ઘણા યુવાન-યુવતીઓના મનમાં પ્રશ્ન થાય છે કે, 'પ્રભુ મને બોલાવે છે એ કેવી રીતે ખબર પડે?'આ માટેનો રસ્તો એકદમ સરળ છે. તમે તમારા જીવનમાં કોઇએક 'આધ્યાત્મિક ગુરુ'ની પસંદગી કરી લો. (આ ગુરુ કોઇપણ અનુભવી ફાધર-સીસ્ટર કે ધર્મજન પણ હોઇ શકે.) વળી નિયમિત પ્રાર્થના કરતા રહો, સારા ધાર્મિક સંતોના જીવનચરિત્રો વાંચતા રહો - નિયમિત ચિંતન-મનન કરતા રહો,અને તે દરમિયાન જે કોઇ વિચારો આવે તેની ચર્ચા તમારા આધ્યાત્મિક ગુરુ સાથે કરો. તે તમને જરૂર માર્ગદર્શન આપશે. વળી હવે તો જુદા જુદા મંડળ હાકલ શિબિરનું પણ આયોજન કરે છે, તેના દ્વારા પણ માર્ગદર્શન મળી રહે છે.

પ્રભુ પસંદ કરે ત્યારે ગભરાવાની જરૂર નથી. મુંઝાવાની જરૂર નથી. આ રહ્યો શમુએલનો જાત અનુભવઃ

'શમુએલ પ્રભુના મંદિરમાં જ્યાં ઈશ્વરની મંજૂષા હતી ત્યાં સૂતો હતો. ઈશ્વરનો દીવો હજી રાણો થયો ન હતો. એવામાં પ્રભુએ તેને બૂમ મારી અને 'જી, આવ્યો' એમ કહેતો શમુએલ એલી પાસે દોડી ગયો અને બોલ્યો, 'તમે મને બોલાવ્યોને? હું આ રહ્યો' એલીએ કહ્યું, 'ના, મેં તને બોલાવ્યો નથી. પાછો સૂઈ જા' આથી તે જઇને સૂઈ ગયો. પ્રભુએ ફરી શમુએલને બૂમ પાડી અને તે ઊઠીને એલી પાસે જઇને બોલ્યો, 'તમે મને બોલાવ્યો ને? હું આ રહ્યો,' એલીએ કહ્યું, 'ના, મેં તને બોલાવ્યો નથી. પાછો સૂઈ જા. શમુએલ હજી પ્રભુને ઓળખતો થયો ન હતો અને પ્રભુની વાણી તેની આગળ પ્રગટ થઇ નહોતી. જ્યારે પ્રભુએ તેને ત્રીજી વાર હાંક મારી ત્યારે તે ફરી એલીની પાસે જઇને બોલ્યો, 'તમે મને બોલાવ્યોને? હું આ રહ્યોઃ એલી સમજી ગયો કે પ્રભુ આ છોકરાને બોલાવે છે, એટલે તેણે શમુએલને કહ્યું, "જા સૂઈ જા; અને જો તે તને હાંક મારે તો કહેજે કે, 'ફરમાવો પ્રભુ, આપનો સેવક સાંભળે છે." આથી શમુએલ પોતાની જગ્યાએ સૂઈ ગયો. પ્રભુએ ત્યાં આવી ઊભા રહીને પહેલાંની જેમ બૂમ મારી, "શમુએલ, શમુએલ!" શમુએલે જવાબ આપ્યો, 'ફરમાવો, આપનો સેવક સાંભળે છે'. (શમુએલઃ ૩: ૩:૧૦)

પ્રભુની હાકલ કેવી રીતે સંભળાય છે એનો ઉત્તમ દાખલો. આ ઉદાહરણ આધ્યાત્મિક ગુરુઓ માટે પણ એટલું જ ઉપયોગી છે. માટે ચિંતા કર્યા સિવાય પ્રભુને સમર્પણ કરી દો કારણ પ્રભુ કહે છે "હું તમને અટુલા નહિ મૂકુ".

કેટલાંક યુવાન યુવતીઓ માને છે કે,'મને અંગ્રેજી તો આવડતું નથી તો પછી હું કેવી રીતે જોડાઇ શકું?' યાદ રાખો પ્રભુ ઈસુએ પ્રથમ શિષ્યો પસંદ કર્યા તે ફક્ત માછીમારો હતા. તેઓ હોંશિયાર નહોતા - તેઓ ભણેલાગણેલા નહોતા છતાં પ્રભુ ઈસુએ તેમની પસંદગી કરી હતી અને કહે છે, "હું તમને માછલાંને બદલે માણસોને પકડતાં કરીશ." પ્રભુ જેને પસંદ કરે છે એ હંમેશા વિદ્વાનો જ હોતા નથી. પ્રભુ કહે છે, 'હે પિતા, સકલ સૃષ્ટિના માલિક! આ બધી વાતો તેં ડાહ્યા અને ચતુર માણસોથી ગુપ્ત રાખી અને બાળકો આગળ પ્રગટ

કરી એ માટે હું તારી સ્તુતિ કરુ છું. સાચે જ પિતાજી, તને એ જ રુચ્યું" (લૂકઃ ૧૦ઃ૨૧)

ખરેખર તો ઈશ્વર તમારી પસંદગી કરે છે એ જ ધન્ય છે. યાદ રાખજો ઈશ્વર તો આ પથ્થરમાંથી પણ રેતીના કણ જેટલાં સંતાનો પેદા કરી શકે છે. "વળી જે પથ્થરને કડિયાઓએ નકામો ગણીને ફેંકી દીધો હતો તે જ આધારશિલા બન્યો છે એ પ્રભુની લીલા છે." (માથ્થીઃ ૨૧ઃ૪૨)

વળી ઈર્મિયાના ગ્રંથમાં આ પ્રમાણે લખ્યું છે,"તને ગર્ભમાં ઘડ્યો તે પહેલાં મેં તને પસંદ કર્યો હતો. તુ જન્મ્યો તે પહેલાં મેં તને આ કામ માટે નક્કી કર્યો હતો. મેં તને પ્રજાઓના પયગંબર તરીકે નીમ્યો હતો. (ઈર્મિયા : ૧ઃ૪ઃ૫)

ઘણી વખત આપણે દલીલો કરીએ છીએ તેવી દલીલ પયગંબર ઈર્મિયાએ કરી હતી. "અરે, ઓ સર્વસત્તાધીશ પ્રભુ" મને બોલતાં તો આવડતું નથી. હુ તો હજી બાળક છું." પણ પ્રભુએ કહ્યું, "હું બાળક છું એમ કહીશ નહી. હું તને જે કોઈ લોકોમાં મોકલું છું ત્યાં તારે જવાનું છે અને હું જે કંઈ કહેવાનું કહું તે કહેવાનું છે તેમનાથી ડરીશ નહીં કારણ હું તારી પડખે રહી તારુ રક્ષણ કરીશ. આ પ્રભુનાં વચન છે, (ઈર્મિયા : ૧ઃ ૭-૧૦) વહાલા દોસ્તો, ઉપરના શબ્દોમાં વિશ્વાસ રાખી પ્રભુની પાછળ જવા નીકળી પડો, બાકીનું બધું પ્રભુ ફોડી લેશે. પ્રભુનો જેને સ્પર્શ થાય તેનામાં કંઈ જાતની ઊણપ હોય?

માટે પ્રભુ પસંદ કરે ત્યારે ગભરાવવાની જરૂર નથી.

યા હોમ કરીને પડો ફતેહ છે આગે!

એક વખત પીતરે ઈસુને પૂછ્યું, "જુઓ અમે સર્વસ્વનો ત્યાગ કરીને આપની પાછળ આવ્યા છીએ. " ઈસુએ કહ્યું, "હું તમને ખાતરીથી કહું છુ કે કોઈએ મારે ખાતર અને શુભસંદેશની ખાતર ઘરબારનો, ભાઈબહેન, માબાપ કે છૈયાંછોકરાંનો અથવા ખેતર -જમીનનો ત્યાગ કર્યો હશે તેને અત્યાચાર તો વેઠવા પડશે પણ આલોકમાં જ સોગણા ઘરબાર ને ભાઈબહેન ને માબાપ ને છૈયાંછોકરાં તથા ખેતરજમીન, તેમ પરલોકમાં શાશ્વત જીવન મળ્યા વગર રહેવાનાં નથી." (માર્કઃ ૧૦ઃ૨૯-૩૧)

ઘણા યુવાનયુવતીઓ હાકલ તો સાંભળે છે અને પ્રભુની પાછળ જવાની તૈયારી પણ બતાવે છે પણ ઘરની સંપતિ, નોકરી, ટી.વી, મોબાઈલ, માબાપ કે અમુક પ્રકારના મોજશોખ કે ગમતી કોઈ વસ્તુ છોડવાની તૈયારી દર્શાવતા નથી. કેટલાક હમણાં નહીં એકાદ બે વર્ષ પછી જેવી દલીલો પણ કરે છે, પરિણામે પ્રભુનું આમંત્રણ ઠુકરાવે છે. એવા લોકોને પ્રભુ સરસ જવાબ આપે છે.

એક દિવસ એક જુવાન ઈસુ પાસે આવે છે અને તે ઈસુને પૂછે છે,"એ બધું તો હું પાળતો આવ્યો છું, છતાં મારામાં શી ઊણપ છે? " ઈસુએ તેને કહ્યું, "તારે જો પૂર્ણ થવું હોય તો જા, તારુ સર્વસ્વ વેચી દે અને જે ઉપજે તે ગરીબોને આપી દો, તો સ્વર્ગમાં તને ભર્યા ભંડાર મળશે એ પછી આવ, મારા પગલે ચાલ." પેલો જુવાન આ સાંભળી ભારે હૈયે ચાલ્યો ગયો. કારણ તે ભારે સંપત્તિનો ધણી હતો (માથ્થીઃ ૧૯ઃ૨૦-૨૨)

વળી બીજા એક જણને તેમણે કહ્યું, મારી પાછળ પાછળ આવ." પણ તેણે કહ્યું, "પહેલાં મને મારા પિતાને દફનાવી આવવા દો." ઈસુએ કહ્યું,"મરેલાંને દફનાવવાનું મરેલાંઓ પર છોડી દે. તુ જઈને ઈશ્વરના રાજ્યની ઘોષણા કર."

બીજા માણસે તેમને કહ્યું,"પ્રભુ હું આપની પાછળ આવીશ પણ પહેલાં મને ઘરનાં માણસોની વિદાય લઈ આવવા દો." પણ ઈસુએ તેને કહ્યુ,"જે માણસ હળ ઉપર હાથ મૂકીને પાછળ જુએ છે તે ઈશ્વરના રાજ્યને લાયક નથી. (લૂક : ૯ : ૫૯-૬૨)

માટે હવે કોની રાહ જુઓ છો? ખુંખારીને કહી દો : "જી પ્રભુ! આપનો સેવક હાજર છે." ●

## છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. કોકિલાબેન વિક્ટરભાઈ મેકવાન**

જન્મઃ ૨૯-૯-૧૯૬૦ ★ અવસાનઃ ૧૨-૬-૨૦૧૦

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. વિક્ટર બી. મેકવાન**

૩૨, વિશ્વાસપાર્ક, હાટકેશ્વર, મણીનગર, અમદાવાદ

## પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ગીતાબેન નવીનચંદ્ર મેકવાન**

જન્મઃ ૦૭-૦૨-૧૯૭૦

અવસાનઃ ૨૪-૦૬-૨૦૧૧

"અંજલિ આપતાં શબ્દો ખૂટે છે,
શ્રદ્ધાંજલિ આપતાં પુષ્પો ખૂટે છે."

વ્હાલી ગીતા,

સમય જિંદગીનો ઓછો હશે, એ ક્યાં ખબર હતી?
વિદાય તારી અણધારી આવશે, એ ક્યાં ખબર હતી?
વિધિના લખ્યા લેખ તેમનું કામ કરશે, એ ક્યાં ખબર હતી?
હાસ્યતણાં ઝરઝરિયાં આંસુ હશે, એ ક્યાં ખબર હતી?
હરખની હેલીથી ભર્યું ઘર, નીરવતામાં પલટાશે, એ ક્યાં ખબર હતી?
તું અમારાથી અચાનક છીનવાઈ જશે, એ ક્યાં ખબર હતી?

"જીવનની જ્યોત અચાનક ઝબકાઈને બુઝાઈ, આશા અધૂરીને આંખડી મિંચાઈ. રડી પડે છે આંખો અમારી, જોઈ તસવીર તારી દરેક પ્રસંગે ખટકે છે ગેરહાજરી તારી."

*સરગમ પાર્ક સોસાયટી*
*આણંદ*

**લિ. નવીનચંદ્ર ડી. મેકવાન તથા બાળકો**
**કિંજલ, નિરાલિ, વિશાલ**

# MAC Education Nursing Institute

Since: 2009 — Reg. No.: E20710

**સરકાર માન્ય સંસ્થા**

Recognized by : Indian Nursing Council, State Nursing Council, RGUHS.

| કોર્ષ | લાયકાત | સમયગાળો |
|---|---|---|
| GNM Nursing | ૧૨ પાસ (કોઈપણ પ્રવાહ) | ૩ વર્ષ |
| B.Sc. Nursing | ૧૨ પાસ (વિજ્ઞાનપ્રવાહ) | ૪ વર્ષ |
| ANM Nursing | ૧૨ પાસ | ૨ વર્ષ |
| Nursing Assistant | ૧૦ પાસ | ૧ વર્ષ |
| DMLT / DXRT | ૧૦ પાસ | ૧ વર્ષ |

★ ખૂબ જ અનુભવી અને નિષ્ણાંત સ્ટાફ દ્વારા શિક્ષણ
★ અદ્યતન ક્લાસરૂમની વ્યવસ્થા
★ પરીક્ષાલક્ષી સ્ટડી મટીરીયલ ફ્રી
★ SC/ST વિદ્યાર્થીઓ માટે ફ્રી એજ્યુકેશન*
★ અભ્યાસ બાદ ૧૦૦% કેમ્પસ સિલેક્શન
★ ખ્યાતનામ હોસ્પિટલમાં ક્લિનીકલ પોસ્ટીંગ

**• Post Basic B.Sc. Nursing**
**• M.Sc. Nursing • NCLEX**
**• CGFNS (Exams for Abroad)**

**:: For More Details & Admission Contact ::**

**RITESH MACWAN (Director)**
**+91 99257 88863**

**DR. ARTI PRAJAPATI (Administrator)**
**+91 95869 83248**

**૧૦ - પહેલો માળ, સ્વરૂપ કોમ્પલેક્ષ, મહેન્દ્ર શાહ હોસ્પિટલની બાજુમાં, ભાલેજ રોડ, આણંદ**

**OTHER BRANCHES: NADIAD | PETLAD | UMRETH | VADODARA | AHMEDABAD | SURAT**

## નર્સિંગ પ્રવેશ વર્ષ ૨૦૧૬-૨૦૧૭

ભારત સરકાર માન્ય કોર્સિસ
INC, KNC, KSNEB, RGUHS માન્ય કૉલેજ

| કોર્ષનું નામ | મુદ્દત | લાયકાત | ફી |
|---|---|---|---|
| GNM નર્સિંગ | 3 વર્ષ | ૧૨ પાસ (આર્ટસ, કોમર્સ, સાયન્સ) | રૂા. ૪૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| P.B. B.Sc. નર્સિંગ | ૨ વર્ષ | GNM પાસ | રૂા. ૭૫,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| B.Sc. નર્સિંગ | ૪ વર્ષ | ૧૨ પાસ (સાયન્સ, બી-ગ્રુપ) | રૂા. ૬૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| M.Sc. નર્સિંગ | ૨ વર્ષ | B.Sc./P.B.B.Sc. પાસ | રૂા. ૧,૦૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |

* હપ્તેથી ફી ભરવાની સગવડ
* SC/ST તથા લઘુમતીના વિદ્યાર્થીને સરકારી સ્કોલરશીપ
* એજ્યુકેશન લોન મળશે
* ઉત્તમ સગવડ સાથેની હોસ્ટેલ તથા સ્કૂલ
* ગુજરાતી જમવાનું

**એજન્ટ આવકાર્ય**

૧૦૦% જોબ ગેરેન્ટેડ

સંપર્ક કરોઃ- રાજેશભાઈ
**રીચ એજ્યુકેશન ગાઈડ**
૧૧, ડૉ. લોરેન્સ એવન્યુ, મેથોડિસ્ટ ચર્ચની પાસે,
સિયોનનગર, મણીનગર(પૂર્વ), અમદાવાદ - ૩૮૦૦૦૮
**મો. ૯૩૨૭૪ ૮૮૫૦૧, ૯૮૭૯૯ ૧૯૦૯૧**

## *Admission Admission Admission*

| | |
|---|---|
| G.N.M. | X-ray Technician |
| B.Sc. Nursing | CT-MRI Technician |
| P.B. B.Sc. Nursing | B.Pharm, M.Pharm, D.Pharm. |
| M.Sc. Nursing | Dialysis Technician |
| M.B.B.S., MD | Hospital Managment Course |

**બીજા ઘણાં બધા કોર્ષ ઉપલબ્ધ છે.**

- INC, KNC, MCI, ભારત સરકાર, કર્ણાટકા (બેંગ્લોર) સરકાર માન્ય પ્રાપ્ત કોલેજ.
- રેગ્યુલર તથા ઘરે બેઠા ઘણાં કોર્ષનો અભ્યાસ કરી શકાશે.
- ઓછામાં ઓછી ફી, કોઈપણ ડોનેશન વગર.
- સારામાં સારી સુવિધા પ્રાપ્ત કૉલેજ.
- ૧૦ વર્ષ કરતાં પણ વધારે સમયથી ૧૦૦ કરતાં વધુ એડમિશન કરાવેલ છે તથા ૧૦૦% વિશ્વાસુ કામ રહેશે.
- બેંક લોન, શિષ્યવૃત્તિ માટેના જરૂરી પેપર ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- ગરીબ વિદ્યાર્થી માટે હપ્તાથી ફી ભરવાની સુવિધા આપવામાં આવશે.

:: સંપર્ક કરો ::
**નેવીલ ક્રિશ્ચિયનઃ મો. ૯૯૨૪૮ ૭૨૮૭૪ / ૮૪૬૦૭ ૨૯૬૯૧**
**નીલ્સ ક્રિશ્ચિયનઃ ૯૮૯૮૧ ૩૭૩૯૫**
નડીઆદ - ગુજરાત

# શ્રદ્ધાંજલિ



## સ્વ. જોસેફ લામ્બર્ટ પરમાર

જન્મ: ૨૨-૦૯-૧૯૪૩ ★ અવસાન: ૦૩-૦૬-૧૯૯૧



## સ્વ. રાહેલબેન જોસેફભાઈ પરમાર

જન્મ: ૩૦-૦૭-૧૯૪૪ ★ અવસાન: ૦૬-૦૪-૨૦૧૬

હજુ તો ''પપ્પા'' શબ્દથી નવાજતા હતા ત્યાં જ અચાનક આપ અમોથી અલોપ થઈ ગયા. ઘરની સમગ્ર જવાબદારી ''મમ્મી''ને સોંપી આપ કાયમ માટે દૂર ચાલ્યા ગયા. ''મમ્મી'' વટવૃક્ષ સમી છાયા હતી. આપની કદી ન વિસરાય એવી માયા હતી. આપની સમગ્ર પ્રેમ હૂંફથી પાંચેય ભાઈ-બહેનોનું જીવનઘડતર કરી, બધું જ ઠરીઠામ કરી એકાએક ''મમ્મી'' અમોને નોંધારા મૂકી આપ પપ્પા પાસે ચાલ્યાં ગયાં. આપનું બોલવું, ચાલવું કાયમ માટે લોપ થઈ ગયું.


મંગલમ ઘર ફરીથી ભેંકાર બની ગયું.<br>
મેઘ તો થંભી જાય છે પરંતુ અશ્રુ થંભતાં નથી.<br>
આપ બંનેના પ્રેમ અને યાદોના સથવારે જીવન જીવતા રહીશું અમો.....

*અનુરાધા સોસાયટી, ગામડી-આણંદ (મો. ૯૭૧૨૪ ૦૯૮૯૬)* **લિ. તમારાં વ્હાલાં બાળકો**

**આભાર:** *અમારાં માતૃશ્રીના અવસાન નિમિત્તે પરિવારની મુલાકાત લઈ દિલાસો પાઠવનાર ગાંધીનગર મહાધર્મપ્રાંતના આર્ચબિશપ સ્ટેની ફર્નાન્ડિઝ, પ્રોવિન્શિયલ, ડૉટર્સ ઓફ ધ ક્રોસ મંડળ તેમજ ફાધરો, સિસ્ટરો અને સગાંસ્નેહી તેમજ મિત્રમંડળના આભારી છીએ.*

# દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**''હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું. જેને મારામાં શ્રદ્ધા છે, તેનું મૃત્યુ થાય તોપણ, તે જીવતો થશે.'' (યોહન ૧૧:૨૫)**



**સ્વ. માયકલ પીટર પૈઝા**

જન્મ: ૧૯-૦૩-૧૯૩૨ ★ અવસાન: ૦૪-૦૬-૨૦૧૪

બાઈબલનું સિંચન, વિશ્વાસનું બંધન<br>
વૃદ્ધિ મળી અતિ ભેટ છે અમારી આકૃતિ<br>
મહેનતની વાડીમાં આપનો સહકાર<br>
જીવનભર ઋણી રહેશે **પૈઝા** પરિવાર

**લિ. આપનો દુઃખી પરિવાર<br>
રેગીનાબેન પૈઝા (ધર્મપત્ની),<br>
જશોદાબેન યુ. મેકવાન (સ્કોટલેન્ડ)<br>
અશોક તથા સ્મિતા પૈઝા (પુત્ર અને પુત્રવધૂ)<br>
ક્રિસ્ટીના પૈઝા (પૌત્રી),<br>
એલેન પૈઝા (પૌત્ર) હાલ કેનેડા<br>
તથા પૈઝા — મેકવાન પરિવાર**

*એ/૧, માનસરોવર કોમ્પલેક્ષ, રેલ્વે સ્ટેશન પાછળ, મણિનગર (પૂર્વ), અમદાવાદ - ૩૮૦ ૦૦૮ (મો. ૯૫૫૮૧ ૩૨૦૭૭)*

# ૧૧મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. બાબુભાઈ ગણેશભાઈ મકવાણા**

જન્મ: ૦૧-૦૧-૧૯૫૧ ● અવસાન: ૦૩-૦૬-૨૦૦૫

વ્હાલા પપ્પા,

'વટવૃક્ષ સમી છાયા હતી આપની,
કદી ના વિસરાય એવી માયા હતી આપની.'

આપની અણધારી વિદાયને જોતજોતામાં અગિયાર વર્ષ વિતી ગયાં, પણ અમારું મન માનવા તૈયાર નથી. દીવાલ પર લટકતી તમારી છબી હંમેશાં અમને યાદ અપાવે છે કે, તમે અમારી મધ્યે નથી છતાં આપનો સાથ સદા અમારી મધ્યે હોય એવો અહેસાસ અનુભવીએ છીએ. કદી ન વિસરાય તેવું સૌમ્ય વ્યક્તિત્ત્વ, માયાળુ ઉદાર સ્વભાવ અને હસમુખો ચહેરો સદાય અમારી નજર સમક્ષ તરવરતો રહે છે. તમારો અમારા પરનો પ્રેમ, હૂંફ અને લાગણી હંમેશાં અમારા દિલમાં મહેંકતી રહેશે. પિતા પરમેશ્વર તમારા આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**આપની યાદમાં**
**થેરેસ્યાબેન**

**ડૉ. સ્નેહલ મકવાણા - પ્રિયંકા**
**સરાહી**
**(કેનેડા)**

**શિતલ - એલ્ડ્રીન**
**એલ્સીલ, સનાયા**
**(લંડન)**

**સેજલ - નિશાંત**
**સેનિકા**
**તથા સમગ્ર પરિવાર**

*હરિગંગા સોસાયટી, ગામડી-આણંદ (ગામ-મલાતજ)*

# પ્રથમ માસિક પુણ્યતિથિ



**સ્વ. ઝવેરભાઈ પૂંજાભાઈ મકવાણા (બાપુજી)**

જન્મ: ૨૧-૦૫-૧૯૪૦ ● અવસાન: ૦૫-૦૫-૨૦૧૬

**"આવો, મારા પિતાના આશીર્વાદ તમારા ઉપર ઉતર્યા છે!**
**સૃષ્ટિના આરંભથી તમારે માટે તૈયાર રાખેલું રાજ્ય ભોગવો."**

પ્રભુ પાસે જવું એ નિશ્ચિત છે. આપને જીવનમાં ૭૫ વર્ષ પૂરાં કરી વિચારી ન શકાય તેવી અણધારી વિદાય અમ હૃદયને ધ્રુજાવી ગઈ. તમ વિના થઈ ગયા ઘરના સૂના આંગણા, તમ વિના થઈ ગયું સૂનું ઘર અને રહી ગયાં કંઈક પ્રકરણ અધુરાં. આખું જીવન હસતા રહ્યા, અન્યોને હસાવતા રહ્યાં, પરંતુ કષ્ટો અને દુઃખ વેઠીને કરતા રહ્યા પરિવારનું ભલું.

આપ એક વૃક્ષ સમાન શીતળ છાંયડો આપીને જીવન જીવી ગયા. તમારાં નિત્ય કર્મો અમારા સૌના હૈયાને સ્પર્શી ગયાં તેમજ જીવન દરમ્યાન ધર્મ અને જવાબદારીને કદી ભૂલ્યા નથી. જીવનની તડકી છાંયડીમાં સ્મિત સાથે સર્વના જીવનમાં પ્રસરી ગયાં. આપની ગેરહાજરી આજે, અમે સૌને આપની યાદ અપાવે છે.

"જીવન એવું જીવી ગયા કે મૃત્યુ શરમાઈ ગયું, દુઃખને ગાયું નહીં, સુખને ક્યારે છલકાવ્યું નહિ, હસતો રાખી ચહેરો, વિદાય લીધી ઓચિંતી, સદ્ગુણો થકી ગયાં સૌના હૃદયમાં."

ઈશ્વરની આ યોજનાને સ્વીકારવી જ રહી,
એ જ આશાએ કે પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**ધનીબેન ઝવેરભાઈ**
**ફાધર પ્રવિણ એસ.ડી.બી. (નારૂકોટ)**
**સમસ્ત પરિવાર**

*લુઈસ પાર્ક, સાવલી*

## તૃતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. માણેકબેન ફૂલજીભાઈ મેકવાન**

જન્મ: ૨૦-૧૧-૧૯૨૪

અવસાન: ૧૩-૦૬-૨૦૧૩

મા તું ભણી ન હતી પણ દુઃખ સામે સંઘર્ષના પાઠ અમને શીખવ્યા હતા. ઝઝૂમવું, આંધી સામે આથડવું ને દુઃખમાં ટકી રહેવું એવું બધું તેં અમને કશું ય બોલ્યા વિના શીખવ્યું છે. એટલે આજે તું નથી તોય દુઃખભરી પળોમાં તું યાદ આવીશ, ને અમે સંઘર્ષ કરતાં કરતાં જીતી જઈશું એજ શ્રદ્ધાંજલિ તને...

**તારાં બાળકો**

**મનુભાઈ - સુનિતાબેન**
પુત્ર - પુત્રવધૂ (વડોદરા)

**કિરીટભાઈ - શારદાબેન**
પુત્ર - પુત્રવધૂ (પેટલાદ)

**કેથરાઈન - ઈસુદાસ**
પુત્રી - જમાઈ (પીપળાતા)

**જ્યોત્સનાબેન - જોકીન**
પુત્રી - જમાઈ (અમદાવાદ)

## તૃતીય વાર્ષિક શ્રદ્ધાંજલિ



**સ્વ. દિનેશભાઈ પીયુષભાઈ પરમાર**

જન્મ: ૦૯-૧૧-૧૯૬૧

અવસાન: ૨૪-૦૬-૨૦૧૩

વ્હાલા દિનેશ,

જીવનભર સખત પરિશ્રમ કરી, દુઃખોથી જરાય ડર્યા વિના, શૂન્યમાંથી સર્જન કરી, પરિવારને તમામ રીતે સમૃદ્ધ બનાવી, સૌને સુખશાંતિ આપતા ગયા. આપની સેવાભાવી વૃત્તિ અમારા જીવન માટે સદાય પ્રેરણાસ્તોત્ર બની રહે. આપની ઉદારતા, લાગણીશીલ સ્વભાવ, કૌટુંબિક ભાવના, નિખાલસતા, આપે આપેલ પ્રેમ અને સંસારની સુવાસ સદાય મહેંકતી રહેશે.

"મને શોધશો નહિ, હું ઈશ્વરના ધામમાં છું."

**એજ તમારી યાદમાં**
**કોકીલા, મયંક આશિષ**
*(ઈસુકૃપા સોસાયટી, આણંદ)*

**સ્ટીવન - આગ્નેશ**
**બૉસ્કી - અર્પણ, જીંગલ, બ્રાયન**

**સતીશ - નીરુ**
**રીન્કુ, સન્ની**

**રાજેશ - ઈલા**
**રોની, રેની**

## શ્રદ્ધાંજલિ



**સ્વ. દાઉદભાઈ વિલ્યમભાઈ પટેલિયા**
જન્મ: ૩૧-૦૭-૧૯૨૪
અવસાન: ૩૦-૦૬-૨૦૦૯

**સ્વ. મણીબેન ડી. પેટલિયા**
અવસાન: ૧૨-૦૬-૧૯૯૮

જિંદગી મળી એ નસીબની વાત છે, મૃત્યુ મળવું એ સમયની વાત છે. મૃત્યુ બાદ પણ સૌના હૃદયમાં સદા જીવતા રહેવું એ જીવનમાં કરેલ કર્મોની વાત છે. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**આપનો પરિવાર**

**થોમાસ ડી. પટેલિયા**
**જ્યોતિકાબેન ટી. પટેલિયા**

**અંકુર ટી. પટેલિયા**
**કવિતા અંકુર પટેલિયા**
**અક્ષ અંકુર પટેલિયા**

**અજય ટી. પટેલિયા**
**હિરલ અજય પટેલિયા**

*એ-૭, સંતરામ સોસાયટી, જય પ્રભુ સોસાયટી સામે,*
*પવનચક્કી રોડ, નડીઆદ - ૩૮૭ ００૨ (મો. ૯૮૨૫૧ ७૯૪૩૩)*

# ધર્મવસુધા

## વડાધર્મગુરુની ટોપીની હરાજી

**વેટિકન :** વેબસાઈટ (catawiki) મારફતે 'સ્કલ કેપ' નામે ઓળખાતી વડાધર્મગુરુ ફ્રાન્સિસની સફેદ ટોપીની જાહેર હરાજી કરવામાં આવી હતી. જેમાંથી ૧૮,૧૯૦ ડોલર (૧૨,૫૯૩ પાઉન્ડ) ઉપજ્યા હતા. વિકસિત દેશોમાં હૃદયની બીમારીવાળા બાળકોના ઈલાજ માટે કાર્યરત સંસ્થામાં, તેમાંથી કેટલાંક નાણાં આપવામાં આવે છે. વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી પ્રમાણે 'ઝૂકેત્તો'નુ લીલામ ધાર્મિક ચીજ વસ્તુઓનું વેચાણ કરતા ફ્રેડરિક જેમીસ દ્વારા કરવામાં આવ્યું હતું. છેલ્લે ૨૦૧૪માં 'ઝૂકેત્તો' ની હરાજી ૭૦,૦૦૦ પાઉન્ડમાં થઈ હતી. હાલમાં કુલ ૩૫,૦૦૦ ની ધારણા સામે અડધા નાણાં જ મળ્યા હતાં!

વડાધર્મગુરુ ફ્રાન્સિસની પાસે એકથી વધારે 'ઝૂકેત્તો' હોવાનું માને છે. વડાધર્મગુરુની મુલાકાતે આવનાર યાત્રીઓ, પૌષ્ય દરજી પાસેથી ખરીદીને, વડાધર્મગુરુને ભેટ આપવાની પરંપરા સંત દસમા પિયુષના શાસન કાળથી જોવા મળે છે, જો કે વડાધર્મગુરુ દરેક વખતે નવી ઝૂકેત્તો સ્વીકાર કરતા નથી. વાસ્તવમાં નવી ટોપી ધારણ કર્યા બાદ, ટોપી ઉતારીને પુરાની ટોપી ફરી પહેરે છે.

- CATHOLICHERALD.COM UK

## ધરતીકંપમાં પણ સુરક્ષિત !

**તારકુઈ (એકવાદોર) :** ૧૬ એપ્રિલ ૨૦૧૬ ના રોજ ૭.૮ સ્કેલના ધરતીકંપે દેશની બૂરી હાલત કરી છે. લીયોની આવિત સ્કૂલ કંમ્પાઉન્ડમાં મકાનો ધ્વસ્ત થઈ ગયાં છે તેમ છતાં વચ્ચે કાચની પેટીમાં 'અવર લેડી ઓફ લાઈટ' (માતા મારિયા) નું પૂતળું ની પ્રતિમા હેમખેમ રહેવા પામી છે!

સેંટ ફ્રાન્સિસ દે સેલ્સનાં સાધ્વી બહેનો અહીં કાર્યરત છે. સિસ્ટર પેટ્રિસિયાએ આ માહિતી આપતાં સુખદ આશ્ચર્ય અનુભવ્યું હતું. કાટમાળ ખસેડતાં ટેકરી (ગ્રોટો) સ્થિત માતા મારિયાની પ્રતિમા અને પ્રીતસંસ્કાર પેટી (ટેબનાક્લ) માં ભગવાન ઈસુ અખંડ રહ્યા હતા. શાળાના પ્રવેશદ્વારે આગળ નાના દેવળમાં પ્રીતસંસ્કાર પેટી હતી.

સાધ્વીબેનો આ વિસ્તારમાં ૧૯૬૦ થી સેવારત છે. તેમના દ્વારા સંચાલિત સ્કૂલમાં ૯૦૦ જેટલા બાળકો અભ્યાસ કરે છે. છેલ્લા ૭૦ વર્ષમાં આ ભૂકંપ ભયંકર હતો. અને તેમ છતાંયે આ ઘટનાએ સાધ્વીબેનો આશા આપી છે.

- CNA

## કટોકટીમાં ખ્રિસ્તીઓ

**મધ્યપૂર્વ (સીરિયા અને ઈરાક) :** 'સોલ્ટ ઓફ ધ અર્થ' ના તાજેતરમાં પ્રકાશિત થયેલા અહેવાલ પ્રમાણે મધ્યપૂર્વના આ દેશોમાં ખ્રિસ્તીઓએ વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે તેમ છતાંયે હાલમાં તેઓ કટોકટીમાં જીવી રહ્યાં છે! કેટલાંક વર્ષ પહેલાં સીરિયાની ૨૨ કરોડ વસ્તીમાં ખ્રિસ્તીઓની સંખ્યા ૮ થી ૧૦ ટકા હતી. જેઓ અગિયાર જેટલા માન્ય સંગઠનના સભ્ય હતા, તેમાંના મોટાભાગના એરેબિક ભાષી હતા, વળી તેમાંના અડધા ઉપરાંત લોકો ગ્રીક ઓર્થોડોક્સ હતા. હવે આ વસ્તીના ૪૦ થી ૫૦ ટકા આંતરયુદ્ધને કારણે સીરિયા છોડી ગયા છે, અહેવાલના જણાવ્યા અનુસાર આ લોકો ભાગ્યે જ પાછા ફરે!

૨૦૦૩ પહેલાં અંદાજે ૧.૫ કરોડ ખ્રિસ્તીઓ ઈરાકમાં વસવાટ કરતા હતા, પણ નાટ્યાત્મક રીતે સંખ્યામાં ઘટાડો થયો છે અને હાલમાં ૨ થી ૫ લાખ લોકો હોવાનો અંદાજ છે. ખ્રિસ્તી અસ્મિતાના પ્રભાવ અંગે અહેવાલ નોંધે છે, 'વર્ષોનો ઈતિહાસ ગવાહ છે કે આ દેશમાં ખ્રિસ્તીધર્મીઓ લઘુમતીમાં હતા તેમ છતાંયે નોંધપાત્ર અસર જોવા મળી છે. હાલમાં ખ્રિસ્તીઓ ચોતરફથી વધતી જતી ઘોંસમા જીવી રહ્યા છે. તેમની શૈક્ષણિક સાંસ્કૃતિક અને આર્થિક પ્રગતિ તેમને સુરક્ષિત રાખવા અસમર્થ છે. ઊંચા 'જીવનમૂલ્ય, સંબંધમાં પ્રમાણિકતા અને કર્તવ્યનિષ્ઠા માટે ખ્રિસ્તીઓ વિશ્વભરમાં જાણીતા છે પણ આ વિશેષ પ્રદાન પણ હાલમાં તેમની સતામણીઓમાં સાંત્વના આપવા નાકામયાબ નીવડ્યું છે.'

- ZENIT.ORG

## દેવાલયના દ્વાર બંધ

**વ્રક્ષહામ ડાયોસીસ (વેલ્સ):** બિશપ પીટર બ્રિન્ગાલે તાજેતરમાં એક પરિપત્ર બહાર પાડીને ધર્મપ્રાંતના ૬૨ દેવળમાંથી ૨૨ દેવળ ચાર વર્ષ દરમિયાન બંધ રહેશે એવી જાહેરાત કરી છે. 'આ નિર્ણય વાંચીને કેટલાકને આઘાત લાગશે. કેટલાક હતાશ થશે તે કોઈને કોઈ કૌભાડનો વહેમ થશે, પણ મારા માટે આ એક પડકાર છે. નવીનીકરણ માટેની આ એક તક છે. ધર્મગુરુઓ અને ધર્મજનોએ હવે નવેસરથી વિચારવું પડશે. આ કટોકટીમાં કેવી રીતે ધર્મવિભાગને જીવંત રાખી શકાય! ઉત્તર વેલ્સમાં ધર્મસભા ખરેખર કેવી રીતે મિશનરી બની શકે છે.'

બિશપશ્રીએ બાકી દેવળમાં રવિવારનો ખ્રિસ્તયજ્ઞ થશે જ તેવી ખાતરી આપતાં ખ્રિસ્તયજ્ઞના સમયને ફેરફારની શક્યતાનો વિચાર કરવા વિનંતી કરી હતી. તેમણે ઉદાર હૈયાથી અને મજબૂત શ્રદ્ધાથી ધર્મસભાને સહયોગ આપવા ધર્મજનોને અનુરોધ કર્યો હતો.

એમ્માઉસના યાત્રીઓ જેમ ભરપૂર શ્રદ્ધાથી વર્તમાન પરિસ્થિતિનો તાગ મેળવવા અને તેમાંથી બહેત્તર રસ્તો મળી આવશે એવી આશાથી આગળ વધવા, ધર્મપ્રાંતના ધર્મજનોએ આગ્રહ કર્યો હતો. દેવળ બંધ કરવા પાછળ ધર્મગુરુઓની અછત, તેડાંનો દુકાળ, કારણ બહાર આવ્યું છે, જો કે ધર્માધ્યક્ષ આશાવાદી છે.

- THE TABLET CO. UK

*પેજ નં. ૫૧ પરથી ચાલુ....*

ઈસુસંઘ સંચાલિત 'ઈન્ડિયન સોશ્યલ ઈન્સ્ટિટ્યૂટ' ન્યુ દિલ્હીએ સાયમન ઓરોનને અન્ય દુષ્કાળ ગ્રસ્ત પ્રદેશ માટે આદર્શ માનવ તરીકે ઓળખ આપી હતી. 'તેમનું કામકાજ નિહાળી અમે સુવિધાઓનો ત્યાગ કરી સમાજસેવા માટે આગળ આવ્યા છીએ.' એમ ઈસુસંઘી ફાધર રણજીત ટિગ્ગાએ જણાવ્યું હતું.

- UCAN

# ધર્મભારતી

## વડાપ્રધાન સાથે મુલાકાત

**ન્યુ દીલ્હી :** કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઇન્ડિયા (CBCI)ના હોદ્દેદારોએ પ્રમુખશ્રી કાર્દિનલ બાસેલિયસ કલીસ અને સાથીગણે તાજેતરમાં ભારતના વડાપ્રધાનની મુલાકાત લીધી હતી. પ્રતિનિધિ મંડળે ભારત અને વેટિકનની અનુકૂળતા પ્રમાણે વડાધર્મગુરુ ફ્રાન્સિસને ભારત પધારવા આમંત્રણ આપવા વિનંતી કરી હતી. વડાપ્રધાને યોગ્ય કરવા ખાતરી આપી હતી. વળી ૪ સપ્ટેમ્બરે, ૨૦૧૬ના રોજ રોમ ખાતે સુધન્ય મધર ટેરેસાના સંતપદની ઘોષણા સમારંભમાં, ભારતના પ્રતિનિધિમંડળની અંગત રીતે આગેવાની કરવા અનુરોધ કર્યો હતો. વડાપ્રધાને આ દિશામાં હકારાત્મક પ્રત્યુત્તર વાળ્યો હતો. અપહૃત ફાધર ટોમની મુક્તિ માટે ભારત સરકારે કરેલા પ્રયાસ માટે આભાર માનતાં વડાપ્રધાને વ્યક્તિગત રીતે રસ દાખવવા આગ્રહ કર્યો હતો. ભારતને આત્મનિર્ભર બનાવવા અને ગ્રામીણ તથા આર્થિક રીતે નબળા વ્યક્તિનું જીવન ધોરણ ઉંચુ લાવવા કરેલા પ્રયત્નનું સ્વાગત કર્યું હતું. બહેત્તર ભારતના નિર્માણ માટે મહત્તમ ભાગીદારી નોંધાવવા મંડળે વડાપ્રધાનને ખાતરી આપી હતી.

- PRESS RELEASE

## ભેદભાવ સામે નારાજગી

**ન્યુ દિલ્હી :** નેશનલ કમિશન ફોર માયનોરીટી એજ્યુકેશન ઇન્સ્ટિટ્યુશન (NCMEI)માં ખ્રિસ્તી પ્રતિનિધિની ખાલી પડેલ જગ્યા ભરવામાં સરકાર ઠાગાઠૈયાં કરે છે, જેને કારણે ખ્રિસ્તી સમાજને નુકસાન થવાની ભીતિ છે એમ પૂર્વ પ્રતિનિધિ સી. જેસ્સી કુરિયને જણાવ્યું હતું. લઘુમતી સમાજમાં શિક્ષણ કાર્યક્રમને પ્રોત્સાહન આપવા ૨૦૦૪ માં સરકારે લઘુમતી આયોગની રચના કરી હતી. હાલમાં અધ્યક્ષ સ્થાન ખાલી છે. વળી ૨૦૧૪ માં લઘુમતીનો દરજ્જો મેળવનાર જૈન સમાજની જગ્યા પણ ભરવામાં આવી નથી. માનવ સંશાધન મંત્રાલય આ દિશામાં યોગ્ય કરે તેવી માંગ ઉઠી છે. ભારતમાં ખ્રિસ્તીઓની વસ્તીઓનું પ્રમાણ ૨.૩ ટકા છે. જે જૈનના પ્રમાણમાં છ ઘણું વધારે છે. બે ઈસ્લાધર્મી અને એક શીખ પ્રતિનિધિત્વવાળા આ આયોગમાં ખ્રિસ્તી પ્રતિનિધિની સત્વરે નિમણૂંક કરે એ સમાજના અને દેશના હિતમાં છે. ભારતમાં બીજી મોટી લઘુમતી તરીકે ખ્રિસ્તી સમુદાય છે. વળી ૩૦, ૦૦૦ થી વધારે શૈક્ષણિક સંસ્થાઓમાં ભારતના ૮૦ લાખથી વધારે બાળકોને શિક્ષણ સેવાના કાર્યમાં તેઓ જોડાયેલા છે ત્યારે તેમની ઉપેક્ષા કરવી ગેરવાજબી છે એમ સિ. કુરિયને પોતાની લાગણી વ્યક્ત કરી હતી.

- MATTERS INDIA

## ગરમીમાં જરૂરિયાતમંદની વહારે

**ન્યુ દીલ્હી :** સમગ્ર દેશમાં ગરમીનો પારો ઝડપથી ઉપર જઈ રહ્યો છે ત્યારે ઓર્થોડોક્સ ચર્ચ દ્વારા દેશની રાજધાનીમાં જરૂરિયાતમંદને સહાયરૂપ બનવા ઠંડાપાણી અને ફળફળાદિનું વિતરણ કેન્દ્ર જનકપુરી વિસ્તારમાં ગરમીથી બચવા અને રાહત આપવા આવું એક કેન્દ્ર તાજેતરમાં શરૂ કર્યું છે, એમ માર ગ્રેગોરિયસે જણાવ્યું હતું. દેશના ઘણા ભાગમાં પારો ૪૫ ડિગ્રી સેલ્સિયસ પાર કરી ગયો છે અનેકે જાન પણ ગુમાવ્યા છે ત્યારે જરૂરિયાતમંદની વહારે જવાનું યોગ્ય લાગ્યું. જો કેન્દ્રની કામગીરી સંતોષકારક જણાશે તો આવાં બીજાં કેન્દ્ર શરૂ કરવાનો તેમનો ઈરાદો છે. 'ધર્મમાં હમેશાં જરૂરિયાતમંદને મદદરૂપ બનવા તત્પર છે. અહીં પણ ઉપરાંત તાજાં ફળ ઉપલબ્ધ છે. જે ભાગ્યે જ બીજે મળે છે.' એમ બાવન વર્ષીય વૃદ્ધે પ્રતિભાવ આપ્યો છે. પેડલ રીક્ષાવાળા રામ અવતાર આ કેન્દ્રને 'ઈશ્વરની કૃપા' માને છે. 'આટલી ગરમીમાં અદના આદમીની ચિંતા કરનાર કોણ ! બીજા અમારી સાથે પશુથી બદત્તર વ્યવહાર કરે છે,' એવું તેમણે ઉમેર્યુ હતું.

- UCAN

## પર્યાવરણ સુરક્ષા માટે પુરસ્કાર

**ન્યુ દિલ્હી :** એંસી વટાવી ગયેલા વયોવૃદ્ધ સાયમન ઓરનને, પર્યાવરણની સુરક્ષા અને જળ સ્ત્રોતના સંગ્રહ માટે ભારતનો ચતુર્થ કક્ષાનો નાગરિક સન્માન પુરસ્કાર પ્રાપ્ત થયો છે. જો કે સાયમન આ બહુમાન માટે સમાજ અધિકારી છે, એમ જણાવી સમાજની ભાગીદારીને આગળ રાખે છે. ભારતના રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુખરજીએ ૧૨ એપ્રિલના રોજ, સંસદ ભવનમાં એક વિશેષ કાર્યક્રમ દરમ્યાન સાયમન ઓરનને પદ્મશ્રી પુરસ્કાર એનાયત કર્યો હતો. જળમાનવ તરીકે જાણતા સાયમન ઓરને ચોથા ધોરણથી ભણવાનું બંધ કર્યું હતું. રાજ્યની રાજધાની નજીકના બેડો વિસ્તારમાં તેમણે ફરી એક વખત હરિયાળી ફેલાવી હતી ! 'હું જે કંઈ કરી શક્યો છું તેમાં સમાજનો સિંહફાળો છે, હું એકલો જ આ પુરસ્કાર કેવી રીતે પોતીકો ગણાવી શકું ! આ સન્માન તો સમાજનું છે', એમ સાયમન ઓરને પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું.

એક બાળક તરીકે તેમણે દુકાળ અને ગરીબીનો મુકાબલો કર્યો હતો. ખેતરોમાં ઊભો પાક બળી જતો જોયો હતો. જીવનનો આધાર છીનવાઈ જતાં પરિવારને સ્થળાંતર કરવું પડ્યું હતું. એ દિવસો હજુ તેમને યાદ છે. ૧૯૬૧ થી તેમણે આ દિશામાં કામ શરૂ કર્યું હતું. લોકોની મદદથી વરસાદી પાણીના સંગ્રહ માટે 'ચેકડેમ' બાંધવાનો આરંભ કર્યો. બેએક વખત ચેકડેમ ધોવાઈ જતાં, ક્રોંક્રિટ ડેમ બાંધવા તેમણે સરકાર પાસે સહાય માગી. વળી આ જ વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવાનું શરૂ કર્યું. સાયમન ઓરનની પહેલને લોકોએ આવકારી, તેઓ પોતાના વિસ્તારમાં પાછા ફર્યા.

ગામલોકોએ બે ચેકડેમ અને પાંચ ખેતતલાવડીનું નિર્માણ કર્યું, જેનાં પાણી નહેર મારફતે ખેતર સુધી પહોંચવા લાગ્યાં. જમીનનું ધોવાણ અટકાવવા તેમણે ગ્રામજનોના સહકારથી તેમણે ૩૦,૦૦૦ જેટલાં ફળાઉ વૃક્ષોનું વાવેતર કર્યું હતું. 'અમે હાડતોડ મહેનત કરી, જેને પરિણામે ૮૫૦ હેક્ટર જમીન નવસાધ્ય બની છે, ૧૬૦૦ પરિવાર ખેતી પર નિર્વાહ કરે છે. હવે અમે રાંચી, જમસેદપુર અને કોલકત્તા સુધી શાકભાજી પહોંચાડીએ છીએ'. એમ સાયમન ઓરનને પોતાના કામ વિશે માહિતી આપી હતી.

*અનુસંધાન પેજ નં. ૫૦ ઉપર*

# ધર્મગુર્જરી

## એક વધુ સાહિત્યક સિદ્ધિ

**અમદાવાદ :** તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમીએ વિવિધ સાહિત્ય પ્રકારોના વર્ષ ૨૦૧૨-૧૩ના જાહેર કરેલ પુરસ્કારોમાં પ્રો. રેમંડ પરમારની અનુવાદિત નવલિકાઓ 'દસ પાશ્ચાત્ય નવલિકાઓ' ને અનુવાદ વિભાગમાં તૃતીય પારિતોષક માટે પસંદગી કરી છે. શુભસંદેશના મૂલ્યોને ઉજાગર કરે એવી દસ શ્રેષ્ઠ નવલિકાઓની રજૂઆત એ આ પુસ્તકની ખાસ વિશેષતા છે. 'ચોથો સુજ્ઞ પુરુષ' (ચોથો માગી રાજા) આનું ઉત્તમ ઉદાહરણ છે.

આ અગાઉ પણ પ્રો. આર.આર. પરમારની નવલકથા 'મૂળિયા અને પાંખો' ને ગુજરાત સાહિત્ય અકાદમીએ ૨૦૦૯ થી ૨૦૧૨ ના સમય ગાળા માટે તૃતીય પારિતોષક આપ્યું હતું. ખ્રિસ્તી ધાર્મિક સાહિત્યમાં પ્રો. આર.આર. પરમારનું અમૂલ્ય પ્રદાન છે. સંપૂર્ણ બાઈબલ ના અનુવાદ તથા આપણી ઉપાસના વિધિઓ અને પરમયજ્ઞ સંહિતાના સર્જન પાછળ તેમનું બહુમૂલ્ય પ્રદાન છે. પ્રો. રેમંડ પરમારને આપણા સહુનાં અભિનંદન.

- રાજેશ ક્રિશ્ચિયન દ્વારા

## શ્રેષ્ઠ કામગીરી માટે પુરસ્કાર

**આણંદ :** સ્કાઉટ એન્ડ ગાઈડ પ્રવૃત્તિસાથેસંકળાયેલાવિદ્યાર્થીએગુરુજનોને શ્રેષ્ઠ કામગીરી માટે દર વર્ષે રાજ્યપાલના હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. આ વર્ષે આઈ. બી. પટેલ પ્રાથમિક શાળા-વિદ્યાનગર માં સેવારત શ્રીમતી એલિસાબેન માથીઆસભાઈને સ્કાઉટ એન્ડ ગાઈડમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ આણંદ જિલ્લામાં કલેક્ટરશ્રી ડો. ધવલકુમાર પટેલના હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. એલિસાબેનને ૨૦૦૧ માં શ્રેષ્ઠ 'વસ્તીગણતરીકાર' તરીકે એવોર્ડ મેળવ્યો છે. વળી ટપાલ ટિકિટ, પ્રથમ દિવસ પોસ્ટ કવર, ચલણી સિક્કા, નગદ નોટ વગેરેના સંગ્રહનો ભારે શોખ તેઓ ધરાવે છે. તદુપરાંત વિવિધ દેશના રાષ્ટ્રધ્વજ, જાતજાતનાં પક્ષીઓનાં પીછાં વગેરે નો અદ્ભૂત સંગ્રહ તેમની પાસે છે. સાંપ્રત વિદ્યાર્થી-ગુરુજનો માટે તેઓ એક આદર્શ અને પ્રેરણાનું કારણ છે.

— વિક્ટર પી. પરમાર દ્વારા

## ધર્મપ્રાંતીય હાકલ શિબિર

**ડેડિયાપાડા :** 'શું આ ઈશ્વરીય હાકલ છે?' 'હાકલની પરખ કેવી રીતે થઈ શકે?' જેવા વિવિધ પ્રશ્ન લઈ, દક્ષિણ ગુજરાતના વિવિધ મિશન કેન્દ્રમાંથી ૫૭ આદિવાસી કિશોર, 'ધર્મપ્રાંતીય હાકલ શિબિર' માટે ૧૩ થી ૧૫ એપ્રિલ સુધી અત્રે એકત્ર થયા હતા. સમયની જરૂર છે, 'વધારે તેડાં, બહેતર હાકલ.' ૯ થી ૧૨ ધોરણમાં અભ્યાસ કરતા આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત કિશોરની સંખ્યા જ પવિત્ર આત્મા કાર્યરત હતા તેનો ઈન્કાર શક્ય નથી. વિવિધ વિષય પર અસંખ્ય બેઠક, જૂથ પ્રવૃત્તિ, મનોરંજન રમતગમત, અભિનય ગીત, દૃશ્ય શ્રાવ્ય રજૂઆત, પ્રેરક ચલચિત્ર અને અન્ય આનંદ પ્રમોદની રમત વગેરે શિબિરનાં આકર્ષણ હતાં. કેટલાંક આદિવાસી પુરોહિતગણની જીવંત સાક્ષીએ હાકલ શિબિરને વધારે અસરકારક અને પ્રેરક બનાવી હતી.

વડોદરા ધર્મપ્રાંતના હાકલ નિયામક ફાધર પોલ ડી' સિલ્વાએ હાકલ શિબિરની લાક્ષણિકતાઓ જણાવી પ્રત્યેકને ઈશ્વરની હાકલનો પ્રત્યુત્તર વાળવા અનુરોધ કર્યો હતો. સાંપ્રત પુરોહિત વર્ગની પાસેથી અપેક્ષાઓ અને પડકારોની જાણકારી પણ તેમણે આપી હતી. 'તેડું એ દિવ્ય હાકલ છે.' એમ જણાવી, પ્રત્યેક માટે પ્રભુનું અનુપમ આયોજન છે એવી જુબાની ફાધર પ્રવિણ વસાવાએ આપી હતી. ફાધર જેસુરાજે જીવનની પસંદગીઓ પર પ્રકાશ ફેંક્યો હતો. 'પસંદગી અને નિર્ણય જીવનનો એક ભાગ છે. ભૂતકાળમાં કરેલા નિર્ણયનું પરિણામ આજ છે. આજે કરેલા પસંદગી-નિર્ણય પર ભાવિનું ઘડતર થશે.' એમ તેમણે ઉમેર્યું હતું. ફાધર જોન રાજે 'પ્રભુનો રાહ' પર વ્યાખ્યાન આપ્યું હતું. 'જો પ્રભુ તને બોલાવતા હોય તો, તેઓ ક્યારેય પદભ્રષ્ટ નહીં કરે.'

ફાધર બાલુ પટેલે હાકલને વ્યક્તિગત તેડું તરીકે ઓળખાવી હતી. પ્રભુની વાડીમાં પ્રેમસેવા દ્વારા કર્મયોગ કરવા પ્રભુ પ્રત્યેકને આમંત્રણ મોકલે છે. ફાધર નોવસા બોરસાએ અંગત સાક્ષી આપી હતી. બ્રધર કૌશિકે વડોદરા ધર્મપ્રાંતનો ઈતિહાસ અને સિદ્ધિઓ રજૂ કરી હતી. બ્રધર દીલીપ વસાવાએ અંગત વાતો કરતાં પ્રાર્થનામાં મંડ્યા રહેવા શીખ આપી હતી. વડોદરા ધર્મપ્રાંતના વિકર જનરલ ફાધર જોયલ પાયસે સમાપન ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. તેમણે કિશોરોને શ્રદ્ધામાં મક્કમ બનવા અનુરોધ કર્યો હતો.

- સૌજન્યઃ બરોડા સ્પોર્ટ્સ લાઈટ મે-૨૦૧૬

## સમર કેમ્પ

**બોચાસણ/કરમસદ :** ઈન્ડિયન કેથોલિક યુથ મુવમેન્ટ (ICYM) અમદાવાદ ધર્મપ્રાંતના નેજા હેઠળ અપર પ્રાયમરી અને સેકન્ડરી- હાયર સેકન્ડરી - કોલેજના વિદ્યાર્થીઓ માટે એપ્રિલ-મે દરમિયાન અનુક્રમે બોચાસણ તથા કરમસદમાં સમર કેમ્પનું સફળ આયોજન ઘર્યું હતું. જેમાં ૨૭૨ (૧૬૫ +૧૦૭) વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં કેથોલિક ઉપરાંત અન્ય ધર્મના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. પ્રત્યેક દિવસની શરૂઆત ખ્રિસ્તયજ્ઞથી થતી અને પૂર્ણાહુતિ સાંજની પ્રાર્થના દ્વારા કરવામાં આવતી હતી. ફાધર લૂઈસ અંગ્રેજી વ્યાકરણ શીખવતા હતા, અન્ય સ્વયંસેવકો, ગુરુજનો તેનું દૃઢિકરણ - પુનરાવર્તન કરતા, વિશેષમાં અંગ્રેજીમાં બોલવાનો મહાવરો મુખ્ય હતો. તદુઉપરાંત વ્યક્તિત્વ ઘડતર, જીવનમૂલ્ય શિક્ષણના પ્રત્યક્ષ પાઠ શીખવવામાં આવ્યા હતા. કેમ્પના દિવસો દરમિયાન રવિવારે માબાપ-વાલીને મળવાનો દિવસ હતો જેમની આગળ વિદ્યાર્થીઓ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમની રજુઆત કરતા, જે વાલી ગણ માટે આનંદનું કારણ હતું. સમાપન કાર્યક્રમ કેમ્પનું ઉત્કૃષ્ઠ નજરાણું હતું. યુથ ડાયરેક્ટર ફાધર સંદિપ મધુકર અને સહયોગીઓની હાડતોડ મહેનતે સમર કેમ્પ, શિબિરાર્થીઓ માટે કાયમી સંભારણું બની રહ્યો.

— માનસી યોગેશભાઈ મહિડા દ્વારા

# દ્વિતીય માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

## સ્વ. કિરીટકુમાર ફ્રાન્સીસ મેકવાન

**જન્મ: ૦૨-૦૯-૧૯૫૬**

**મરણ: ૨૯-૦૩-૨૦૧૬**



વ્હાલા પપ્પા,

શાન આવી ત્યારથી કર્યો પરિશ્રમ,
કાર્યો કર્યાં જીવનમાં સેવાના,
અર્પ્યું જીવન કુટુંબ કાજ,
સૂનું છે ઘર તમારા વિના વ્હાલા પપ્પા,
આપ અમારી મધ્યે નથી છતાં,
આંખો હજી નિહાળે છે તમને,
થાય સ્મરણ તમારું ને આંખો ભરાઈ જાય,
શબ્દો ખૂટે છે અર્પતાં અંજલિ તમને,
પ્રભુ આપના પુણ્યાત્માને 'પરમશાંતિ' અર્પે,
પુનરુતથાનની પ્રભાતે ફરી મળીશું
એજ અંતરની પ્રાર્થના.

**લિ.**
**નિકીતા - જેમ્સ**
**અંકિતા**
**ફ્રાન્સીસ જી. મેકવાન પરિવાર**
**કરમસદ**

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**"પ્રભુમાં શ્રદ્ધા સાથે મરનાર પરમસુખી છે."**



## સ્વ. જોનભાઈ એમ. વાઘેલા

**જન્મઃ ૨૮-૦૧-૧૯૩૫**
**મરણ : ૨૮-૦૬-૨૦૧૫**





આપની અણધારી વિદાયને એક વર્ષ વિતી ગયું પણ હજી અમારું મન માનવા તૈયાર નથી. એવી એક પણ પળ વિતી નથી કે અમે તમને યાદ ન કર્યા હોય અને આંસુ સાર્યાં ન હોય. હજી પણ અમારી આંખો સર્વ કામમાં તમને જ શોધી રહી છે. આપની છાયા હવે ક્યાંય નહીં મળે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ હૃદયપૂર્વકની પ્રાર્થના.

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. જીતાબેન જે. વાઘેલા તથા પરિવાર**
*બેરીઝ એવન્યુ, ચાવડાપુરા, આણંદ*

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવસભર શ્રદ્ધાંજલિ



**સ્વ. જોન બી. વખારિયા**

**આલોકે આગમનઃ ૧૧-૧૧-૧૯૬૪**

**સ્વર્ગધામે પ્રયાણઃ ૦૮-૦૬-૧૯૧૫**

માતાપિતાના લાડકવાયા, પત્નીના પ્રેમાળ પતિ,
ને ત્રણેય સંતાનોના વહાલસોયા પપ્પા...
અમારું જીવનકેન્દ્ર હતા તમે...!
અમારું હૈયું, અમારો ધબકાર, સ્પંદન હતા તમે...!
તમે હતા ઊગતો સૂરજ,
પૃથ્વીની જેમ આસપાસ ફરતા હતા અમે...!

ટૂંકી તમારી જિંદગીમાં,
તમે સદીઓનો લખલૂટ આનંદ આપ્યો...!
સંઘર્ષના નિસ્તેજ સમયમાં, સુખનો પ્રકાશ રેલાવ્યો.

ઉત્સાહ અને સ્મિતથી તમે ક્ષણોને શાશ્વત કરી
પ્રત્યેક દિનને 'પર્વ' તરીકે ઉજવ્યો...

સ્નેહથી સીંચેલા હર્યાભર્યા ઉપવનમાં
મુક્ત-ગાતા પંખીની જેમ અમે વિહર્યા...
જીવનરૂપી બાગનું સુગંધિત પુષ્પ તમે
સંધ્યા થાય તે પહેલાં જ ખરી પડ્યા...

તમારી અણધારી વિદાયને વર્ષ વિત્યું
પણ, કાળજું હજીય કંપે છે,
ઘર વેરાન બન્યું છે, સંસાર સૂનો થઈ ગયો છે.
હસતા ચહેરાવાળી તમારી તસવીર
અમને અપાર રડાવી રહી છે.

તમે જ્યાં હો ત્યાંથી આપના આશિષ
પરિવાર પર વરસતા રહો... એજ ઈચ્છા...

પુનરુત્થાનની પ્રભાત વેળાએ ફરી મળીશું.
પ્રભુ ઈસુ આપના આત્માને દિવ્યશાંતિ,
પરમશાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**લિ. તમારી યાદમાં સતત ઝૂરતો તમારો પરિવાર**
**રીટા, પર્લિન, પ્રાચી, અપૂર્વ**
*'અપૂર્વ' સી/૫, માનસરોવર ડુપ્લેક્ષ,*
*મણિનગર રેલ્વે-સ્ટેશન પાસે, મણિનગર (પૂર્વ) ૩૮૦ ૦૦૮*

PAVAN HRUDAYA DOOT, June, 2016 No. of Pages 56 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2015-17 and LWPP-02. Licensed to post without Prepayment Up to 31.12.2017
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.


# AIMS HOTEL MANAGEMENT COLLEGE




AIMS is a Premier Hotel Management College in Gujarat. AIMS is affiliated to Technical Education Board, Gandhinagar, Government of Gujarat, Sardar Patel University-Vallabh Vidyanagar, Dr.Babasaheb Ambedkar Open University-Ahmedabad for various Hotel Management Courses. AIMS invites admissions in below mentioned courses:

- 03 Yrs.BBA in Hospitality Management
- 03 Yrs.BBA in Hotel Management & Tourism
- 01 Yr. Certi. Course in Front Office Management
- 01 Yr. Certi. Course in House Keeping Operations
- 01 Yr. Certi. Course in Food Production & Pattiserie
- 01 Yr. Certi. Course in Food & Beverage Service Mgt

## Job Placement

Eligibility: Std. 10th & 12th Pass from any Stream

The Oberoi Udaipur and Mumbai-OCLD & OCER, Taj Vivanta Bangalore, Ginger Hotels, Courtyard by Marriot, Sahara Star-Mumbai, Taj Gateway Surat, Sun-n-Sand Pune, Royal Orchid-Ahmedabad, Taj Gateway-Sasangir, Royal Orchid-Baroda, Sarovar Portico-Ahmedabad, The Pride Hotel-Ahmedabad, Sun-n-Sand-Nagpur, Jaypee Palace Hotel & Convention Center-Agra, Jaypee Greens Golf Resorts, Marriot Hotel & Convention Center-Hydrabad, Ramada Hotel-Jaipur, Club Mahindra Holidays & Resorts etc.

## Features

- Qualified and Internationally trained professors
- Modern & well equipped Training Labs
- Smart classrooms and Wi-Fi campus
- Free spoken English classes
- Free Skill Development sessions
- 100% placement record till date
- Located in educational hub of Gujarat - V.V.Nagar
- Separate hostel for boys & girls
- Affordable Fees structure
- Scholarship as per Govt. rules
- Education Loan Assistance
- Free transportation facility ( From Anand Railway station, Bus stand, V.V.Nagar

100% JOB GUARANTEE

• In India (5 star Hotel)
• USA • UK
• MALAYSIA • THAILAND



CHAIRMAN - RAJESH CHAUHAN
DIRECTOR - JASTIN CHAUHAN

**AIMS HOTEL MANAGEMENT**
Vidyanagar - Vadtal Road, Bakrol - 388 315,
Contact : 9879263842, 9574154374, 7698002800, 02692-239246
Office Time : 10 a.m. to 5 p.m.

**All the Courses are approved by Government recognized Universities**


Publisher's & Printer's Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan